દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 41 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન સુદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 18 February 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

ઈન્ટરવલ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગુજરાતમાં હવે નવ નહીં દસ કલાકની નોકરી

## નવી કાનૂની જોગવાઈમાં કામનાં કલાકો, ઓવરટાઈમ મર્યાદા વધારાઈ: સ્ત્રીઓને નાઈટ ડ્યૂટી કરવાની છૂટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર પ્રધાન કુંવરજી બાવળિયા દ્વારા રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમનું સુધારા વિધેયક આજે રજૂ કરવામાં આવ્યું હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું. ગુજરાત દુકાન અને સંસ્થા (સુધારા) વિધેયક વિશે મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા, ધંધો કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવા, વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઇઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઇન રજિસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઇ કરવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ, જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦ થી ઓછા શ્રમયોગીઓ કર્મચારીઓ (જુઓ પાનું ૨) ▶▶


























## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુપ્રીમ કોર્ટનું મોરલ પૉલિસિંગ, લગ્ન પહેલાંના શરીર સંબંધ વ્યક્તિગત બાબત

**ભારતમાં** મોરલ પોલિસિંગ વધી રહ્યું છે અને નૈતિકતાના ઠેકેદારોનો તો રાફડો ફાટી નીકળ્યો છે. રાજકારણીઓ કે જેમના પોતાના બીજા સ્વાર્થ છે એ લોકો મોરલ પોલિસિંગમાં મોખરે હોય છે ને એ સમજી શકાય એવી વાત છે કેમ કે તેના જોરે જ તેમની દુકાન ચાલે છે પણ ન્યાયતંત્ર આ પ્રકારનું મોરલ પોલિસિંગ કરે ત્યારે આઘાત લાગે. સુપ્રીમ કોર્ટે લગ્નનું વચન આપીને બળાત્કાર કરવાના આરોપોને લગતા એક કેસમાં કરેલી ટિપ્પણી સાંભળીને એવી જ લાગણી થઈ.

સુપ્રીમ કોર્ટે બળાત્કારના આરોપો સાથે સંકળાયેલા આ કેસમાં લગ્ન પહેલાંના શારીરિક સંબંધો અંગે આશ્ચર્ય વ્યક્ત કરીને ટિપ્પણી કરી કે, એક છોકરો અને છોકરી લગ્ન પહેલાં શારીરિક સંબંધો કેવી રીતે બાંધી શકે એ જ અમને સમજાતું નથી. મતલબ કે, લગ્ન પહેલાં છોકરા અને છોકરી વચ્ચે શારીરિક સંબંધો ના બંધાવા જોઈએ.

આ કેસમાં મોરલ પોલિસિંગની વાત સાથે બીજી આઘાતજનક વાત પાછી એ છે કે, બળાત્કારના આરોપીએ યુવતી સાથેના શરીર સંબંધનો વીડિયો ઉતાર્યો હતો છતાં સુપ્રીમ કોર્ટે આરોપીના વકીલને યુવતીને વળતર આપીને કોર્ટની બહાર પતાવટ કરવા કહ્યું છે. સુપ્રીમ કોર્ટનાં મેડમના કહેવા પ્રમાણે, આ બધું સંમતિથી થયું છે એ જોતાં આ પ્રકારના કેસ ચલાવવાના જ ના હોય ને કોઈને દોષિત ઠેરવવાના જ ના હોય. જસ્ટિસ નાગરત્નાએ આ કેસમાં સમાધાનની શક્યતા શોધવા માટે વધુ સુનાવણી બુધવાર પર રાખી છે.

સુપ્રીમ કોર્ટનું વલણ આંચકાજનક કઈ રીતે છે એ સમજવા આખા કેસને સમજવો જરૂરી છે. આ કેસમાં બળાત્કારની ફરિયાદ કરનારી યુવતી ૩૦ વર્ષની છે. આ યુવતીનો ૨૦૨૨માં એક મેટ્રિમોનિયલ સાઇટ મારફતે પરિચય થયો, બંને મળ્યાં અને લગ્ન કરવાનું નક્કી કર્યું પણ પછી યુવક ફરી ગયો ને બીજી યુવતી સાથે પરણી ગયો તેથી યુવતીએ બળાત્કારની ફરિયાદ કરી દીધી. યુવતીનો આરોપ છે કે, યુવકે યુવતી સાથે લગ્ન કરવાનું વચન આપીને દિલ્હી અને પછી દુબઈમાં વારંવાર તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

આ યુવકના કહેવાથી યુવતી દુબઈ ગઈ ત્યારે તેની સંમતિ વિના આરોપીએ અશ્લીલ વીડિયો રેકોર્ડ કર્યા હતા. યુવતીએ વિરોધ કરતાં આ વીડિયો વાઈરલ કરવાની ધમકી આપીને ફરી શરીર સંબંધ બાંધ્યા હતા. યુવતી એમ જ માનતી હતી કે, યુવક લગ્ન કરવાનો છે તેથી તેને વાંધો નહોતો પણ પછી યુવતીને જાણ થઈ કે યુવકે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ પંજાબમાં બીજી યુવતી સાથે લગ્ન કરી લીધાં હતાં. યુવતીને ખબર પડી કે, યુવક પોતાને મળ્યો ત્યારે પરણેલો હતો એ વાત પણ છુપાવી હતી અને પરિણીત હોવા છતાં લગ્નનું ખોટું વચન આપીને શરીર સંબંધ બાંધ્યા હતા.

આ વાતની ખબર પડતાં યુવતીએ ફરિયાદ કરતાં યુવકને ઉઠાવીને જેલભેગો કરી દેવાયો. યુવકે જામીન માટે અરજી કરેલી પણ નીચલી અદાલત અને દિલ્હી હાઈ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી. હાઈ કોર્ટે તો સાફ શબ્દોમાં કહેલું કે, આરોપી પહેલેથી જ પરિણીત હતો એ જોતાં તેણે પહેલેથી લગ્નનું ખોટું વચન આપેલું. મતલબ કે, જૂઠું બોલીને યુવતી સાથે છેતરપિંડી કરી હતી. હાઈ કોર્ટનું વલણ યોગ્ય હતું પણ સુપ્રીમ કોર્ટને આ વાત ગમી નથી તેથી તેમણે સમાધાન કરી લેવાનું સૂચન કરી નાખ્યું.

સુપ્રીમ કોર્ટનું આ વલણ પણ આઘાતજનક કહેવાય કેમ કે સુપ્રીમ કોર્ટનું કામ આરોપી દોષિત છે કે નહીં એ નક્કી કરીને સજા આપવાનું છે, સમાધાનો કરાવવાનું નથી. સંપત્તિનો વિવાદ હોય કે બીજી કોઈ દીવાની બાબત હોય તેમાં સુપ્રીમ કોર્ટ સમાધાન માટે આગ્રહ રાખે તો સમજી શકાય કેમ કે તેના કારણે કોર્ટનો અને પક્ષકારોનો પણ સમય અને નાણાં બચી જાય. આ કેસ દીવાની નથી પણ ફોજદારી છે અને બળાત્કારને લગતો છે. બળાત્કાર, હત્યા વગેરે અત્યંત ગંભીર અપરાધો છે ને તેમાં પણ વળતર આપીને સમાધાનો કરાવાય તો પછી કાયદાનો અર્થ શું રહે ? ને કાયદાનો ડર પણ કોને રહે?

આ સંજોગોમાં સુપ્રીમ કોર્ટે આરોપી સામેના પુરાવાને ધ્યાનમાં રાખીને ચુકાદો આપવો જોઈએ, બીજી લપ્પનછપ્પનમાં ના પડવું જોઈએ. બહુ સાદી વાત છે કે યુવતીએ ખોટો કેસ કર્યો હોય તો આરોપીને છોડી મૂકવો જોઈએ ને કેસ સાચો હોય તો સજા કરવી જોઈએ. તેના બદલે સુપ્રીમ કોર્ટ પોતે જ આ સંબધો સંમતિથી બંધાયેલા હોવાનું તારણ કાઢીને સમાધાન કરાવવા મથે છે. સુપ્રીમ કોર્ટે બળજબરીથી અશ્લીલ વીડિયો બનાવ્યા કે ખોટું બોલીને યુવતીને ફસાવી એ વાતને પણ ધ્યાનમાં નથી લીધી એ પણ આશ્ચર્યજનક કહેવાય.

સુપ્રીમ કોર્ટની ટિપ્પણીના કેસમાં તો ડોશી મરી જાય તેના કરતાં વધારે મોટો ડર જમડા ઘર ભાળી જાય તેનો છે. સુપ્રીમ કોર્ટ પોતે બળાત્કારના કેસમાં વળતર આપીને સમાધાન કરાવે પછી તેમાંથી પ્રેરણા લઈને નીચલી અદાલતો પણ એ ધંધો માંડીને બેસી જશે. સુપ્રીમ કોર્ટનું કામ આદર્શ સ્થાપવાનું છે પણ તેના બદલે એ ખોટી પ્રણાલિ સ્થાપિત કરે તેનાં બહુ માઠાં પરિણામ આવે. બળાત્કારના ખોટા કેસ કરીને વળતરના નામે ખંખેરવાનો ધંધો પણ ચાલુ થઈ જાય એ પણ મોટું ભયસ્થાન છે.

સુપ્રીમ કોર્ટનું મોરલ પોલિસિંગ તો વધારે આઘાતજનક કહેવાય. લગ્ન પહેલાં છોકરા અને છોકરી વચ્ચે શરીર સંબંધ ના બંધાવા જોઈએ એ આદર્શ સ્થિતી છે. લગ્ન પહેલાંના શરીર સંબંધોના કારણે સમસ્યાઓ સર્જાતી હોય છે તેનો પણ ઈન્કાર ના થઈ શકે પણ લગ્ન પહેલાંના શારીરિક સંબંધો વ્યક્તિગત બાબત છે અને વધારે મહત્ત્વની વાત એ છે કે, કાનૂની રીતે માન્ય છે. આ દેશમાં લગ્ન પહેલાં શરીર સંબંધ ના બાંધવા જોઈએ એવો કાયદો નથી ને સુપ્રીમ કોર્ટનું તો કામ જ કાયદાનું રક્ષણ ને અમલ કરવાનું છે ત્યારે સુપ્રીમ કોર્ટ લગ્ન પહેલાંના શરીર સંબંધો અંગે આશ્ચર્ય કઈ રીતે વ્યક્ત કરી શકે ? આ દેશના કાયદા પ્રમાણે, છોકરી ૧૮ વર્ષની ને છોકરો ૨૧ વર્ષની ઉમંર વટાવે પછી પુખ્ત ગણાય. તેમને પોતાની મરજીથી વર્તવાનો અધિકાર છે ને તેમાં શરીર સંબંધ પણ આવી ગયા એ જોતાં છોકરો-છોકરી.

મેડમ જસ્ટિસ નાગરત્નાએ પોતે જુનવાણી હોવાનો ઉલ્લેખ કર્યો એ પણ આશ્ચર્યજનક કહેવાય. સુપ્રીમ કોર્ટ કઈ રીતે જુનવાણી કહેવાય ? વ્યક્તિગત રીતે જુનવાણી હોવામાં કશું ખોટું નથી. આ દેશમાં દરેક વ્યક્તિને પોતાની માન્યતાઓ રાખવાનો અધિકાર છે પણ સુપ્રીમ કોર્ટના જજની ખુરશી પર કે બીજા કોઈ પણ જાહેર હોદ્દા પર બેસો પછી વ્યક્તિગત માન્યતાઓને બાજુ પર મૂકીને બંધારણે નક્કી કરેલી ફરજો પ્રમાણે વર્તવાનું હોય, વ્યક્તિગત અભિપ્રાયો કે માન્યતાઓ ના વ્યક્ત કરવાની હોય. ભારતમાં જાહેર જીવનમાં પડેલી મોટા ભાગની વ્યક્તિઓ આ ભેદરેખા સમજતી નથી પણ સુપ્રીમ કોર્ટનાં જજ એ ભેદરેખા ના સમજે એવી આશા નહોતી જ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ/ સૌર વસંતઋતુ પ્રારંભ, બુધવાર, તા. ૧૮-૨-૨૦૨૬, ચંદ્રદર્શન

- ભારતીય દિનાંક ૨૯, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ -૧
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પન્દાર્મદ માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૯મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨જો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૨૧-૧૫ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભમાં (ગ, સ, શ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૧, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૩૬, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૦૧ (તા. ૧૯)
- ઓટઃ સાંજે ક. ૧૮-૩૫, મધ્યરાત્રિ પછી ક. ૦૭-૧૦ (તા. ૧૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન - શુક્લ પ્રતિપદા. ઈષ્ટિ, ચંદ્રદર્શન, મું. ૧૫, મહર્ઘ દક્ષિણ શૃંગોન્નતિ, પંચક, સૂર્ય સાયન મીનમાં રાત્રે ક. ૨૧-૨૩, સૌર વસંતઋતુ પ્રારંભ
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, વરુણ દેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, પરદેશનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, પાટ-અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા-કળશ પતાકા, વસ્ત્ર, આભૂષણ, વાહન, નોકરી, દુકાન, રત્ન, વૃક્ષ વાવવા, ધાન્ય ભરવું, ધાન્ય વેંચવું, પશુ લે-વેંચ.

ફાગણ માસ સંક્ષિપ્તઃ ફાગણ શુક્લ પક્ષમાં સાતમનો ક્ષય, દિવસ-૧૪, કૃષ્ણ પક્ષમાં દસમની વૃદ્ધિ દિવસ-૧૬, એમ કુલ ૩૦ દિવસનો આ માસ છે. ફાગણ પૂનમ તા. ૩જી માર્ચે ખગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે. ફાગણ અમાસનું સૂર્યગ્રહણ નથી. તા. ૧૯મીએ અમાસ અને ગુડીપડવો, ચૈત્રી નવરાત્ર પ્રારંભ એ વિશિષ્ટ પંચાંગ ગણિતયોગ બને છે. આ માસમાં છત્રપતિ શિવાજી જયંતી તા. ૧૯મી, તા. ૨જી માર્ચે હોળી, તા. ૩જી માર્ચે, ધુળેટી, તા. ૨૪ ફેબ્રુઆરીથી ૩ માર્ચ હોળાષ્ટક છે. આ ફાગણ માસમાં મુહૂર્તો લગ્ન ફેબ્રુઆરી તા. ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, માર્ચઃ તા. ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬. ખાતમુહૂર્તઃ માર્ચઃ તા. ૫, ૯, ૧૪, વાસ્તુકળશઃ તા. ૫, ૮, ૧૪, ૧૬, પ્રતિષ્ઠાઃ માર્ચઃ તા. ૫, ૮, ૧૬, ઉપનયન, માર્ચઃ તા. ૫, ૮.

- આચમનઃ શુક્ર-રાહુ યુતિ પ્રેમસંબંધમાં સંભાળવું, ચંદ્ર-રાહુ યુતિ પુરુષાર્થી સ્વભાવ, ચંદ્ર-શુક્ર યુતિ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર-બુધ યુતિ ગપ્પા મારવાની આદત
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-રાહુ યુતિ, ચંદ્ર-રાહુ યુતિ, ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-બુધ યુતિ (તા. ૧૯)
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# સોનિયાની હા હતી પણ રાહુલને લીધે હું સીએમ ન બની શક્યોઃ હિમંતા સરમા

નવી દિલ્હીઃ રાજ્યમાં જ્યારે પક્ષ સત્તા પર હતો ત્યારે મુખ્ય પ્રધાન તરીકે મારી બઢતી રોકવા માટે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી જવાબદાર હતા એવો આક્ષેપ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ કર્યો હતો. શર્માએ દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૪માં કૉંગ્રેસનાં તત્કાલીન પ્રમુખ સોનિયા ગાંધીએ મને શપથગ્રહણ વિધિની તારીખ નક્કી કરી જણાવવાનું કહ્યું હતું, પરંતુ રાહુલ ગાંધીની દખલગીરીને કારણે બાદમાં આ નિર્ણયના અમલને રોકી દેવામાં આવ્યો હતો.

તે વખતે હું વ્યથિત થયો હતો, પરંતુ હવે મને લાગે છે કે જીવનમાં જે થાય છે તે સારા માટે જ થાય છે અને મને ઈશ્વરે મેં ઈચ્છ્યું હતું તેનાં કરતાં પણ ઘણું બધું વધારે આપી દીધું છે.

જો હું કૉંગ્રેસમાં જ રહ્યો હોત તો મને શું મળ્યું હોત?, એમ તેમણે કહ્યું હતું.

વર્ષ ૨૦૧૪માં કૉંગ્રેસના વરિષ્ઠ નેતા તરણ ગોગોઈ રાજ્યનું નેતૃત્વ કરી રહ્યા હતા અને તેઓ સતત ત્રીજી મુદત માટે મુખ્ય પ્રધાન તરીકે સેવા આપી રહ્યા હતા. ગોગોઈના નિકટના સાથીદાર મનાતા શર્માએ ગોગોઈના નેતૃત્વ અંગે અસંતોષ વ્યક્ત કરી પક્ષમાં મોટા આંતરિક ફેરફાર કરવાની માગણી કરી હતી. આ માટે કૉંગ્રેસના મોટાભાગના વિધાનસભ્યોનો ટેકો પણ તેમણે મેળવ્યો હતો. વર્ષ ૨૦૧૫માં કૉંગ્રેસ છોડી શર્મા ભાજપમાં જોડાઈ ગયા હતા.

માર્ચ-એપ્રિલમાં આસામમાં વિધાનસભાની ૧૨૬ બેઠક માટે ચૂંટણી યોજાશે.

હાલ આસામ વિધાનસભામાં ભાજપ ૬૪, સાથીપક્ષ એજીપી, યુપીપીએલ અને બીપીએફ અનુક્રમે નવ, સાત અને ત્રણનું સંખ્યાબળ ધરાવે છે. વિપક્ષમાં કૉંગ્રેસ ૨૬, એઆઈયુડીએફ ૧૫ અને માર્ક્સવાદી પક્ષ એકનું સંખ્યાબળ ધરાવે છે. (એજન્સી)

# મુંબઈના દરિયામાંથી જપ્ત ત્રણ ઑઈલ ટૅન્કર અમારાં નથીઃ ઈરાનની સફાઈ

નવી દિલ્હીઃ અમેરિકા અને ઈરાન વચ્ચે રાજકીય તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકા ઈરાનનાં ગેરકાયદે પેટ્રોલિયમ વેપાર પર રોક લગાવવા પ્રયાસ કરી રહ્યું છે. એમાં અહેવાલ છે કે ભારતે મુંબઈ પાસે દરિયામાં ઈરાન સાથે જોડાયેલા ત્રણ ઑઈલ ટૅન્કર જહાજોને જપ્ત કર્યા છે. જોકે આ જહાજ પોતાના હોવાનું ઇરાને નકાર્યું છે.

ભારતે ગેરકાયદે પેટ્રોલિયમ વેપાર અને શિપ-ટૂ-શિપ કાર્ગો ટ્રાન્સફર પર કાર્યવાહીના ભાગ રૂપે દરિયાઈ ક્ષેત્રમાં દેખરેખ વધારી રહ્યું છે. અહેવાલ મુજબ ભારતના એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોનમાં શંકાસ્પદ ગતિવિધિઓ મળી આવ્યા બાદ ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી, આ દરમ્યાન અમેરિકા દ્વારા પ્રતિબંધિત ત્રણ ઓઈલ ટૅન્કર જહાજોને જપ્ત કરવા આવ્યા છે.

અહેવાલ મુજબ સ્ટેલર રૂબી, એસ્ફાલ્ટ સ્ટાર અને અલ જાફઝિયા નામનાં ત્રણ જહાજ જપ્ત કરવામાં આવ્યા છે. મુંબઈથી લગભગ ૧૦૦ નોટિકલ માઇલ પશ્ચિમમાં આ જહાજોને અટકાવવામાં આવ્યા હતાં. આ જહાજોએ મેરીટાઈમ લો એન્ફોર્સમેન્ટથી છુપાવા માટે વારંવાર ઓળખ બદલવાનો પ્રયાસ કર્યો હતો. વધુ તપાસ માટે જહાજોને મુંબઈ લઈ જવામાં આવ્યા હતા.ભારત સરકારે પણ મુંબઈમાં ટૅન્કરો જપ્ત કર્યા હોવાને પુષ્ટિ કરી છે, પરંતુ આ જહાજો ઈરાન સાથે જોડાયેલા હોવાનો ઉલ્લેખ કર્યો નથી.

ઈરાનના સરકારી મીડિયાએના જણાવ્યા મુજબ નેશનલ ઈરાની ઓઈલ કંપનીઓએ જપ્ત કરાયેલા ટૅન્કરો સાથેના સંબંધનો ઇનકાર કર્યો છે.

નોંધનીય છે કે ભારત અને અમેરિકાના અધિકારીઓ એક ઐતિહાસિક ટ્રેડ ડીલ માટે અંતિમ વાટાઘાટો કરી રહ્યા છે, એવામાં આ કાર્યવાહી મહત્ત્વની માનવામાં આવે છે.

# મમતાએ ચૂંટણી પંચને 'તુઘલકી પંચ' લેખાવ્યું

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મંગળવારે ચૂંટણી પંચને રાજકીય પક્ષ દ્વારા ચલાવવામાં આવી રહેલું 'તુઘલકી પંચ' લેખાવ્યું હતું અને રાજ્યની મતદારયાદીમાં વ્યાપક ગોટાળા કરવામાં આવ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો.

ચૂંટણી પંચ માટે તુઘલકી શબ્દનો પ્રયોગ કરી તેમણે દિલ્હીના એક સમયના સૂલતાન મુહમ્મદ બિન તુઘલકીનો ઉલ્લેખ કર્યો હતો જે તરંગી નિર્ણય લેવા માટે જાણીતો હતો.

પત્રકારો સાથે વાતચીત કરતાં તેમણે કહ્યું હતું કે ભાજપના આઈટી સેલમાં કામ કરતી એક મહિલા કાર્યકર્તાએ એઆઈનો ઉપયોગ કરી બંગાળમાં મતદારયાદીમાંથી ૫૮ લાખ નામ દૂર કર્યાં હતાં.

ચૂંટણી પંચ સુપ્રીમ કોર્ટના આદેશને પડકારી રહ્યું છે અને મતદારોને નિશાન બનાવી રહ્યું છે અને લોકશાહીને ઓછી આંકી રહ્યું છે.

મતદારોનાં નામ હટાવવામાં આવ્યાં હોવા અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે ભાજપના ઈશારે ચૂંટણી પંચ એસઆઈઆર દરમિયાન પશ્ચિમ બંગાળનાં મતદારોનાં નામ મતદારયાદીમાંથી હટાવી રહ્યું છે. ભાજપને સંતુષ્ટ કરવા જ આમ કરવામાં આવી રહ્યું છે એવો આક્ષેપ તેમણે કર્યો હતો. ચૂંટણી પંચ દ્વારા બંગાળના અધિકારીઓને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને અમે તેમની ૧૦૦ ટકા રક્ષા કરીશું, એમ તેમણે કહ્યું હતું. એસઆઈઆરના કામના દબાણને કારણે રાજ્યમાં ૧૬૦ લોકોએ જીવ ગુમાવ્યો છે એવો દાવો તેમણે કર્યો હતો. (એજન્સી)

# આટઆટલા પુરાવા છતાં ટ્રમ્પ કહે છે, મારે એપ્સ્ટીન સાથે કશાંય લેવાદેવા નથી

વોશિંગ્ટનઃ અમેરિકાના કુખ્યાત જાતીય ગુનાના અપરાધી જેફ્રી એપ્સ્ટીન સાથે જોડાયેલી ફાઈલ્સ જાહેર કરવામાં આવતા દુનિયાભરમાં ખળભળાટ મચી ગયો છે. જેફ્રી એપ્સ્ટીનના અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ સાથેના ગાઢ સંબંધો હોવાના અનેક પુરાવા મળી આવ્યા છે, જેનાં કારણે ટ્રમ્પની ભારે ટીકા થઇ રહી છે. એવામાં ટ્રમ્પે ફરી એકવાર એપ્સ્ટીન સાથેના સંબંધોનો ઇનકાર કર્યો છે.

એક નિવેદનમાં ટ્રમ્પે એપ્સ્ટીન સાથેના સંબંધો અંગે કહ્યું કે તેમની પાસે છુપાવવા માટે કંઈ નથી નથી, તેમણે સંપૂર્ણપણે નિર્દોષ હોવાનો દાવો કર્યો. એર ફોર્સ વન પર પત્રકારો સાથેની વાત કરતા ટ્રમ્પે કહ્યું, મારી પાસે છુપાવવા માટે કંઈ નથી. મારે જેફ્રી એપ્સ્ટીન સાથે કોઈ લેવાદેવા નથી.

ટ્રમ્પે કહ્યું હતું કે, એવી આશામાં તાપસ કરવામાં આવી રહી હતી કે મારી સામે પુરાવા મળશે અને તેમને તેનાથી ઊલટું જ કંઇક મળી આવ્યું. મને સંપૂર્ણપણે નિર્દોષ જાહેર કરવામાં આવ્યો છે.

ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે એપ્સ્ટીને તેમના રાજકીય કારકિર્દીને ટેકો આપવાને બદલે, તેમના વિરુદ્ધ કામ કરી રહ્યા હતા. ટ્રમ્પે કહ્યું સાચી વાત તો એ છે કે એપ્સ્ટીન, એક લેખક સાથે મળીને, મને ચૂંટણી જીતવાથી રોકવા માટે પ્રયાસ કરી રહ્યો હતો.

નોંધનીય છે કે અગાઉ ટ્રમ્પ એપ્સ્ટીન સાથે તેના સંબંધો હોવાનો ઉલ્લેખ કરી ચુક્યા છે. ૨૦૦૨ માં ન્યૂ યોર્ક મેગેઝિન સાથેના ઈન્ટરવ્યુમાં, ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ લગભગ ૧૫ વર્ષથી એપ્સ્ટીનને ઓળખે છે, તેઓ પહેલી વાર ૧૯૮૭ની આસપાસ મળ્યા હતા.

ગયા મહિને અમેરિકાના જસ્ટિસ ડીપાર્ટમેન્ટે એપ્સ્ટીને સાથે જોડાયેલી વધુ ફાઇલો જાહેર કરી હતી, લગભગ ત્રીસ લાખથી વધુ ડોક્યુમેન્ટ્સ, ફોટા અને વિડિયો જાહેર કરવામાં આવ્યા.

# એક લીંબુ ૧૩,૦૦૦ રૂપિયામાં લિલામ થયું

ઇરોડ (તમિલનાડુ): આ જિલ્લાના પઝમથિન્ની કરુપ્પા એશ્વરન મંદિરમાં મહા શિવરાત્રિ ઉજવણીના ભાગરૂપે યોજાયેલી હરાજીમાં એક લીંબુ ૧૩,૦૦૦ રૂપિયામાં વેચાયું હતું, તેવું અધિકારીઓએ જણાવ્યું હતું.

વિલાક્કેઠી ગામ નજીક પુડુ અન્નામલાઈ પલયમસ્થિત મંદિરે સોમવારે સાંજે ૬થી ૮.૩૦ વાગ્યા દરમિયાન ખાસ પૂજા કરી હતી, જેમાં હજારો ભક્તો જોડાયા હતા.

ધાર્મિક વિધિઓ પછી, એક ચાંદીની વીંટી, એક ચાંદીનો સિક્કો અને એક લીંબુ જે પ્રમુખ દેવતાને ધરાવેલું હતું તે હરાજી માટે મૂકવામાં આવ્યું.

વડુગપટ્ટી ગામના વિશ્વનાથને ૧૩,૦૦૦ રૂપિયાની બોલી લગાવીને લીંબુ ખરીદ્યું હતું.

હરાજીમાં પરમશિવમ નામના એક રહેવાસીએ ૩૩,૦૦૦ રૂપિયામાં ચાંદીની વીંટી ખરીદી, જ્યારે ચાંદીનો સિક્કો અથપ્પાપલયમ ગામના દુરાઈને ૪૩,૦૦૦ રૂપિયામાં મળ્યો.

મંદિરના આયોજકોએ જણાવ્યું હતું કે હરાજીમાંથી મળેલી રકમનો ઉપયોગ મંદિરના વિકાસ અને વિશેષ પૂજા માટે કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે વાર્ષિક હરાજીમાં ભક્તો સતત ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

# વકીલો દ્વારા એઆઈના વધતા ઉપયોગથી સુપ્રીમ કોર્ટ ચિંતિત

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે મંગળવારે દયા વિરુદ્ધ માનવજાત જેવા અસ્તિત્વમાં ન હોય તેવા ચુકાદાઓ ધરાવતા એઆઇ ટૂલ્સનો ઉપયોગ કરીને અરજીઓ દાખલ કરવાના વકીલોના વધતા વલણ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ બી.વી. નાગરત્ના અને જોયમલ્યા બાગચીની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે અમને એ વાતનો ભય છે કે કેટલાક વકીલોએ અરજીઓ તૈયાર કરવા માટે એઆઇનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. તે બિલકુલ બિનજરૂરી છે.

રાજકીય ભાષણો પર માર્ગદર્શિકા માંગતી શિક્ષણવિદ રૂપ રેખા વર્મા દ્વારા દાખલ કરાયેલી પીઆઈએલની સુનાવણી કરતી વખતે બેન્ચે આ અવલોકનો કર્યા હતા.

ન્યાયાધીશ નાગરત્નાએ કહ્યું કે તેમને તાજેતરમાં દયા વિરુદ્ધ માનવજાત નામનો એક અસ્તિત્વમાં ન હોય તેવો સંદર્ભ મળ્યો છે.મુખ્ય ન્યાયાધીશએ સમાન ઉદાહરણનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ન્યાયાધીશ દીપંકર દત્તાની કોર્ટમાં, એક નહીં પરંતુ આવા ચુકાદાઓની શ્રેણી ટાંકવામાં આવી હતી.

ન્યાયાધીશ નાગરત્ને જણાવ્યું હતું કે ક્યારેક, ઉલ્લેખિત ચુકાદાઓ સાચા હોય છે, પરંતુ તે ચુકાદાઓ સાથે ખોટા અવતરણો જોડવામાં આવે છે, જેના કારણે સામગ્રીની ચકાસણી કરવી ખૂબ મુશ્કેલ બને છે. તે ન્યાયાધીશો પર વધારાનો બોજ બનાવે છે.

દરમિયાન, ન્યાયાધીશ બાગચીએ કાનૂની મુસદ્દા તૈયાર કરવાની કળામાં ઘટાડા પર શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે ઘણી ખાસ રજા અરજીઓમાં મોટાભાગે અગાઉના ચુકાદાઓમાંથી લાંબા અવતરણો હોય છે, જેમાં કાનૂની આધારોની મૂળ રજૂઆત ઓછી હોય છે.

# અમેરિકામાં આઈસ હૉકી મૅચમાં ફાયરિંગ, બેનાં મોત

વોશિંગ્ટનઃ અમેરિકાના ર્‌હોડ આઈલેન્ડ રાજ્યમાં ફરી એકવાર અંધાધૂંધ ગોળીબારની ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આઈસ હોકી મેચ દરમિયાન અચાનક થયેલા ગોળીબારમાં બે લોકોના મોત નીપજ્યા છે, જ્યારે હુમલાખોરે પોતે પણ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હોવાના અહેવાલ છે.

અહેવાલ મુજબ, પોલીસે મીડિયાને જણાવ્યું હતું કે આ હિંસક ઘટનામાં અન્ય ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ છે, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસના પ્રાથમિક અનુમાન મુજબ, આ કોઈ આકસ્મિક હુમલો નહીં પરંતુ ચોક્કસ લક્ષ્ય નક્કી કરીને કરાયેલી ગોળીબારની ઘટના છે. આની પાછળ કદાચ કૌટુંબિક વિવાદ કારણભૂત હોઈ શકે છે. મૃતકોની ચોક્કસ ઉંમર હજુ જાહેર કરવામાં આવી નથી, પરંતુ તેઓ પુખ્ત વયના હોવાનું જણાય છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો ફૂટેજમાં ગોળીબારના અવાજો વચ્ચે ખેલાડીઓ પોતાનો જીવ બચાવવા મેદાનમાં દોડતા જોઈ શકાય છે, જ્યારે પ્રેક્ષકોમાં પણ ભારે નાસભાગ મચી ગઈ હતી.

# જીનિવામાં રશિયા અને યુક્રેન વચ્ચે વાટાઘાટો

જીનિવાઃ રશિયાના તેના પાડોશી યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણને ચાર વર્ષ પુરા થાય એના એક અઠવાડિયા પહેલા, મંગળવારે મોસ્કો અને કીવના પ્રતિનિધિમંડળ અમેરિકાની મધ્યસ્થીથી શાંતિ વાટાઘાટોના બીજા રાઉન્ડ માટે જીનિવામાં આવ્યા હતા.

જોકે, જીનિવામાં કોઈ સફળતાની અપેક્ષા ઓછી છે, અમેરિકાએ સમાધાન માટે જૂનની સમયમર્યાદા નક્કી કરી હોવા છતાં, મુખ્ય પ્રાદેશિક મુદ્દાઓ અને ભવિષ્યની સુરક્ષા ગેરંટીઓ પર બંને પક્ષ પોતાના વલણથી પાછળ હટવા માટે તૈયાર નથી.

યુક્રેનના પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે તેમની સરકારનું પ્રતિનિધિમંડળ સ્વિટ્ઝર્લેન્ડમાં છે અને રશિયન રાજ્ય સમાચાર એજન્સી તાસે જણાવ્યું હતું કે રશિયન પ્રતિનિધિમંડળ પણ આવી ગયું છે. વાટાઘાટો બે દિવસ સુધી ચાલશે. યુક્રેનના કબજા હેઠળના યુક્રેનિયન પ્રદેશના ભવિષ્ય પર ચર્ચા ખાસ કરીને મુશ્કેલ રહેવાની અપેક્ષા છે કારણ કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના રાજદૂત, સ્ટીવ વિટકોફ અને જમાઈ જેરેડ કુશનર, પ્રતિનિધિમંડળો સાથે બેસે છે, તેવું સૂત્રોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

## ગુજરાતમાં હવે

કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી, પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના લીધે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટ-અપ્સને આગળ વધવામાં વેગ મળશે.

બાવળીયાએ કહ્યું હતું કે, સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ, આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદામાં ૯ કલાકથી વધીને ૧૦ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ ૫ કલાકથી વધીને ૬ કલાક કરવામાં આવી છે.

આ ઉપરાંત ઓવરટાઇમ કામ કરવાની મહત્તમ મર્યાદા, ત્રણ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી, જે હવેના સુધારામાં વધારીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે, જેનાથી ઉત્પાદકતામાં વધારો થશે. ઉત્પાદકતામાં વધારો થવાથી દુકાનદારોના નફામાં વધારો થતાં, શ્રમયોગીઓની નફામાં સહભાગિતા વધશે અને તેમની આર્થિક સુખાકારીમાં વધારો થશે.

પ્રધાને કહ્યું હતું કે, આજના આધુનિક સમયમાં દેશના આર્થિક વિકાસમાં મહિલાઓનું પ્રદાન ઝડપભેર વધી રહ્યું છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ, રાત્રિ ઘોડિયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસ સ્થાન સુધી તેમને લાવવા-લઇ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા શ્રમયોગીને રાત્રિના ૯ કલાકથી સવારના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે. આમ, કામના સ્થળ પર મહિલાની ગરિમા, સુરક્ષા અને સલામતી જળવાઇ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઇ રાજ્ય સરકારે આ કાયદામાં કરી છે.

ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસની દિશામાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે, તેમ જણાવતા બાવળીયાએ કહ્યું હતું કે, આજના આધુનિક સમયની માગ મુજબ અને ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ અંતર્ગત તેમજ રાજ્યની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરિસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલિકો તથા પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯માં સુધારો કરવા અંગેનું વિધેયક લાવવામાં આવ્યું છે.

# મુંબઈ સમાચાર

# માતૃભાષા ભાગવત સપ્તાહ



શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

SKYLINE INFRA FORGE



શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

gandhar Group of Companies

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂનાં અખબાર
'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

મુંબઈ શહેરમાં જીવતી-જાગતી માતૃભાષાઓનું રક્ષણ અને સંવર્ધન

કદંબ કેરી ડાળો બોલે શ્રી કૃષ્ણ શરણં મમઃ
યમુના કેરી પાળો બોલે શ્રી કૃષ્ણ શરણં મમઃ

ભારતની સર્વ ભાષાઓના અતિલબ્ધપ્રતિષ્ઠિત સર્જકોની ૧૫૧ પ્રતિકાત્મક પોથીઓ...

ભારતના લોકલાડીલા વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી,
ગૃહ પ્રધાન શ્રી અમિતભાઈ શાહ,
મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસ,
ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી યોગી આદિત્યનાથજી,
પરમપૂજ્ય શંકરાચાર્યજી અને અન્ય રાષ્ટ્રીય સંતોને આમંત્રણ.

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી રાખીએ – સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.


દરરોજ સાંજે ૭.૦૦થી ૧૦.૦૦ સાહિત્ય-સંગીત-વિચારમંચ
અને અન્ય કાર્યક્રમો આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કલાકારો દ્વારા

શ્રીમદ્‌ ભાગવતના દરેક હૃદયસ્થ કથાકાર
પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી દ્વારા

**તા. ૨ એપ્રિલથી ૮ એપ્રિલ**
**સવારે ૯.૩૦થી ૧૨.૩૦**

સનાતન નગરીઃ સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ, બોરીવલી [પશ્ચિમ]

હે કરુણાના કરનારા! તારી કરુણાનો કોઈ પાર નથી.



**પોથી યજમાન તેમજ ભાગવત સપ્તાહના પવિત્ર ઉત્સવોની અન્ય સેવા માટે નોંધણી ૪ માર્ચથી શરૂ**

સંપર્ક અંગેની વિગત માટે
જોતા રહો
મુંબઈ સમાચાર

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## ગોરેગાંવ (વેસ્ટ)માં વિરાટ પુસ્તક મેળો

ગુજરાતી ભાષા અને સાહિત્યના પ્રસાર માટે વિરાટ પુસ્તક મેળાનું આયોજન ગોરેગાંવ (વેસ્ટ)ના સરદાર પટેલ ભવન, (જવાહર નગર હોલ, સિટી મોલની સામે) ખાતે કરવામાં આવ્યું છે. જાણીતા પ્રકાશક એન. એમ. ઠક્કરની કંપનીએ જવાહર નગર કો. હા. સોસાયટીના સહયોગથી આ વિરાટ પુસ્તક મેળાનું આયોજન કર્યું છે. આ પુસ્તક મેળાનું ઉદ્ઘાટન કવિ અને સાહિત્યકાર ઉદયન ઠક્કર તા. ૨૧-૨-૨૬ના સવારે ૧૧ વાગે કરશે. આ પુસ્તક મેળો તા. ૩-૩-૨૬ સુધી દરરોજ સવારે ૧૧ થી રાત્રે ૮ સુધી ચાલુ રહેશે. આ મેળામાં ગુજરાતી ભાષાના તમામ પ્રકાશકો અને લેખકોના વિવિધ વિષયોના પુસ્તકો ઉપલબ્ધ થશે.

## કહેવાતો, રૂઢિપ્રયોગો અને ઉખાણાંની રમૂજી પ્રતિયોગિતા

ગુજરાતી વિચાર મંચ અને અસ્મિતા ગુજરાતી મુલુંડ, શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ઘાટકોપરનાં સહયોગથી રજૂ કરે છે. વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે કહેવતો, રૂઢિપ્રયોગો અને ઉખાણાંની રમૂજી પ્રતિયોગિતા. સ્થળઃ શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, જોષી લેન, ઘાટકોપર. તારીખ ૨૧ ફેબ્રુઆરી, શનિવાર. સમય સાંજે ૫ કલાકે. કાર્યક્રમ સમયસર શરૂ થશે. આપનાં ભાષા/સાહિત્ય પ્રેમીઓને આ સંદેશ મોકલવા વિનંતી. પ્રવેશ વિનામૂલ્યે

# સિવિલ સર્વિસની IAS, IPS, IRS, IFS પરીક્ષા

## યુવક યુવતીઓને કસ્ટમ્સ, ઈન્કમટેક્સ, GST કમિશનર બનવાની તક

મુંબઈઃ કેન્દ્ર કે રાજ્ય સરકારના અતિ મહત્વના હોદ્દાઓ જેવા કે IAS, IPS, IFS, કેન્દ્ર સરકારના રેવન્યુ વિભાગ IRS - જેવાકે કસ્ટમ્સ, ઇન્કમટેક્સ, GST તથા બીજા લબ્ધપ્રતિષ્ઠિત વિભાગો જેવા કે, ઊN-FORCEMENT DIRECTORATE-ED, CBI, DRI વગેરે વિભાગોમાં ઓફિસર તરીકે, આપણા ગુજરાતી અધિકારીઓ નહિવત છે. IAS IPS પરીક્ષાની તૈયારી કરવાથી Customs, Income Tax, GST, CBI, DRI, ED Enforcement Directorate, બેન્કિંગ, ઇન્સ્યોરન્સ, રેલવે, ડિફેન્સ તથા વ્યવસાય લક્ષી પરીક્ષાઓ જેવી કે MBA, LLB, CA, CS, ICWA, LLB કરવાની CLAT, હોટેલ મેનેજમેન્ટની, વિદેશ ભણવા જવા માટેની વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ લેવા માટેની સ્પર્ધા પરીક્ષાની પણ તૈયારી થઈ જાય છે, કારણ કે આ બધા અભ્યાસક્રમોમાં એડમીશન લેવા માટે ની પરીક્ષાઓ અને સિવિલ સર્વિસ IAS પરીક્ષાના વિષયો, અભ્યાસક્રમ અને પરીક્ષા પદ્ધતિ એક સરખી જ છે. એટલે એક પરીક્ષાની તૈયારી કરવાથી બધી પરીક્ષાઓની લગભગ પૂરેપૂરી તૈયારી થઈ જાય છે

શૈક્ષણિક લાયકાતઃ- કોઇપણ ડિગ્રી, બીએ, બીકોમ, બીએસસી, બીએમએસ, બીબીઆઈ, બીઈ, બીટેક કે કોઈપણ ડિગ્રી ધરાવનાર અથવા આ વર્ષે 2026 માં ટીવાયની પરીક્ષા આપનાર અરજી કરી શકે છે. ડિગ્રીમાં ટકાવારીની પણ જરૂર નથી. યુવક, યુવતીઓ, સિવિલ સર્વિસની પરીક્ષા આપીને IAS, IPS, IRS, IFS તથા CBI વિભાગમાં ઓફિસર બની શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ 24/02/2026 છે.

સિવિલ સર્વિસ પરીક્ષાની વધારે માહિતી, માર્ગદર્શન માટે દરરોજ ૪ વાગે નિઃશુલ્ક માર્ગદર્શન શિબિર રાખવામાં આવેલ છે. અરજી કરવા, પાસપોર્ટ ફોટા અને આધાર કાર્ડ સાથે સંપર્ક કરવો.

વ્રજ પટેલ, મહર્ષિ દયાનંદ ફાઉન્ડેશન IAS Academy, પામ વ્યુ, ''એ'' વિંગ, પહેલા માળે, સ્વામિનારાયણ મંદિર પાસે, લખમશી નપ્પુ રોડ, દાદર (પૂર્વ), મુંબઈ ૧૪.

# તારાપુર એટોમિક પાવર સ્ટેશનના યુનિટ-૧ને પાવર ગ્રીડનું સફળ પુનઃજોડાણઃ એનપીસીઆઇએલ

પાલઘરઃ ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (એનપીસીઆઈએલ) એ એક સીમાચિહ્નરૂપ લાઇફ-એક્સ્ટેંશન પ્રોગ્રામ બાદ તારાપુર એટોમિક પાવર સ્ટેશનના યુનિટ-૧ (ટીએપીએસ-૧) ને પાવર ગ્રીડ સાથે સફળ પુનઃજોડાણની જાહેરાત કરી છે.

એનપીસીઆઇએલ એ સોમવારે જણાવ્યું હતું કે, આ સિદ્ધિ દેશના સૌથી જૂના પરમાણુ સુવિધા માટે એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે, જે લાંબા ગાળાની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે વ્યાપક નવીનીકરણ અને આધુનિકીકરણમાંથી પસાર થયું છે. એનપીસીઆઇએલ દ્વારા જારી કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે લાઈફ-ઍક્સટેંશન પ્રવૃત્તિઓ કડક નિયમનકારી દેખરેખ હેઠળ ચલાવવામાં આવી હતી અને વૈશ્વિક પરમાણુ સલામતી ધોરણો સાથે સુસંગત હતી.

આ રિએક્ટરમાં આવું જટિલ કામ એનપીસીઆઇએલ ની એન્જિનિયરિંગ શ્રેષ્ઠતા અને મજબૂત નવીનીકરણ અને આધુનિકીકરણ ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે, એમ તેમાં નોંધ્યું હતું કે ટીએપીએસ-૧ અને તેના જોડિયા યુનિટ-૨ હાલમાં વૈશ્વિક સ્તરે કાર્યરત સૌથી જૂના રિએક્ટર છે.

એનપીસીઆઇએલ એ પણ પુષ્ટિ કરી હતી કે યુનિટ-૨ માટે સમાન નવીનીકરણ પ્રવૃત્તિઓ પૂર્ણતાના તબક્કામાં છે. બીજા યુનિટને ટૂંક સમયમાં ગ્રીડ સાથે ફરીથી કનેક્ટ કરવાની અપેક્ષા છે. ૧૯૬૯માં કાર્યરત થયેલા, ટીએપીએસ ૧ અને ૨ ભૂતપૂર્વ સોવિયેત યુનિયનની બહાર એશિયાના પ્રથમ પરમાણુ ઉર્જા રિએક્ટર હતા. પાંચ દાયકાથી વધુ સમયની સેવા દરમિયાન, આ જોડિયા એકમોએઃ ૧,૦૦,૦૦૦ મિલિયન યુનિટથી વધુ વીજળી ઉત્પન્ન કરી છે, એમ નિવેદનમાં જણાવાયું છે.

# થાણે, કલવા, ઐરોલીમાં ટ્રાફિક જૅમઃ નવી મુંબઈ જતા નોકરિયાતો હેરાન

થાણેઃ નવી મુંબઈના પટણી વિસ્તારમાં મધરાતે થયેલા અકસ્માતને કારણે મંગળવારે થાણે-બેલાપુર રૂટ પરનો ટ્રાફિક લગભગ ઠપ્પ થઈ ગયો હતો. નવી મુંબઈના પટણી વિસ્તારમાં થાણેના વિટાવા, કલવા અને સાકેત રોડ સુધી વાહનોની લાંબી કતારો લાગી હતી. આ ટ્રાફિક જામને કારણે નવી મુંબઈ તરફ નીકળેલા મુસાફરોની હાલત કફોડી થઈ હતી. વહેલી સવારથી જ આ ટ્રાફિક જામ યથાવત હોવાથી નાગરિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. નવી મુંબઈથી થાણે તરફ જતા વાહનચાલકોને પણ ટ્રાફિક જામ નડ્યો હતો. થાણેથી નવી મુંબઈ તરફ જતું એક વાહન મધરાતે પટણી નજીક ડિવાઈડર સાથે અથડાયું હતું. વાહન ઓવરવેઈટ હોવાને કારણે અને ટ્રાફિકની સતત અવરજવરને લીધે આ વાહનને ખસેડી શકાયું ન હતું. તેની સીધી અસર ટ્રાફિક વ્યવસ્થા પર પડી હતી. પટણી, વિટાવા, કલવા બ્રિજ, ખારેગાંવ રોડ, સાકેત રોડ અને કોર્ટ નાકા વિસ્તારોમાં ભારે ટ્રાફિક જામ થયો હતો. સવારે ૯.૩૦ વાગ્યા પછી પણ ટ્રાફિક જામની સ્થિતિમાં કોઈ સુધારો થયો ન હતો.

ડ્રાઇવરોને માત્ર ૧૫ મિનિટનું અંતર કાપવામાં લગભગ એક કલાકનો સમય લાગી રહ્યો હતો. ઘણી બસો પણ જામમાં ફસાઈ ગઈ હતી.

# ક્લાઈમેટ ચેન્જઃ કડક હાથે કામ લેવા ફડણવીસનો આગ્રહ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે ક્લાઈમેટ ચેન્જ - આબોહવા પરિવર્તનને શાસન સામેનો પડકાર ગણાવી ચેતવણી આપી હતી કે મુંબઈ જેવા દરિયાકાંઠાના શહેરો હવે ખૂબ ગરમી અને ખૂબ ઠંડી જેવી હવામાનની તીવ્ર પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યા છે.

નાગરિક-આગેવાની હેઠળના આબોહવા પરિષદ, મુંબઈ ક્લાઈમેટ વીક (એમસીડબલ્યુ) ના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા ફડણવીસે આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે મજબૂત અમલીકરણ, રોકાણ અને વૈશ્વિક ભાગીદારી માટે હાકલ કરી હતી. મુખ્ય પ્રધાનએ ત્રણ દિવસના એમસીડબલ્યુ કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું, જેમાં કોન્ફરન્સ, વર્કશોપ, કેસ સ્ટડી અને ચર્ચાઓનો સમાવેશ થશે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે મુંબઈ જેવા દરિયાકાંઠાના શહેરો આબોહવા પરિવર્તનની સીધી અસરોનો સામનો કરી રહ્યા છે. ધોધમાર વરસાદ, કાળઝાળ ગરમી અને કમોસમી વરસાદનો સમાવેશ થાય છે જે સામાન્ય જીવનને અસ્તવ્યસ્ત કરે છે. મુખ્ય પ્રધાનએ એમ પણ જણાવ્યું હતું કે ભારત આર્થિક વિકાસ અને પર્યાવરણીય જવાબદારી વચ્ચે સંતુલન જાળવીને નવીનીકરણીય ઉર્જા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. મહારાષ્ટ્ર ૨૦૩૦ સુધીમાં ગ્રીન એનર્જીમાં ૫૦ ટકાથી વધુ હિસ્સો મેળવવા માટે કામ કરી રહ્યું છે. ક્લાઈમેટ ચેન્જ માટે લેવામાં આવનારા પગલાંથી કેવળ નિયમ પાલન નહીં થાય પરંતુ રોકાણ, સ્પર્ધાત્મકતા અને રોજગાર સર્જન માટેની તક પણ છે.

છેલ્લા પાનાનું ચાલુ

### કલ્યાણ-ડોંબિવલી

વચ્ચે બસ સર્વિસ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. કેડીએમસી ૪૦ જણ બેસી શકે એવી બે બસ સાથે સર્વિસ શરૂ કરવાની યોજના ધરાવે છે. આ બસ બંને દિશામાં મહત્તમ આવનજાવનના સમયમાં ચાર ફેરા કરશે. દરમિયાન ટીએમસીને કેન્દ્રની પીએમ ઈ - બસ સેવા યોજના હેઠળ ૩૦૩ ઇલેક્ટ્રિક બસ ટૂંક સમયમાં મળી જશે. એમાંથી કેટલીક બસ થાણે-ડોમ્બિવલી રૂટ પર તહેનાત કરવામાં આવશે.

૧૧ ફેબ્રુઆરીએ સોહમ કથારે ભરચક ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો ત્યારે ચાલતી ટ્રેનના ફૂટબોર્ડ પરથી પડી ગયા બાદ તેનું મૃત્યુ થયું હતું. અગાઉ ૩૧ જાન્યુઆરીએ બદલાપુર રેલવે સ્ટેશન પર સવારની ભીડ વખતે ૨૮ વર્ષની ચેતના દેવરુખકર પણ ભીડવાળી લોકલ ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ પામી હતી.

### મેક્રોનનું

ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે. રાષ્ટ્રપતિ મેક્રોન ૧૭ થી ૧૯ ફેબ્રુઆરી સુધી ભારતની સત્તાવાર મુલાકાતે છે, જ્યાં તેઓ ભારત દ્વારા આયોજિત એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેશે, તેમજ મુંબઈમાં દ્વિપક્ષીય સમિટ યોજશે.

રાષ્ટ્રપતિ મેક્રોનની ભારતની આચોથી અને મુંબઈની પહેલી મુલાકાત છે. મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈ એરપોર્ટ પર ફ્રેન્ચ નેતાનું સ્વાગત કર્યું હતું. (પીટીઆઈ)

### રોહિત શેટ્ટીના

પરના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પોલીસે તપાસ્યાં હતાં. આરોપી વિલેપાર્લેથી કલ્યાણ ગયો હતો અને ત્યાંથી ટ્રેનમાં યુપી રવાના થયો હતો. આ સમય દરમિયાન તેણે સતત માસ્ક પહેરી રાખ્યું હતું, પરંતુ કલ્યાણ સ્ટેશન નજીક તેણે કદાચ ગરમીને કારણે થોડી ક્ષણ માટે માસ્ક કાઢ્યું હતું. એ સમયે તેને ખયાલ નહીં હોય કે સામે સીસીટીવી કૅમેરા લાગ્યો છે. એ કૅમેરામાં જ શૂટરનો ચહેરો સ્પષ્ટ નજરે પડતો હતો. બાદમાં એ ફૂટેજને આધારે ઓળખ મેળવી પોલીસે તેને પકડી પાડ્યો હતો.

દરમિયાન આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાએ અગાઉ પુણેથી પાંચ આરોપી આદિત્ય ગાયકી (૧૯), સિદ્ધાર્થ યેનપુરે (૨૦), સમર્થ પોમાજી (૧૮), સ્વપ્નિલ સકટ (૨૩) અને આસારામ ફાસલે (૪૨)ની ધરપકડ કરી હતી. કોર્ટે પાંચેય આરોપીને ૧૭ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. કસ્ટડી પૂરી થતી હોવાથી પાંચેય આરોપીને મંગળવારે ફરી વિશેષ એમસીઓસીએ કોર્ટમાં હાજર કરાયા હતા. કોર્ટે તેમની કસ્ટડી છ દિવસ વધારી હતી. આ કેસમાં પોલીસે યુપી અને હરિયાણા એસટીએફની મદદથી શૂટર દીપક શર્મા સહિત સાત આરોપીની રવિવારે ધરપકડ કરતાં અત્યાર સુધી ધરપકડ કરાયેલા આરોપીઓની સંખ્યા ૧૨ પર પહોંચી હતી. કોર્ટે તેમને પચીસ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં રાખવાનો આદેશ આપ્યો છે. આ આરોપી અને પુણેથી પકડાયેલા પાંચેય આરોપીની સાથે પૂછપરછની જરૂર હોવાનું પોલીસ દ્વારા કોર્ટમાં જણાવાયું હતું. ગુનામાં આર્થિક લેવડદેવડ અને સ્કૂટરના થયેલા ઉપયોગ બાબતે પોલીસ આરોપીની સાથે પૂછપરછ કરવા માગે છે. જોકે બચાવ પક્ષના વકીલ અજિંક્ય મિરગલે આ અરજીનો વિરોધ કર્યો હતો અને તપાસ એજન્સીને પૂછપરછ માટે પૂરતો સમય મળ્યો હોવાનું કહ્યું હતું. ગુનામાં થયેલા આર્થિક વ્યવહાર શોધી કાઢવા માટે આરોપીઓની કસ્ટડીની જરૂર નથી, કારણ કે તેમના મોબાઈલ ફોન પણ પોલીસે જપ્ત કર્યા છે, એવું વકીલે જણાવ્યું હતું. કોર્ટે દલીલો સાંભળ્યા પછી પાંચેય આરોપીની પોલીસ કસ્ટડી ૨૩ ફેબ્રુઆરી સુધી વધારી દીધી હતી. (પીટીઆઈ)

### ભારત ગ્લોબલ

જણાવ્યું હતું. વડાપ્રધાને જણાવ્યું હતું કે ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે અને તેની પ્રગતિના મૂળમાં ટકાઉપણું છે, તેમણે નોંધ્યું હતું કે નોન-ફોસિલ ફ્યુઅલ સ્ત્રોતો સ્થાપિત ઊર્જા ક્ષમતાના ૫૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જે ભારતને આ સિદ્ધિ હાંસલ કરનારા પ્રથમ મુખ્ય દેશોમાં સ્થાન આપે છે. ૨૦૧૪ થી સૌર ઊર્જા ક્ષમતામાં ૪૦ ગણો વધારો થયો છે, જ્યારે પવન ઊર્જા અને ઈવી ક્રાંતિમાં નોંધપાત્ર વેગ આવ્યો છે.

ભારતની વિકાસગાથા માત્ર ઝડપી નથી, પરંતુ તે હરિયાળી, સમાવિષ્ટ અને મોટા પાયે ડિઝાઇન કરેલી છે. ભારતમાં ઉભરી રહેલા મૉડેલો અનુકૂળ માર્ગો પ્રદાન કરે છે જે વિશ્વભરના દેશો માટે અનુકરણીય છે, એમ વડાપ્રધાને જણાવ્યું હતું.

### અજિત પવારના

કરવામાં આવી રહ્યો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે. તેમણે દોષિત અધિકારીઓ સામે તાત્કાલિક કાર્યવાહી કરવાના નિર્દેશ પણ આપ્યા છે. દરમિયાન અજિત પવારના ભત્રીજા અને એનસીપી વિધાનસભ્ય રોહિત પવારે આ સંદર્ભમાં એક સનસનાટીપૂર્ણ દાવો કર્યો છે. રાજ્યની ૭૫ શૈક્ષણિક સંસ્થાઓને લઘુમતી દરજ્જો આપવાની શંકા વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ વ્યક્ત કરવામાં આવી રહી હતી, ત્યારે રોહિત પવારે દાવો કર્યો હતો કે સંબંધિત ફાઇલના દર ૩૦ થી ૪૦ લાખ રૂપિયા હતા. અજિત પવારનો મૃતદેહ બારામતીમાં રાખવામાં આવ્યો હતો એવા સમયે અધિકારીઓએ પૈસા માટે સંબંધિત ફાઇલ પર સહી કરી એ બદલ રોહિત પવારે નારાજગી વ્યક્ત કરી હતી. રોહિત પવારે વધુમાં જણાવ્યું હતું કે જાણવા મળ્યું કે અજિત પવાર એ બધી ફાઇલોનો વિરોધ કરી રહ્યા હતા. વિરોધ છતાં દાદાના અંતિમ સંસ્કાર ચાલી રહ્યા હતા ત્યારે ફક્ત પૈસા માટે સહી કરવામાં સંબંધિત અધિકારીઓ વ્યસ્ત હતા. ફડણવીસે ફક્ત તપાસનો આદેશ આપીને અટકવું જોઈએ નહીં, પરંતુ ૧૦ દિવસમાં સંબંધિત મામલો ઉકેલવો જોઈએ.

### અંધેરીમાં બિલ્ડિંગના

પંકિત વિજય શાહ (૩૯) તરીકે થઈ હતી. અંધેરી પૂર્વમાં તેલી ગલી નજીક જિંજર હોટેલ પાસે આવેલા ચઢ્ઢા પ્રિમાઈસેસમાંથી મંગળવારની સવારે ૧૦ વાગ્યાની આસપાસ શાહનો મૃતદેહ મળી આવ્યો હતો.

વિલેપાર્લે પશ્ચિમમાં બાપુ વશી રોડ પરની નીલમણિ બિલ્ડિંગના સાતમા માળે રહેતો શાહ સોમવારે સાંજે ઘરે પાછો ફર્યો નહોતો. શાહની કોઈ ભાળ ન મળતાં પરિવારજનોએ જૂહુ પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. જૂહુ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે શાહની શોધ ચાલી રહી હતી ત્યારે મંગળવારની સવારે અંધેરી પોલીસની હદમાંથી તેનો મૃતદેહ મળ્યાની જાણકારી અમને મળી હતી.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે શાહ અગ્રણી મ્યુચ્યુઅલ ફંડની પરેલમાં આવેલી ઑફિસમાં ઉચ્ચ હોદ્દા પર ફરજ બજાવતો હતો. મંગળવારની સવારે તે અંધેરીના ચઢ્ઢા એપાર્ટમેન્ટના ચોથા માળે આવેલી મિત્રની ઑફિસે આવ્યો હતો.

પોલીસને શંકા છે કે પંકિત શાહ ઑફિસની બારી પાસે ઊભો હતો ત્યારે તેના હાથમાં એટીએમ કાર્ડ પડી ગયું હશે. કાર્ડ ત્રીજા માળના છજા પર પડ્યું હતું. એક ઝાડુની મદદથી એટીએમ કાર્ડ કાઢવાના પ્રયાસ દરમિયાન સંતુલન ગુમાવવાથી શાહ નીચે પડી ગયો હશે, એવું પોલીસ માની રહી છે. પોલીસને ત્યાંથી એટીએમ કાર્ડ મળી આવ્યું હતું.

અંધેરી પોલીસ સ્ટેશનના અધિકારી મચ્છિન્દરે કહ્યું હતું કે શાહ ઝાડુ સાથે જમીન પર પડ્યો હતો. તે પૂર્વે એક સફાઈકર્મચારીએ શાહને ઝાડુ લઈને બારીમાંથી કંઈક કરતાં જોયો હતો. આ પ્રકરણે હાલમાં એડીઆર નોંધવામાં આવ્યો છે, પરંતુ અમારી વિગતવાર તપાસ ચાલી રહી છે.

### ભારત મજબૂતીથી

પ્રધાને ધ્યાન દોર્યું કે લાંબા સમયથી ચાલતી ધારણાઓ અને અપેક્ષાઓ હવે શંકાસ્પદ બની ગઈ છે. મુખ્ય પરિમાણો એકસાથે પરિવર્તન પામી રહ્યા છે, પછી ભલે તે વ્યૂહાત્મક હોય, રાજકીય હોય, આર્થિક હોય કે ટેકનોલોજીકલ હોય. ઉકેલો બહુવિધ ક્ષેત્રોમાં જોખમ ઉઠાવવા અને વૈવિધ્યીકરણમાં છે. આ અભિગમ રાષ્ટ્રોની નીતિમાં વધુને વધુ જોઈ શકાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

જયશંકરે કહ્યું કે દુનિયા એક અસ્થિર અને અનિશ્ચિત યુગમાં પ્રવેશી ગઈ છે, જે કદાચ વિશ્વને યાદ હોય તેમાં સૌથી અશાંત યુગ છે. જયશંકરે ભાર મૂક્યો હતો કે ભારત વૈશ્વિક ઉત્પાદન, સેવાઓ, ટેકનોલોજી, કૌશલ્ય અને જ્ઞાનના સંદર્ભમાં વધુ અગ્રણી બનશે. તેમણે નોંધ્યું હતું કે એઆઈ (કૃત્રિમ બુદ્ધિ) ના યુગમાં પસંદગીઓ અને ટેકનોલોજીની વાત આવે ત્યારે અર્થશાસ્ત્ર રાજકારણ અને સુરક્ષાને માર્ગદર્શન આપશે. જયશંકરે વધુમાં જણાવ્યું હતું કે અમેરિકા કોઈપણ કિંમતે પુનઃઔદ્યોગિકીકરણ કરવા માટે કટિબદ્ધ છે, અને આ તેના ટેક ભવિષ્ય માટે કેન્દ્રસ્થાને છે. ચીનનું ઉત્પાદન અને નિકાસ અવિરત ચાલુ રહે છે અને તે વિસ્તરી પણ શકે છે, એમ તેમણે ઉમેર્યું.

ટેકનોલોજી સ્પર્ધા તીવ્ર અને ધ્રુવીકરણ પામી રહી છે. ઉર્જા વેપારને નોંધપાત્ર રીતે ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવી રહ્યો છે. નવી માનસિકતાઓ લશ્કરી માધ્યમો સહિત વધુ જોખમ લેવાને પ્રોત્સાહન આપી રહી છે. સ્થળાંતર અને ગતિશીલતા પણ વિવાદાસ્પદ બની રહી છે, એમ તેમણે ધ્યાન દોર્યું. (પીટીઆઈ)

### ૨,૦૦૦ રિડેવલપમેન્ટ

શરૂ કરી અને જાણવા મળ્યું કે કાટમાળ નિયુક્ત સ્થળે જઈ રહ્યો નથી. અધિકારીએ જણાવ્યું હતું કે નાગરિક સંસ્થાએ હવે બિલ્ડરો માટે દહિસર અને કલ્યાણમાં સત્તાવાર રિસાયક્લિંગ પ્લાન્ટ્સને તમામ કાટમાળ સોંપવાનું ફરજિયાત બનાવ્યું છે. વધુમાં ડેવલપર્સ અને બે પ્લાન્ટ વચ્ચે કરાર પર હસ્તાક્ષર ન કરતા બાંધકામ પરવાનગીઓ અટકાવવામાં આવશે. બીએમસીની નીતિ મુજબ બિલ્ડરે પુનર્વિકાસ પ્રોજેક્ટ માટે પરવાનગી મેળવતા પહેલા કાટમાળના નિકાલ માટે સ્થાન નક્કી કરવું આવશ્યક છે.

નીતિમાં ફેરફારને કારણે બાંધકામ પરવાનગી મેળવવામાં વિલંબ થયો છે. બિલ્ડીંગ પ્રોપોઝલ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે, બિલ્ડરોએ કાટમાળના નિકાલ માટે હવે બે પ્લાન્ટ સાથે કરાર કરવા પડશે, જેમાં સમય લાગશે. આ સમયગાળા દરમિયાન, અમે બાંધકામ માટે પરવાનગી આપી શકતા નથી. રેકોર્ડ મુજબ, હાલમાં આના કારણે લગભગ ૪૦૦ થી ૫૦૦ પ્રોજેક્ટ્સ અટકી ગયા છે.

# જૈન મરણ

**ઝાલાવાડી વીસા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

વઢવાણ શહેર નિવાસી શ્રીમતી રંજનબેન મહાસુખલાલ (ઉં.વ. ૮૩) તા. ૧૩-૨-૨૬ના અવસાન પામેલ છે. તેઓ મહાસુખલાલ મણીલાલ શાહના ધર્મપત્ની. ધર્મેશ, જતીન, મનીષાના માતા. નીશા, શીતલ, વિપુલકુમાર સંઘવીના સાસુ. પ્રેક્ષા, નિહાર, માહિરના દાદી. જશવંતલાલ નાનાલાલ સંઘવી, શશીકાંત તારાચંદ શાહ, પ્રફુલચંદ્ર ચીમનલાલ શાહના વેવાણ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧૯-૨-૨૬ના સવારે ૧૦થી ૧૨, સ્થળઃ માનવ સેવા સંઘ, સાયન (ઈ), મુંબઈ-૪૦૦ ૦૧૯.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ બોરીવલી, સ્વ. ગુલાબચંદ ઠાકરશી પટવા તથા જડાવબેન પટવાના દીકરા જયસુખલાલ (બાબુભાઈ) (ઉં.વ. ૯૦) તે મંજુલાબેનના પતિ. આશિષ- અખીલ- મનીષા તથા શીતલના પિતાજી. પૂનમ અખિલ પટવા, નિલેષભાઈ હરીશભાઈ પારેખ, મીતુલભાઈ ચંદુલાલ મહેતાના સસરા. પિયરપક્ષે ભાણવડ નિવાસી શાંતિલાલ ડાહ્યાલાલ મહેતાના જમાઈ. પાર્થ-ધ્રુવીલના દાદા. સોમવાર તા. ૧૬-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૬ને ગુરુવારે બપોરે ૩.૦૦થી ૪.૩૦ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન હોલ, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ).

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ મુન્દ્રાના હાલે ઘાટકોપર, રજનીકાંત ખીમજી (બાબુલાલ) શાહ (ઉં.વ. ૭૭), રવિવાર, તા. ૧૫-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી સ્વ. લીલાવંતીબેન ખીમજી (બાબુલાલ) દામજી શાહના સુપુત્ર, સ્વ. મધુબેનના પતિ. નીરવ, પુરવ તથા ચિંતનના પિતાશ્રી. અ.સૌ. સ્નેહા નીરવ શાહના સસરા. અ. સૌ. નીરુબેન કિશોરભાઈ ફોફડીયા, જયેશભાઈ, સ્વ. જ્યોતિબેન હરીશકુમાર સંઘવી, કૈલાશબેન મહેશભાઈ શાહ, ભરતભાઈના ભાઈ. સ્વ. માતુશ્રી મંજુલાબેન મણિલાલ દામજી શાહ (ભુજ)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૮-૨-૨૬ સાંજે ૩.૩૦થી ૫. ઠે. સુમતી ગુર્જર ભવન, પ્લોટ નં. ૧૨/૧૩, ૧/૩, સંત વર્શાવ કક્કાયા માર્ગ, સ્વસ્તિક પાર્ક, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ પાર્લા, સ્વ. ઉત્તમચંદ વૃજલાલ દિયોરાના સુપુત્ર જીતેન્દ્ર (જીતુ) દિયોરા (ઉં.વ. ૬૭) રવિવાર તા. ૧૫-૨-૨૬ના સ્વર્ગવાસી થયેલ છે. તે સ્વ. દક્ષાબેન તથા જ્યોતિબેનના પતિ. શ્રેણીક, દર્શનના પિતા. ડીનલબેનના સસરા. વિજયભાઈ, હસુભાઈ, ઉર્મીલાબેન મહેન્દ્રકુમાર દોશીના નાના ભાઈ. સરોજબેન, આશાબેનના દીયર. શ્વસુર પક્ષે પ્રતાપરાય વૃજલાલ દોશી સાવરકુંડલાવાળા તથા જયંતિલાલ ગુલાબચંદ શાહ પાલિતાણાવાળાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૬ ગુરુવારે સવારે ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. વિશ્વકર્મા બાગ, ૩૬/૩૭ બજાજ રોડ, નવપાડા, કમલાનગર, પાર્લા વેસ્ટ.

**પ્રભાસ પાટણ વિશા ઓસવાલ જૈન**

પ્રભાસ પાટણ નિવાસી હાલ મુંબઈ, જયશ્રીબેન જયંતીલાલ શાહ (ઉં. વ.૭૦) તે સ્વ. જયંતિલાલ વંદ્રાવન શાહ અને જયાબેનના સુપત્રી. દીનાબેન, બિપીનભાઈ, પંકજભાઈ, હેમાબેન અને સ્વ. નીતિનભાઈના બેન. રીટાબેન અને પારુલબેનના નણંદ, મધુકરભાઈ અને જીતેનભાઈના સાળી તા. ૧૭.૦૨.૨૬ના દિવસે અરિહંતશરણ થયા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

લીંબડી નિવાસી, હાલ બોરીવલી, ચંદ્રાબેન (જનકબેન) (ઉં. વ. ૭૮) તે સ્વ. અજીતભાઈ રમણીકલાલ શેઠનાં પત્ની. હેતલબેન (હેમલબેન) કલ્પેશભાઈ મણીયાર, બેલા- સંદીપ, પ્રીતી - ભૈરવના માતુશ્રી/સાસુ. કામિનીબેન - સ્વ. જીતેશભાઇ, સ્વ. રાજેન્દ્રભાઈ તથા સ્વ. જયશ્રીબેન હર્ષદભાઈ ધામીનાં ભાભી. મંગળાબેન કેશવલાલ શાહનાં પુત્રી. સુધાબેન જયવંતભાઈ શાહ, વીણાબેન ભૂપેન્દ્રભાઈ ધોળકીયા, પારુલ - વિપુલ, દિપ્તી - જયેશનાં મોટાબેન. તા. ૧૫-૦૨-૨૬, રવિવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકીક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી વિશા. સ્થા. જૈન**

પાળીયાદ નિવાસી હાલ દહીસર, કાંતિભાઈ ચંદુલાલ ગોપાણીના ધર્મપત્ની અ.સૌ. રમીલાબેન (ઉં. વ. ૭૯) તા. ૧૬/૦૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે શૈલેષ -હિના, સીમા નિલેષકુમાર, જીજ્ઞેશ પુનિતાના માતુશ્રી. યશ, મૈત્રી, વંશના દાદી. બોટાદ સંપ્રદાયના પ.પુ. રોશનીબાઈ મહાસતીજી, સ્વ. રેખાબેન સવાઈલાલ, ચંદ્રિકાબેન શશીકાંતભાઈ, સ્વ. રસીલાબેન તથા હર્ષાબેનના ભાભી. પીયરપક્ષે ખોડુ નિવાસી સ્વ. શાંતિલાલ મગનલાલ સેંઘવીની દીકરી. પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. રહેઠાણ : એ/૨૦૬, ઓમ રિદ્ધિ સિદ્ધિ, આનંદ નગર, દહિસર ઈસ્ટ.

**ઝાલાવાડી દશા. સ્થાનકવાસી જૈન**

રાજપર (સુરેન્દ્રનગર) હાલ બોરીવલી, સ્વ. પ્રેમિલાબેન ભાયચંદભાઈ શાહના પુત્રવધૂ રમીલાબેન (ઉં. વ. ૬૭) તે પ્રવીણભાઈના ધર્મપત્ની. જેનિસ, વૈશાલીના માતુશ્રી. રિદ્ધિ, દિપકકુમારના સાસુમા. પ્રીતિ, કેતન, જાગૃતિ નીતીનકુમારના ભાભી, પિયરપક્ષે સ્વ. મનસુખલાલ માણેકચંદ શાહના દીકરી. તા. ૧૪/૦૨/૨૬ શનિવારે અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થના તથા લૌકીક વ્યવહાર રાખેલ નથી. નિવાસસ્થાનઃ ઓમ શ્રીનાથકુંજ બિલ્ડીંગ, બી વિન્ગ, ગ્રાઉન્ડ ફલોર, ફલેટ નંબર ૮, કાર્ટર રોડ નંબર ૨, બોરીવલી ઈસ્ટ.

# પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

# હિન્દુ મરણ

રાજકોટ નિવાસી, સ્વ. નિર્મળાબેન ભગવાનજીભાઈ પોપટ (શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ સાંગલાણી) (ઉં. વ. ૭૯) તા. ૧૭-૨-૨૬, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભગવાનજીભાઈ ગોકળદાસ પોપટના દીકરી, હરદેવીબેનના નાનાબહેન, હેતલ, મિત્તલ, ડીમ્પલ ખેતાણી તથા માનસ, ધર્મના માસીજી, સુરેશભાઈ તથા કોકિલાબેનના ભાભી. બેસણું તા. ૧૯-૨-૨૬ ગુરુવારના રોજ ૫ થી ૬. હરગંગેશ્વર મંદિર, ૨ ટાગોરનગર, સૌરાષ્ટ્ર હાઈસ્કુલ સામે, કાલાવડ રોડ, રાજકોટ.

**સુરતી વિશા લાડ વણિક**

સ્વ. કિરીટભાઈ મારફતિયાની પત્ની ગં. સ્વ. વિભૂતિબેન કિરીટભાઈ મારફતિયા (ઉં.વ. ૭૬) તા. ૧૬-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સમીર-વૈશાલીના મમ્મી. અર્ચના-દેવાંગના સાસુ. તે ધ્રુવ-સૃષ્ટિના દાદી. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ ઉંમરગામ, સ્વ. ચંચળબેન શાંતિલાલ દોશીના સુપુત્ર અરવિંદભાઈ (ઉં.વ. ૭૫) તે મૃદુલા (મીનાબેન)ના પતિ. સ્વ. જશવંતીબેન જશવંતરાય મહેતા, સ્વ. દમયંતીબેન વિનોદરાય મુનિ, સ્વ. વામનભાઈના નાના ભાઈ. અ.સો. હેતલ કલ્પેશ સંઘવી, અ.સો. શીતલ પરેશ મેહતા, અ. સો. સ્વાતિ ધર્મેશ ગોધાણીના પિતાશ્રી. દેલવાડાવાળા સ્વ. દમયંતીબેન હરિલાલ છગનલાલ મેહતાના જમાઈ. મોસાળ પક્ષે સ્વઃ જયંતિલાલ નટવરલાલ ભુવાના ભાણેજ. ૧૬-૨-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તેમજ લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

નાસિક નિવાસી ડો. અનિલભાઈ જુઠાલાલ બદિયાણી (ઉં.વ. ૮૯) તે મધુબેનના પતિ. સ્વ. નેણસી ભાણજી પોપટના જમાઈ. સ્વ. જીવણદાસભાઈ, પુરુષોત્તમભાઈ, અમૃતબેન, શાંતાબેન, જમનાબેન, સુલોચનાબેન તથા ઉષાબેનના ભાઈ. સુજાતા ધર્મેન્દ્રભાઈ, વસંત અને શીલા બિમલભાઈ તન્નાના પિતાશ્રી. હર્ષ, રાધા અને બિપાશાના નાના. તા. ૧૭-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૬ના ગુરુવાર, બપોરે ૫થી ૬.૩૦ આર. પી. વિદ્યાલય, પંચવટી.

**હાલાઈ લોહાણા**

ઇંદિરાબેન (ઉં. વ. ૮૮), તે ડૉ. અનુપચંદ્ર ભાયાણીના ધર્મપત્ની, સ્વ. વલ્લભદાસ ભાણજી ખાખરીયાના પુત્રી, સંજય, મનીષનાં માતુશ્રી. અમી, નીલમનાં સાસુ, સલિલ, હૃષીકેશ, જુહીનાં દાદી, ઈશિતાનાં દાદીસાસુ. તા.૧૬-૦૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૦૨-૨૬ બુધવારના ૪:૩૦ થી ૬. સ્થળઃ લોહાણા મહાજન વાડી, રઘુવંશી હૉલ, ખારકર આળી, જાંબલીનાકા, થાણે (વે.)

**કપોળ**

મહુવાવાળા હાલ નાલાસોપારા, તેજસ હસમુખરાય સાયર (ઉં. વ. ૩૫) ૧૬/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હસમુખરાય તથા સુનીતાબેનના પુત્ર. મીત તથા કાજલ મેહુલભાઈ મહેતાના ભાઈ. સ્વ. જશવંતભાઈ, સ્વ. જયંતીભાઈ, પ્રફુલભાઇના ભત્રીજા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ વતન કમળેજ હાલ બોરીવલી, સ્વ. રસીલાબેન હરિલાલ ધનજીદાસ મહેતાના પુત્રવધૂ સૌ. સ્મિતાબેન (ઉં. વ.૬૮) તે પ્રદીપભાઈના ધર્મપત્ની, ઉર્વી ચિરાગ સોઢા, માર્ગી સંજય ગણાત્રાના માતુશ્રી. સ્વ. હંસાબેન કાંતિલાલ વશનજી રાજાના દીકરી. નીતા અજિત મહેતાના જેઠાણી. ૧૬/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૯/૨/૨૬ના રોજ ૫ થી ૬.૩૦. લોહાણા મહાજનવાડી બીજે માળે, શંકરમંદિર પાસે, એસ વી રોડ, કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

રાજુલાના હાલ બોરીવલી, વ્રજેશ પ્રાણલાલ વોરા (ઉં. વ. ૭૩) શનિવાર તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે કોકિલા વોરાના પતિ. રચના દવે અને શિવાની વોરાના પિતા. રિતેશ દવેના સસરા, મહેક દવે, આદિત્ય દવેના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશાશ્રીમાળી વણિક**

ઘાટવડ નિવાસી હાલ પુના, ભુપેન્દ્રભાઈ અમીચંદ વીરજી કુંભાણી (ઉં. વ. ૭૬) તે જયશ્રીબેનના પતિ. તેજસ તથા આશિષના પિતાશ્રી. નેહાના સસરા. સ્વ. હર્ષદભાઈ, દિનેશભાઈ, રાજેશભાઈ, કંચનબેન શશીકાંત બખાઈ, સ્વ. કુમુદબેન પ્રવિણચંદ્ર શાહ, હંસાબેન રસિકલાલ દોશી, રંજનબેન વિનયચંદ્ર શાહના ભાઈ, લલિતભાઈ તથા હેરતના બનેવી, રસિકલાલ ન્યાલચંદ શાહના જમાઈ. રવિવાર તા.૧૫/૦૨/૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. ઠે. નિવાસસ્થાન આશિષ બી કુંભાણી ન્યાતિ એમ્પાયર બેરીલ બિલ્ડીંગ, ફ્લેટ નંબર ૪૦૩ મુધવા રોડ, ખારાડી પુના ૪૧૧૦૧૪. લૌકીક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

મોટા ખૂંટવાળા હાલ બોરીવલી, વસંતભાઈ રતિલાલ મુજ્યાસરા (ઉં. વ. ૮૦) તે મધુબેનના પતિ. રોહિત, હિમાની દીપકભાઈ હેમાણી, રીમા દર્શન ધ્રુવના પિતા. સુરેશ, સ્વ. મંજુબેન રમેશકુમાર શાહ, સ્વ. ભાનુબેન નટવરલાલ પારેખ, સ્વ. કુસુમબેન કિશોરભાઈ કાચલીયા, મનીષા પંકજભાઈ માંડવિયાના ભાઈ. સ્વ. ગોકળદાસ નરસિહદાસ ભુપતાણીના જમાઈ. ૧૪/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ભાવનગરવાળા હાલ વિલેપારલે, સ્વ. શારદાબેન મણિલાલ ત્રિવેદીના પુત્રવધૂ. સ્વ. મહેન્દ્ર ત્રિવેદીના ધર્મપત્ની ગં.સ્વ. રસીલા મહેન્દ્ર ત્રિવેદી (ઉં. વ. ૯૦) તા. ૧૭/૦૨/૨૬ના કૈલાશવાસ પામેલ છે. તે કીર્તિ તથા નિખિલના માતા, ઐયયાઝ અને રેખાના સાસુ, પાર્થ અને વિધિના દાદી, પિયરપક્ષ તળાજાવાળા સ્વ. જશુમતી મગનલાલ પંડ્યાના દીકરી, જીતેન્દ્ર મણિલાલના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિસાનાગર વણિક સમાજ (વડનગર)**

હાલ મુંબઈ નિવાસી, ચંદ્રકાન્ત માણેકલાલ શેઠ (ઉં. વ. ૯૫) તે સરોજબેનના પતિ, ઉદયભાઈ અને પારૂલબેનના પિતાશ્રી, શ્રીકાંત અને સપનાના સસરા, સ્વ. કૃષ્ણાવતીબેન સુંદરલાલના જમાઈ, તા.૧૪-૦૨-૨૬ ના શ્રીજીચરણ થયા છે. પ્રાર્થનાસભા ૧૯-૦૨-૨૬ના ૫ થી ૭. સ્થાનઃ બેન્ક્વેટ હોલ, સરોજ ચંદ્રકાન્ત શેઠ, કાબરા પ્રીમેરા, વિદ્યાનીધિ શાળા પાસે, જુહુ ,મું.૪૯ .

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# એવરેસ્ટની ઊંચાઈએ ઊડી શકતું ફ્રેન્ચ હેલિકૉપ્ટર ભારતમાં બનાવાશે

## ફ્રાન્સના પ્રમુખ મેક્રોન અને વડા પ્રધાન મોદીએ આનાં એકમનું ઉદ્‌ઘાટન કર્યું: વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વિસ્તારવાની બંને નેતાએ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

નવી દિલ્હી/મુંબઈ: ભારત અને ફ્રાન્સે મંગળવારે તેમના સંબંધોને ‘સ્પેશ્યલ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ’ સુધી વિસ્તાર્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોને વધતી ભૌગોલિક રાજકીય ઉથલપાથલનો સામનો કરવા માટે સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં દ્વિપક્ષી સહયોગને નોંધપાત્ર રીતે વધારવાનું એકમેકને વચન આપ્યું હતું.

બંને નેતાઓએ કર્ણાટકના વેમાગલમાં એરબસ એચ૧૨૫ હેલિકોપ્ટર બનાવવા માટે એક એસેમ્બલી લાઇનનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન પણ કર્યું હતું. ફ્રાન્સના પ્રમુખ ત્રણ દિવસની ભારત મુલાકાતે આવ્યા છે. તેમણે મુંબઈમાં વડાપ્રધાન મોદી સાથે અનેક મુદ્દાઓ પર વાતચીત કરી હતી. વડાપ્રધાન મોદીએ પોતાના મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું કે ભારત અને ફ્રાન્સ વચ્ચે ખૂબ જ ખાસ સંબંધો છે. ફ્રાન્સ ભારતના સૌથી જૂના વ્યૂહાત્મક ભાગીદારોમાંનું એક છે અને પ્રમુખ મેક્રોન સાથે મળીને અમે આ વ્યૂહાત્મક ભાગીદારીને અભૂતપૂર્વ ઊંડાણ અને ઉર્જા આપી છે.

તેણે કહ્યું હતું કે આ વિશ્વાસ અને દૃષ્ટિકોણના આધારે આજે અમે અમારા સંબંધોને ’સ્પેશ્યલ ગ્લોબલ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ’ તરીકે બનાવી રહ્યા છીએ. વડાપ્રધાન મોદીએ એચ-૧૨૫ હેલિકોપ્ટર એસેમ્બલી લાઇનનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અમને એ વાતનો ગર્વ છે કે ભારત અને ફ્રાન્સ સાથે મળીને ભારતમાં વિશ્વનું એકમાત્ર એવું હેલિકોપ્ટર બનાવશે જે માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈઓ સુધી ઉડાણ ભરવા સક્ષમ હશે અને તેને સમગ્ર વિશ્વમાં નિકાસ કરીશું.

તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૬ ભારત અને યુરોપ વચ્ચેના સંબંધોમાં એક ટર્નિંગ પોઈન્ટ છે. થોડા દિવસો પહેલા જ અમે યુરોપિયન યુનિયન સાથે ભારતના ઇતિહાસમાં સૌથી મોટા અને સૌથી મહત્વાકાંક્ષી મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.



# આત્મનિર્ભર બનવા ભારત ટૅક્નોલૉજીનું નિર્માણ કરે: મોદી

નવી દિલ્હી: ભારતે ટૅક્નોલૉજીનો માત્ર ઉપયોગ નહીં પરંતુ તેનું નિર્માણ પણ કરવું જોઈએ એમ જણાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે આત્મનિર્ભર ભારતનો પ્રવાસ આ મૂળભૂત સિદ્ધાંત પર આધાર રાખશે.

સાર્વભૌમત્વ, સર્વસમાવેશકતા અને ઈનોવેશન આત્મનિર્ભર ભારતનાં મારાં વિઝનનાં ત્રણ સ્તંભ છે.

સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં મોદીએ ભારત એઆઈ ક્ષેત્રે વિશ્વના ત્રણ સુપરપાવરમાંનું એક બને એ બાબત પર પ્રકાશ પાડ્યો હતો.

ભારતે માત્ર ટૅક્નોલૉજીના ઉપયોગને મામલે નહીં પરંતુ તેનાં નિર્માણને મામલે પણ વિશ્વના ત્રણ સુપરપાવરમાંનું એક બને, એમ તેમણે કહ્યું હતું.

ભારતના એઆઈ મૉડેલ વિશ્વભરમાં ગોઠવાય એને કરોડો લોકોને તેમની માતૃભાષામાં સેવા પૂરી પાડે તેમ જ આપણાં સ્ટાર્ટ અપ્સ ગુણવત્તાસભર લાખો નોકરી ઊભી કરે અને તેનું મૂલ્ય અબજોમાં અંકાય, એમ તેમણે કહ્યું હતું.

એઆઈ ક્ષેત્રે આત્મનિર્ભર ભારતનો મતલબ ડિજિટલ સેન્ચુરી માટે ભારત પોતાનો સ્વતંત્ર કોડ લખે અને ઈન્ડિયા એઆઈ મિશન મારફતે આ કોડ આપણાં મૂલ્યો, સેવા અને વિશ્વ માટે જવાબદાર એઆઈ લીડર તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કરે તેની ખાતરી કરવાની છે, એમ તેમણે કહ્યું હતું. ૫

પ્રત્યેક ભારતીય એઆઈને આજીવિકા છીનવી લેનારું, કંટ્રોલ કરનારું સાધન માનવાને બદલે એઆઈ અસંખ્ય તક ઊભી કરનારું, ક્ષમતા વધારનારું હોવાનું અનુભવશે, એમ તેમણે કહ્યું હતું.

એઆઈને કારણે આવનારાં પરિવર્તન માટે ભારત સજ્જ છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬ વૈશ્વિક એઆઈ એજન્ડાને આકાર આપવામાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે. (એજન્સી)

# ઈરાને હોર્મુઝની ખાડી બંધ કરી, મિસાઈલો છોડી શક્તિપ્રદર્શન

જીનિવા: ઈરાને પર્શિયન ગલ્ફમાં હોર્મુઝની ખાડીમાં એક મોટી યુદ્ધ કવાયત શરૂ કરી છે. આ યુદ્ધ અભ્યાસ દરમિયાન ઈરાની નૌકાદળે યુદ્ધ જહાજને ઉડાવવાનો અભ્યાસ કર્યો હતો. આ દરમ્યાન થોડા સમય માટે હોર્મુઝની ખાડી બંધ કરાઈ હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે જગતના ૨૦ ટકા ઓઈલના કાર્ગો હોર્મુઝની ખાડીમાંથી પસાર થાય છે. ન્યૂઝ એજન્સી એપીના અહેવાલ અનુસાર, ઈરાની મીડિયાએ પોતાના રિપોર્ટમાં કહ્યું હતુ કે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાં મિસાઈલ છોડી છે.

નોંધનીય છે જીનિવામાં ઈરાન અને અમેરિકા ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગે બીજા રાઉન્ડની વાટાઘાટો કરી રહ્યા છે, કારણ કે અમેરિકા મધ્ય પૂર્વમાં પોતાની લશ્કરી હાજરી વધારી રહ્યું છે અને ઈરાન મોટા પાયે દરિયાઈ અભ્યાસ કરી રહ્યું છે. વાટાઘાટો શરૂ થતાં જ ઈરાની મીડિયાએ જાહેરાત કરી કે ઈરાને હોર્મુઝ ખાડીમાં મિસાઈલો છોડી હતી. ઈરાને સોમવારે એવા જળમાર્ગોમાં દરિયાઈ લશ્કરી કવાયતની જાહેરાત કરી હતી જે આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગો માટે મહત્વપૂર્ણ છે જેની મારફતે વિશ્વનો ૨૦ ટકા તેલનો વ્યાપાર થાય છે. તસ્નીમ સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે ઈરાનની અંદર અને તેના દરિયાકાંઠે છોડવામાં આવેલી મિસાઈલો હોર્મુઝ ખાડીમાં તેમના લક્ષ્યોને નિશાન બનાવ્યા છે. ઈરાનની સરકારી ટીવીએ મંગળવારે અહેવાલ આપ્યો હતો કે અમેરિકા સાથેની વાટાઘાટો પરોક્ષ રહેશે અને તે ફક્ત ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ગયા મહિને પ્રદર્શનકારીઓ વિરુદ્ધની કાર્યવાહી પર કોઈ ચર્ચા કરવામાં આવશે નહી.અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વારંવાર ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમને મર્યાદિત કરવા માટે સંમત થવા માટે તાકાતનો ઉપયોગ કરવાની ધમકી આપી છે. ઈરાને કહ્યું હતું કે તે અમેરિકાના હુમલાનો જવાબ આપશે. ટ્રમ્પે તાજેતરના રાષ્ટ્રવ્યાપી વિરોધ પ્રદર્શનો પર ઈરાનને કાર્યવાહી કરવા બદલ ધમકી પણ આપી છે. ૬ ફેબ્રુઆરીના રોજ વાટાઘાટોનો પ્રથમ રાઉન્ડ ઓમાનમાં યોજાયો હતો. નોંધનીય છે કે અમેરિકા મંગળવારે જિનેવામાં રશિયા અને યુક્રેનના રાજદૂતો વચ્ચેની વાતચીતની મધ્યસ્થતા કરશે.

### ત્રણ કલાક ઈરાન-અમેરિકા મંત્રણા, મુખ્ય મુદ્દાઓ પર સહમતી

જીનિવા: ઈરાન અને અમેરિકા વચ્ચેની અણુકરાર અંગેની બેઠક ત્રણ કલાક ચાલી હોવાનું સ્થાનિક ટીવી ચેનલના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

ઈરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ કહ્યું હતું કે બેઠક દરમિયાન અમેરિકા મુખ્ય સિધ્ધાંતો પર સહમતી સાધવા તૈયાર થયું હતું. લશ્કરી કવાયત માટે હૉર્મુઝની સામુદ્રધુની કલાકો માટે બંધ કરવાની ઈરાને કરેલી જાહેરાત બાદ જીનિવામાં આ બેઠક યોજવામાં આવી હતી. અમેરિકા એ વિસ્તારમાં સૈન્ય દળ વધારી રહ્યું હોવાને કારણે હૉર્મુઝની સામુદ્રધુનિ અનેક કલાક માટે બંધ કરવાની ઈરાને કરેલી જાહેરાત બાદ અમેરિકા અને ઈરાને અણુ કરારને મામલે વાટાઘાટનો બીજો રાઉન્ડ યોજ્યો હતો.

# કન્ફ્યુઝન છતાં બિલ ગેટ્સ એઆઈ સમિટમાં હાજરી આપશે

## એપ્સ્ટીન કનેક્શનને લીધે આમંત્રણ રદ કરાયાના અહેવાલો હતા

નવી દિલ્હી: માઈક્રોસોફ્ટના સ્થાપક બિલ ગેટ્સ એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં હાજરી આપી રહ્યા છે. તેમના જ ફાઉન્ડેશને એક નિવેદન બહાર પાડીને આ વાતની પુષ્ટિ કરી હતી. અગાઉ, અનેક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે સરકારે તેમના નિમંત્રણની ફરીથી સમીક્ષા કરી છે અને તેઓ ભાગ લેશે નહીં.

જોકે બિલ ગૅટ્સ ફાઉન્ડેશને કહ્યું હતું કે, તેઓ એઆઈ ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬માં હાજરી આપશે. તેઓ નક્કી કરેલા સમયે ત્યાં હાજર રહેશે અને મુખ્ય ભાષણ આપશે. અગાઉ મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેઓ એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ભાગ લેશે નહીં. ફાઉન્ડેશને આ દાવાઓને નકારી કાઢ્યા છે.

અગાઉ ગૅટ્સનું નામ એઆઈ ઇમ્પેક્ટ સમિટની સત્તાવાર વેબસાઇટ પર વક્તાઓની યાદીમાં હતું પરંતુ મંગળવારે સવારે મુખ્ય વક્તાઓની યાદીમાંથી તેમનું નામ ગાયબ થઈ ગયું હતું. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે ગૅટ્સ સમિટમાં હાજરી આપશે નહીં, પરંતુ કારણ જણાવ્યું ન હતું.

જોકે, તેમના ફાઉન્ડેશનના પ્રવક્તાએ પીટીઆઈને ઇમેલના જવાબમાં જણાવ્યું હતું કે, બિલ ગેટ્સ એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં હાજરી આપી રહ્યા છે. તેઓ નિર્ધારિત સમય મુજબ તેમનું મુખ્ય ભાષણ આપશે. બિલ ગૅટ્સને ૧૯ ફેબ્રુઆરીના રોજ મુખ્ય વક્તા તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા. તેઓને સવારે ૧૧:૫૦ વાગ્યે ૧૨ મિનિટ સુધી બોલવાનો સ્લોટ આપવામાં આવ્યો છે.

માહિતી અને પ્રસારણ, અને ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી વિભાગના કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે બિલ ગૅટ્સના સમિટમાં સામેલ થવા અંગેના પત્રકારના સવાલનો કોઈ સીધો જવાબ આપ્યો નહોતો..

નોંધનીય છે કે અગાઉ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે એપસ્ટીન ફાઈલ્સમાં તેનું નામ આવતા બિલ ગૅટ્સ સમિટમાં હાજરી આપશે નહીં. એનવીડિયાએ જાહેરાત કરી હતી કે તેમના સીઈઓ જેન્સન હુઆંગ સમિટમાં હાજરી આપવા માટે ભારત જશે નહીં. જ્યારે કંપનીએ આ પગલા માટે કોઈ કારણ આપ્યું ન હતું.

# જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાનો નિર્ણય જલદી: સરકાર

નવી દિલ્હી: કાયદા અને ન્યાય ખાતાના પ્રધાન અર્જુન મેઘવાલે મંગળવારે શ્રીનગરમાં કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરને ફરીથી રાજ્યનો દરજ્જો આપવાનો નિર્ણય જલદી જ લેવામાં આવશે.

શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર ખાતે પત્રકારો સાથે વાતચીત કરતાં મેઘવાલે આ મુદ્દાને અતિ સંવેદનશીલ લેખાવ્યો હતો, પરંતુ ફરી ભારપૂર્વક કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરને રાજ્યો આપવાને મામલે કેન્દ્ર સરકાર મક્કમ છે.

ગૃહ પ્રધાન અમિત શાહે લોકસભામાં આ અંગેની બાંયધરી આપી જ દીધી છે અને ખાતરીપૂર્વક કહ્યું છે કે આ માટે યોગ્ય પ્રક્રિયાનું અનુસરણ કરવામાં આવશે અને લોકોને તેમના માટે જે યોગ્ય છે તે મળીને રહેશે. ટેલી-લૉ (દિશા) સ્કીમ અંગેના પ્રાદેશિક વર્કશૉપની આગેવાની લેવા માટે મેઘવાલ શ્રીનગર ગયા હતા. (એજન્સી)

# ચાર રાજ્યોની ચૂંટણી એપ્રિલમાં યોજાઈ શકે

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળ, આસામ, તમિળનાડુ, કેરળ અને પુડુચેરી વિધાનસભા ચૂંટણી એપ્રિલમાં યોજાશે અને ચૂંટણીના સમયપત્રકની જાહેરાત માર્ચ મહિનાના મધ્યમાં કરવામાં આવશે, એમ અધિકારીઓએ મંગળવારે કહ્યું હતું.

ચૂંટણી પંચ એપ્રિલમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીનું સમયપત્રક માર્ચના મધ્યમાં જાહેર કરશે, એમ તેમણે કહ્યું હતું.

આ પાંચ રાજ્યની વિધાનસભાની મુદત મે અને જૂનની અલગ અલગ તારીખે પૂરી થવાની છે. પુડુચેરી વિધાનસભાની પાંચ વર્ષની મુદત ૧૫ જૂને તો આસામ, કેરળ, તમિળનાડુ અને પશ્ચિમ બંગાળ વિધાનસભાની મુદત અનુક્રમે ૨૦, ૨૩, ૧૦ અને સાત મેએ પૂરી થઈ રહી છે.

છેલ્લે પશ્ચિમ બંગાળની ચૂંટણી આઠ તબક્કામાં યોજાઈ હતી જે અત્યાર સુધીના સૌથી વધુ છે. આસામમાં બે તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી તો તમિળનાડુ, કેરળ અને પુડુચેરીમાં એક તબક્કામાં ચૂંટણી યોજાઈ હતી. (એજન્સી)



Deepak Somaiya



KAAJAL ADS



Deepak Somaiya

# તારિક રહેમાને બાંગ્લાદેશના પીએમ તરીકે શપથ લીધા

## કેબિનેટમાં એકમાત્ર હિન્દુ નિતાઈ રોય ચૌધરીને સ્થાન

ઢાકા: બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) સંસદીય પાર્ટીના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ બીએનપીના અધ્યક્ષ તારિક રહેમાને મંગળવારે બાંગ્લાદેશના વડા પ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.

બીએનપીના વરિષ્ઠ નેતા અને લઘુમતી હિન્દુ કોમના જાણીતા ચહેરા વરિષ્ઠ રાજકારણી નિતાઈ રોય ચૌધરીએ પણ પ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. કેબિનેટમાં એકમાત્ર હિન્દુ નિતાઈ રોય ચૌધરીને સ્થાન આપવામાં આવ્યું હતું.

૧૨ ફેબ્રુઆરીએ યોજાયેલી બાંગ્લાદેશ લોકસભાની ચૂંટણીમાં બીએનપીએ કુલ ૨૯૭ બેઠકમાંથી ૨૦૯ બેઠક મેળવી હતી જ્યારે એક સમયના સાથીપક્ષ અને હવે મુખ્ય પ્રતિસ્પર્ધી જમાત-એ-ઈસ્લામીએ ૬૮ બેઠક મેળવી હતી.

તારિક રહેમાન ઉપરાંત પચીસ પ્રધાન અને રાજ્યના ૨૪ પ્રધાને પણ શપથ ગ્રહણ કર્યા હતા. બીએનપીના પ્રધાનમંડળમાં કુલ ૫૦ સભ્ય છે જેમાં પચીસ પ્રધાન અને રાજ્યના ૨૪ પ્રધાનનો સમાવેશ થાય છે. પચીસ પ્રધાનમાં ૧૭ નવા ચહેરા છે તો રાજ્યના તમામ પ્રધાને પ્રથમ જ વખત આ હોદ્દો મેળવ્યો છે. પીએમ રહેમાન પણ પહેલી જ વાર કેબિનેટના સભ્ય બન્યા છે.

લોકસભાના સ્પીકર ઓમ બિરલા રહેમાનના શપથ ગ્રહણ સમારોહમાં ભાગ લેવા ગયા હતા. બિરલા મંગળવારે સવારે ઢાકા પહોંચ્યા હતા. વિદેશ સચિવ વિક્રમ મિસરી અને અન્ય અધિકારીઓ પણ તેમની સાથે હતા. બાંગ્લાદેશના વિદેશ સચિવ નઝરુલ ઈસ્લામે તેમને આવકાર્યા હતા.



તેમણે કહ્યું હતું કે આ મહત્ત્વની ક્ષણ છે અને તે બંને દેશ વચ્ચેના જોડાણને વધુ મજબૂત કરશે તેમ જ લોકશાહીના મૂલ્યોનું આદાનપ્રદાન કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ મંગળવારે મુંબઈમાં ફ્રાન્સના પ્રમુખ સાથે તેમની બેઠક અગાઉથી નક્કી થઈ ગઈ હોવાને કારણે તેઓ શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી નહોતા શક્યા. (એજન્સી)

# ભારત આવો: તારિક અનવરને મોદીનું આમંત્રણ

નવી દિલ્હી: લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા મંગળવારે બાંગ્લાદેશના નવા શપથ લેનારા વડા પ્રધાન તારિક રહેમાનને મળ્યા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો વ્યક્તિગત અભિનંદન પત્ર સોંપ્યો હતો.

એક્સ પરની એક પોસ્ટમાં, ભારતમાં બાંગ્લાદેશના ઉચ્ચ કમિશનર રિયાઝ હમીદુલ્લાહે જણાવ્યું હતું કે, પીએમ તારિક રહેમાને, નવી સરકારના શપથ ગ્રહણ બાદ સૌજન્ય મુલાકાતમાં ભારત અને પીએમ નરેન્દ્ર મોદીને શુભેચ્છા પાઠવી હતી. આ સાથે પત્રમાં મોદીએ તારિક રહેમાનને ભારતની મુલકાતનું આમંત્રણ આપ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે બિરલાએ ભારત તરફથી શુભેચ્છાઓ પાઠવી હતી અને દેશને આમંત્રણ આપ્યું હતું. બંને નેતાઓએ બાંગ્લાદેશ અને ભારતના લોકોની સુખાકારી માટે સાથે મળીને કામ કરવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો, જે લોકો-કેન્દ્રિત સહકારના મેનુને અનુસરે છે, એવું પોસ્ટમાં જણાવાયું છે.

બિરલાએ વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી સાથે પીએમ મોદી અને ભારત સરકાર વતી રહેમાનના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપી હતી.

# એઆઈ સમિટમાં ભયંકર અવ્યવસ્થા: વૈષ્ણવે માફી માગી

નવી દિલ્હી: માહિતી ટેકનોલોજી પ્રધાન અશ્વિની વૈષ્ણવે મંગળવારે ‘ઈન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ’ના પહેલા દિવસે લાંબી કતારો અને ભારે ભીડને કારણે થયેલી અવ્યવસ્થા બદલ માફી માગી હતી અને કહ્યું હતું કે આયોજક ટીમ કોન્ફરન્સને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે સતત કામ કરી રહી છે.

પ્રથમ દિવસે હજારો સ્ટાર્ટ-અપ ફાઉન્ડર્સ, ટેક એક્સપર્ટ્સ અને વિદેશી પ્રતિનિધિઓ પહોંચ્યા હતા. ભારે ભીડ અને કડક સુરક્ષાને કારણે એન્ટ્રી પોઈન્ટ્સ પર લાંબી કતારો લાગી ગઈ હતી. ગ્લોબલ ટેક કંપનીઓના પ્રતિનિધિઓને કલાકો સુધી રાહ જોવી પડી હતી. કેટલાકનો સામાન પણ ચોરાઈ ગયો હતો.

વિશ્વની સૌથી મોટી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સમિટ સોમવારે ખીચોખીચ ભરેલા હોલ અને લાંબી કતારો સાથે શરૂ થઈ હતી. મોબાઈલ કનેક્ટિવિટી પણ એક મોટી સમસ્યા બની હતી. વૈષ્ણવે કહ્યું કે સોમવારે સમિટમાં ૭૦,૦૦૦થી વધુ લોકોએ હાજરી આપી હતી. ભારત મંડપમાં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું હતું કે આ દુનિયાની સૌથી મોટી એઆઈ સમિટ છે. પ્રતિભાવ અસાધારણ છે. ઊર્જા સ્પષ્ટ છે. આપણે જોઈ શકીએ છીએ કે સંચાલન હવે ખૂબ જ સરળ છે. જો કોઈને ગઈકાલે કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો હોય તો અમે તેના માટે માફી માંગીએ છીએ. કોઈ પણ સમસ્યાના ઉકેલ માટે વોર રૂમ શરૂ કરવામાં આવ્યો છે. અહીં કોઈપણ સમસ્યાઓની જાણ કરી શકાય છે અને આયોજકો ખાતરી કરશે કે સમિટ વધુ સરળ અને આનંદપ્રદ બને.

તેમણે કહ્યું કે તમે તમારો ફીડબેક અમને આપી શકો છો. અમે તમારા બધા માટે અનુભવને સરળ અને આનંદપ્રદ બનાવવાના પ્રયાસો કરીશું. મારી આખી ટીમ આ સમિટ માટે દિવસ-રાત સખત મહેનત કરી રહી છે.‘‘

પ્રથમ દિવસે અનેક લોકોના સામાન પણ ચોરાઈ ગયાની ફરિયાદ થઈ હતી. નિયો સેપિયનના સીઈઓ ધનંજય યાદવે ‘એક્સ’ પોસ્ટ કરીને જણાવ્યું હતું કે બપોરે ૧૨ વાગ્યે સુરક્ષા કર્મચારીઓ પીએમ મોદીની મુલાકાત બે વાગ્યે આવે તે પહેલાં વિસ્તારને સેનિટાઇઝ કરવા અને કોર્ડન કરવા પહોંચ્યા હતા. જોકે તેમણે તેમની ટીમને તાત્કાલિક ત્યાંથી જવાનો આદેશ આપ્યો હતો. જોકે બાદમાં જાણવા મળ્યું કે અમારા કેટલાક ડિવાઈસ ચોરી થઈ ગયા હતા.

રેસ્કિલના સ્થાપક પુનિત જૈને કહ્યું હતું કે , એક એઆઈ સમિટ જે તેના પોતાના બિલ્ડરોને બાજુ પર રાખે છે? પ્રદર્શકો, ડેલીગેટ્સ, સ્ટાર્ટઅપ ફાઉન્ડરોને બહાર મોકલી દેવામાં આવ્યા. અહીં પાણીની કોઈ વ્યવસ્થા નથી.

# એઆઈ સમિટમાં ૨૦૦ અબજ ડૉલરના રોકાણની અપેક્ષા: વૈષ્ણવ

નવી દિલ્હી: કેન્દ્રીય આઈટી પ્રધાન અશ્વિની વૈષ્ણવે મંગળવારે જણાવ્યું હતું કે ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના યોગ્ય અને નૈતિક ઉપયોગ પર વૈશ્વિક નેતાઓ વચ્ચે સર્વસંમતિ લાવવા માગે છે, જેથી ટેકનોલોજીનો ઉપયોગ માનવતાના લાભ માટે થઈ શકે અને તેના ખોટા ઉપયોગથી થતા નુકસાનને અટકાવી શકાય. તેમણે જણાવ્યું હતું કે ભારતને આગામી બે વર્ષમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સ્ટેકના પાંચ સ્તરોમાં ૨૦૦ અબજ અમેરિકન ડૉલરના રોકાણની આશા છે.તેમણે કહ્યું હતું કે ડીપટેક સ્ટાર્ટઅપ્સમાં વીસીની પ્રતિબદ્ધતા જોવા મળી રહી છે અને તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આગામી વર્ષોમાં ભારતમાંથી ૫૦ ડીપટેક ઊભરી આવશે. આગામી એક અઠવાડિયામાં સરકાર ૨૦,૦૦૦ જીપીયુનો ઓર્ડર આપશે અને જેની ડિપ્લોયમેન્ટ આગામી છ મહિનામાં કરવામાં આવશે. એક મોટા ઈન્ડિયા એઆઈ મિશન પર કામ ચાલી રહ્યું છે.

વૈષ્ણવે કહ્યું હતું કે અમે એક સમિટ કરીશું જેમાં અમે એઆઈના સારા, યોગ્ય ઉપયોગ વિશે વૈશ્વિક નેતાઓ વચ્ચે સર્વસંમતિ બનાવવાનો પ્રયાસ કરીશું જેથી માનવતાના લાભ માટે એઆઈનો ઉપયોગ કરી શકાય અને આપણે અયોગ્ય ઉપયોગથી થતા નુકસાનને રોકી શકીએ.

તેમણે ઈન્ડિયા ઈમ્પેક્ટ સમિટ પર બોલતા કહ્યું હતું કે અમે કોમન કમ્પ્યૂટર લેયરમાં અગાઉથી હાજર ૩૮,૦૦૦ જીપીયુ ઉપરાંત બીજા ૨૦,૦૦૦ જીપીયુની અપેક્ષા રાખી રહ્યા છીએ. આગામી એક અઠવાડિયામાં અમે બીજા ૨૦,૦૦૦ જીપીયુનો ઓર્ડર આપીશું અને તે આગામી છ મહિનામાં ડિપ્લોય કરીશું. વધુમાં તેમણે કહ્યું હતું કે સરકાર સ્ટાર્ટઅપ્સ, રિસર્ચર્સ અને વિદ્યાર્થીઓને હાઈ ક્વોલિટી રિસોર્સ આપવાનો સતત પ્રયાસ કરી રહી છે. અમારી સરકાર ટેકનોલોજી લોકોના એ મોટા વર્ગ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે જે તેનો ઉપયોગ કરવા માંગે છે.

# ફન-રીલ બનાવવાની લાયમાં યુવાનનો જીવ લીધો ભાઈ-બહેને

## બાઈક પર જઈ રહેલા સિંગલ મધરના જુવાનજોધ દીકરાને ઊડાવ્યો

નવી દિલ્હ: પોતાના એકમાત્ર બાળકને ઉછેરનાર એક સિંગલ માતાએ મંગળવારે દુ:ખ અને ગુસ્સાથી ગૂંગળાવાયેલા અવાજમાં કહ્યું કે ફન રીલ - સોશ્યિલ મીડિયા પર ખ્યાતિ માટે એક બેદરકાર સ્ટંટે ફક્ત તેના ૨૩ વર્ષના પુત્રને જ નહીં પરંતુ તેની આસપાસ રચેલા બધા સપનાંઓને પણ કચડી નાખ્યા છે.

એનસીઆરના દ્વારકાના બીબીએના છેલ્લા સેમેસ્ટરનો વિદ્યાર્થી સાહિલ ધનેશરા, જેને આર્થિક તંગીને કારણે કોલેજ છોડી દેવી પડી હતી, તે ત્રીજી ફેબ્રુઆરીએ કામ પર જઈ રહ્યો હતો ત્યારે એક સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ (મહિન્દ્રા સ્કોર્પિયો એન), જેને ૧૭ વર્ષનો છોકરો (તેની બહેન સાથે બાજુમાં બેઠેલી) ચલાવી રહ્યો હતો, સાહિલની મોટરસાઇકલ સાથે સામસામે અથડાઈ, જેમાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું.

એસયુવી પાછળથી એક ઊભેલી ટેક્સી સાથે પણ અથડાઈ, જેના કારણે તેના ડ્રાઇવરને ઇજા થઈ હતી.



Deepak Somaiya

# ગુજરાત એસઆઈઆરની ફાઈનલ મતદાર યાદી જાહેર, રાજ્યમાં ૪.૪૦ કરોડ મતદારોઃ અમદાવાદમાં સૌથી વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ (એસઆઈઆર) હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી એસઆઈઆર (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશની સતત સાડા ત્રણ માસ સુધી હાથ ધરવામાં આવેલી વિવિધ તબક્કાઓની અસરકારક કામગીરી બાદ ૧૭ ફેબ્રુઆરી મંગળવારે આખરી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જે મુજબ રાજ્યમાં ૪.૪૦ કરોડ મતદારો નોંધાયા છે. એસઆઈઆર દરમિયાન મળેલા નાગરિકોના અદ્યતન ફોટોગ્રાફ પણ આગામી મતદાર યાદીમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૬ માટેની મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિ બાદ આખરી યાદીમાં અંદાજે ૫.૬૦ લાખ નવા મતદારોનો ઉમેરો થયો છે. જ્યારે ૩,૯૫,૫૫૫ નામ કમી કરવામાં આવ્યા છે. સુરત જિલ્લામાં સૌથી વધુ ૮૫,૭૩૪ નામ કમી કરવામાં આવ્યા છે. ત્યારબાદ અમદાવાદ જિલ્લામાં ૪૭,૬૨૭ નામ કમી થયા છે.

આ રીતે રાજ્યમાં કુલ ૫,૬૦,૫૬૬ મતદારોનો નેટ વધારો નોંધાયો છે, જે ટકા મુજબ ૧.૨૯ ટકા વૃદ્ધિ દર્શાવે છે. રાજ્યમાં કુલ મતદારોની સંખ્યા હવે ૪,૩૪,૭૦,૧૦૯ પર પહોંચી છે.

જિલ્લાવાર આંકડાઓ મુજબ અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ ૧,૦૫,૬૦૭ મતદારોનો નેટ વધારો નોંધાયો છે. અમદાવાદમાં ૧,૫૩,૨૩૪ નામ ઉમેરાયા અને ૪૭,૬૨૭ નામ કમી થયા બાદ અંતિમ સંખ્યા ૪૯,૧૨,૫૪૮ સુધી પહોંચી છે, જે ૨.૨૦ ટકાનો વધારો દર્શાવે છે. રાજ્યના રાજકીય દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ આ જિલ્લામાં મતદારોની વૃદ્ધિ આવનારી ચૂંટણી માટે અસરકારક સાબિત થઈ શકે છે.

રાજકોટ જિલ્લામાં ૩૩,૪૨૧ મતદારોનો નેટ વધારો નોંધાયો છે, જ્યારે વડોદરામાં ૩૪,૮૯૦નો વધારો થયો છે. ગાંધીનગરમાં ૨૧,૨૩૩ મતદારોનો વધારો (૧.૮૧%) નોંધાયો છે. જામનગરમાં ૨.૦૧% અને પોરબંદરમાં ૨.૧૨% વૃદ્ધિ નોંધાઈ છે, જે રાજ્યમાં સૌથી ઊંચા ટકા વધારામાં સામેલ છે.

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લામાં ૧,૦૧,૫૭૮ ઉમેરણ અને ૮૫,૭૩૪ કમી બાદ માત્ર ૧૫,૮૪૪નો નેટ વધારો નોંધાયો છે, જે ટકા મુજબ માત્ર ૦.૪૪% છે. આણંદ જિલ્લામાં પણ માત્ર ૦.૫૫%નો વધારો નોંધાયો છે. વલસાડમાં ૦.૪૧% વૃદ્ધિ નોંધાતા દક્ષિણના કેટલાક વિસ્તારોમાં મતદાર વૃદ્ધિ પ્રમાણમાં ધીમી રહી છે.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં ૨૪,૭૪૧નો નેટ વધારો (૧.૫૫%) નોંધાયો છે, જ્યારે બનાસકાંઠામાં ૧૧,૭૯૪ અને પાટણમાં ૭,૭૮૭નો વધારો થયો છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પણ અનુક્રમે ૧૬,૦૮૩ અને ૧૧,૩૯૦ મતદારોનો વધારો નોંધાયો છે. આદિવાસી વિસ્તારોમાં દાહોદ, પંચમહાલ, મહિસાગર અને છોટા ઉદેપુરમાં પણ સકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે. છોટા ઉદેપુરમાં ૧.૯૬% અને ડાંગ જિલ્લામાં ૨.૧૫%નો વધારો નોંધાયો છે, જે રાજ્યમાં ઊંચી વૃદ્ધિ દર્શાવે છે.

સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભાવનગરમાં ૨૯,૯૬૪નો નેટ વધારો નોંધાયો છે, જ્યારે જૂનાગઢમાં ૨૧,૦૧૪ અને અમરેલીમાં ૧૪,૩૮૪ મતદારો વધ્યા છે. કચ્છ જિલ્લામાં ૧૯,૩૭૬નો વધારો નોંધાયો છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ૯૯ મતદારોનો નેટ ઘટાડો નોંધાયો છે, જે રાજ્યમાં એકમાત્ર જિલ્લામાં નકારાત્મક વૃદ્ધિ દર્શાવે છે. ત્યાં ૨૧,૩૧૬ ઉમેરણ સામે ૨૧,૪૧૫ નામ કમી થયા છે.

આંકડાઓ દર્શાવે છે કે શહેરી વિસ્તારોમાં મતદારોની વૃદ્ધિ વધુ છે, જ્યારે કેટલાક જિલ્લાઓમાં સ્થળાંતર અને શહેરીકરણના કારણે કમી પણ નોંધાઈ છે. આવનારી સ્થાનિક સ્વરાજ્ય તેમજ વિધાનસભાની ચૂંટણી માટે આ અંતિમ મતદાર યાદી રાજકીય દ્રષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. રાજકીય પક્ષોએ જિલ્લાવાર આંકડાઓનું વિશ્લેષણ શરૂ કરી બૂથ લેવલની વ્યૂહરચના ગોઠવવાની કવાયત તેજ કરી દીધી છે. ■

# આજે ગુજરાતનું અત્યાર સુધીનું સૌથી મોટું ૩.૯૦ લાખ કરોડનું બજેટ રજૂ થવાની શક્યતા, ૨૦30 કોમનવેલ્થ ગેમ્સ પર ખાસ ભાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભામાં આવતીકાલે તા. ૧૮ ફેબ્રુઆરીએ રાજ્યનું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર રજૂ થવા જઈ રહ્યું છે. રાજ્યના નાણાં પ્રધાન કનુભાઈ દેસાઈ વિધાનસભામાં પાંચમી વખત બજેટ રજૂ કરશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ વખતનું બજેટ 'ફુલ ગુલાબી' રહે તેવી રાજકીય વર્તુળોમાં ચર્ચા છે. તેની સાથે સાથે વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખી માળખાગત સુવિધાઓ અને અર્બન ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર વિશેષ ભાર મુકાય તેવી શક્યતા વ્યક્ત થઈ રહી છે.

કનુભાઈ દેસાઈ આ વર્ષે રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ રજૂ કરે તેવી સંભાવના છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ગત વર્ષની સરખામણીએ અંદાજે ૧૫ ટકા વધારા સાથે આશરે ૩.૯૦ લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ થઈ શકે છે. નાણાં વિભાગે બજેટ તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચાડી છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં રજૂ થનાર આ અંદાજપત્રમાં શહેરો અને નગરપાલિકાઓ માટે વિશેષ ગ્રાન્ટ, માર્ગ-મકાન, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને સ્માર્ટ સુવિધાઓ માટે મોટી ફાળવણીના સંકેત છે.

અર્બન ડેવલપમેન્ટ વિભાગને વધારાનો ફાળો મળવાની શક્યતા છે.

આ સાથે જ વર્ષ ૨૦૩૦માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને રમતગમત ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ટેડિયમ અપગ્રેડેશન, ટ્રાન્સપોર્ટ કનેક્ટિવિટી અને હોટેલ-ટુરિઝમ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે નાણાકીય જોગવાઈઓ થઈ શકે છે. રાજ્યને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોજેક્ટ કરવા અને રોકાણ આકર્ષવા માટે વિશેષ યોજનાઓની જાહેરાત થવાની સંભાવના છે.

તે ઉપરાંત મધ્યમ વર્ગ, નાના વેપારીઓ અને ખેડૂતો માટે ખાસ રાહતની જાહેરાતો થવાની આશા છે.

રોજિંદા જીવનને સરળ બનાવતી યોજનાઓ, સબસિડી, હાઉસિંગ, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે નવી પહેલો જાહેર થવાની શક્યતા છે. 'ઘર-ઘર સુધી સરકાર'ના સૂત્રને અનુરૂપ ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર અને ડિજિટલ સેવાઓના વિસ્તરણ પર પણ ભાર મુકાઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લાં ૨૫ વર્ષમાં ગુજરાત સરકારે સતત વધતા કદ સાથે બજેટ રજૂ કર્યા છે. રાજ્યની આર્થિક વૃદ્ધિ, ઔદ્યોગિક રોકાણ અને કૃષિ વિકાસને ધ્યાનમાં રાખીને બજેટનું કદ દર વર્ષે વિસ્તરતું ગયું છે. ગત વર્ષના બજેટની સરખામણીએ આ વર્ષે અંદાજે ૧૫ ટકાનો વધારો નોંધાઈ શકે છે, જેને કારણે આ અત્યાર સુધીનું સૌથી મોટું બજેટ સાબિત થઈ શકે છે. ■

# કચ્છમાંથી ગરીબ લોકોના નામે બૅંક અકાઉન્ટ ખોલાવી, સાયબર ફ્રોડના રૂપિયાની હેરફેરઃ ૧૮૨.૩૭ કરોડના રેકેટનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશ અને દુનિયાભરમાં સાયબર ઠગી દ્વારા મેળવાયેલા કરોડો રૂપિયાની હેરાફેરી માટે કચ્છના કેટલાક ગરીબ લોકોને વિશ્વાસમાં લઇ, તેમના નામે ગાંધીધામ, આદિપુરમાં ભાડે રાખેલી દુકાનોના પ્રોપરાઇટર બનાવી, બોગસ પેઢીઓ ઊભી કરીને ઉદ્યમ રજિસ્ટર દ્વારા ખોલાવેલાં વિવિધ બેંક એકાઉન્ટ મારફતે ૧૮૨.૩૭ કરોડની હેરાફેરી કરવાનું કૌભાંડ બહાર આવતાં ભારે ચકચાર પ્રસરી હતી.

પૂર્વ કચ્છ સાયબર ક્રાઇમ પોલીસે આ કૌભાંડ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આદિપુરના યસ મુલચંદ ભાટીયા, સિદ્ધાર્થ સુનિલ સોની, સાહિલ દિનેશ શર્મા, વિજય રાણા, અલ્પેશ સુરેશ લુહાર, રાપરના ઈલુભા મંગુભા જાડેજા, મોટીરાવના વિશ્વરાજસિંહ ઉર્ફે વિશુભા બાલુભા જાડેજા,અને સણવાના હાર્દિક હરેશ રાજગોર એ પૂર્વ આયોજિત કાવતરું રચીને કચ્છના રાપરના આડેસર, ભુજના માધાપર ખાતે રહેતા કેટલાક ગરીબ અને ઓછું ભણેલા વ્યક્તિઓના નામે બેંકમાં સેવિંગ્સ તથા કરંટ એકાઉન્ટ ખોલાવ્યાં હતાં અને બેંક તરફથી મળતી કીટને પાસે રાખી હતી.

ભારત તથા અન્ય દેશોમાં થતા રહેતા સાયબર ફ્રોડ દ્વારા મેળવાયેલાં નાણાંને આ બેંક એકાઉન્ટસ મારફતે હેરાફેરી કરીને કમિશન મેળવીને પરત નાણાં ઠગબાજો સુધી પહોંચાડવા માટે આ આરોપીઓએ ગાંધીધામ તથા આદિપુરમાં દુકાનો ભાડે લીધી હતી. એકાઉન્ટ ધારકોની જાણ બહાર તેમને પ્રોપરાઇટર બનાવીને તેમના નામે પેઢીઓ બનાવી હતી. ઉદ્યમ રજિસ્ટ્રેશન કરાવી આ પેઢીઓના નામે ખોટાં ઇન્વોઇસ બિલો બનાવીને ભારતભરમાં જે ઠગાઈ કરીને સાયબર ક્રાઈમના ગુના આચરી ગેરકાયદે નાણાં મેળવીને તેને હેરાફેરી માટે આ અલગ અલગ એકાઉન્ટના ઉપયોગ કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીની તપાસમાં આરોપીઓએ કુલ ૮૧ બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા અને તેમાં ૧૮૨૩૭૬૮૮૬૨ રૂપિયાની હેરાફેરી કરી હતી.

બેંક એકાઉન્ટ દીઠ જુદી જુદી રકમનું કમિશન રાખીને આ નાણાં અન્ય અલગ અલગ જગ્યાઓએ મોકલ્યા હતા. આ સાયબર ક્રાઇમના મામલામાં પોલીસે તપાસ કરતા આ એકાઉન્ટમાં કુલ ૭૪ જેટલી સાયબર છેતરપિંડીની ફરિયાદો હોવાનું સામે આવ્યું હતું.

યસ મુલચંદ ભાટીયાએ એક એકાઉન્ટ ધારક સાથે રૂ.૫૦૦૫૩૨ રૂપિયાની ઠગાઈ કરી હતી. સાયબર ક્રાઇમ પોલીસના હેડ કોન્સ્ટેબલ અનિલ કુમાર વાળાગોતે સરકાર તરફે ફરિયાદ નોંધાવી હતી.

એક મકાન માલિકે શંકા જતાં દાખલ કરેલી અરજીના આધારે સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરતા આ સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ■

# પોરબંદરના દરિયામાંથી એટીએસ અને કોસ્ટ ગાર્ડની ટીમે ૨૦૦ કિલો ડ્રગ્સ ઝડપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત એન્ટિ ટેરરિઝમ સ્કવોડ (એટીએસ) અને ઇન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા પોરબંદર નજીક અરબી સમુદ્રમાં એક સફળ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ડ્રગ્સની હેરાફેરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો.. જેમાં એક શંકાસ્પદ ફિશિંગ બોટમાંથી ૨૦૦ કિલોથી વધુ નશીલા પદાર્થોનો જથ્થો મળી આવ્યો હતો. અગાઉ પણ ગુજરાતના દરિયાઈ પટ્ટામાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સ મળી આવ્યાની ઘટનાઓ બની ચૂકી છે. અબ્દુલ મજીદ અને અબ્દુલ સત્તાર નામના બે ઈરાનીને પકડ્યા હોવાનું બહાર આવ્યું હતું.

મળતી વિગતો અનુસાર, ગુજરાત નજીક અરબ સાગરમાં હાથ ધરવામાં આવેલા આ ઓપરેશન દરમિયાન ઈરાનથી આવી રહેલી એક શંકાસ્પદ ફિશિંગ બોટને આંતરવામાં આવી હતી, જેમાંથી ૨૦૦ કિલોથી વધુ નશીલા પદાર્થોનો જથ્થો મળી આવ્યો હતો. એટીએસના જણાવ્યા અનુસાર, આ હાઈ-સી ઓપરેશન દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતા ડ્રગ્સના કારોબાર પર મોટો પ્રહાર કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ જથ્થો સ્પિડ બોટ દ્વારા પહોંચાડવામાં આવશે, તેવી ખબર મળી હતી. સામાન્ય રીતે સ્પિડ બોટનો ઉપયોગ થતો નથી. બોટમાં ૨૦૦ કરતાં વધારે પેકેટ હતા. પકડાયેલો માણસ બલૂચી ભાષા બોલે છે. તેના ફોનના ડેટા ચેક કરવામાં આવી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન ફિશિંગ બોટમાં સવાર બે શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જેઓ આ ડ્રગ્સના જથ્થાને દરિયાઈ માર્ગે ઘુસાડવાની પેરવીમાં હતા. પકડાયેલા બંને આરોપીઓ અને જપ્ત કરાયેલા ડ્રગ્સના જથ્થાને વધુ તપાસ માટે પોરબંદર લાવવામાં આવશે. હાલ આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને તેનો મુખ્ય સૂત્રધાર કોણ છે, તે દિશામાં સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. ■

# કૉંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની તબિયત લથડી

## અમદાવાદની ઝાયડસ હૉસ્પિટલમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરની ખાડિયા-જમાલપુર બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાને હૃદય સંબંધી તકલીફ થતાં શહેરની ખાનગી ઝાયડસ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સોમવારે રાત્રે અચાનક છાતીમાં દુખાવો અને ભારે અસ્વસ્થતા અનુભવતા તેમને તાત્કાલિક તબીબી સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તપાસ દરમિયાન તેમના હૃદયની એક નળીમાં ૯૦ ટકા જેટલું ગંભીર બ્લોકેજ હોવાનું રિપોર્ટમાં જાણવા મળ્યું છે.

મળતી પ્રાથમિક માહિતી મુજબ, ઇમરાન ખેડાવાલાને અચાનક છાતીમાં દુખાવો, ઘેરો ગમ અને શ્વાસ લેવામાં તકલીફ જેવી ફરિયાદો જણાઈ હતી. પરિવારજનો અને નજીકના સહયોગીઓએ પરિસ્થિતિની ગંભીરતા સમજતા તરત જ તેમને હોસ્પિટલ લઈ જવાનો નિર્ણય કર્યો હતો. ઝાયડસ હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા તેમનું ઈસીજી, ૨ડી ઈકો, બ્લડ ટેસ્ટ સહિતના જરૂરી રિપોર્ટ લેવામાં આવી રહ્યા છે.

હોસ્પિટલ સ્રોતો મુજબ હાલ તેમની સ્થિતિ સ્થિર છે અને ચિંતા કરવાની જરૂર નથી, તેમ છતાં આગામી ૨૪થી ૪૮ કલાક સુધી તેમને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવશે. તબીબોએ સંપૂર્ણ આરામ અને તાણમુક્ત રહેવાની સલાહ આપી છે. ઇમરાન ખેડાવાલાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાની માહિતી મળતા કોંગ્રેસનાં આગેવાનો અને કોંગ્રેસી ધારાસભ્યો ઇમરાન ખેડાવાલાના ખબરઅંતર પૂછવા માટે હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. જમાલપુર-ખાડિયા વિસ્તારમાં પણ લોકોમાં ચિંતા જોવા મળી રહી છે. સ્થાનિક વેપારીઓ અને સમાજના આગેવાનો તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યા છે. ■

# અમિત શાહના હસ્તે સહકારી સંસ્થાઓના ૨૬૫.30 કરોડના પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા સહકારથી સમૃદ્ધિના વિઝનને સાકાર કરવાના હેતુથી ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર પ્રધાનો સાથેની એક ઉચ્ચ સ્તરીય 'મંથન બેઠક' કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં ઉપસ્થિત પ્રધાનોએ ટેકનોલોજીના ઉપયોગ અને સહકારી ક્ષેત્રમાં પારદર્શિતા લાવવા અંગે દિવસ દરમિયાન વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.

આ મંથન બેઠકના ઉદ્ઘાટન સત્રમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી, કેન્દ્રીય સહકારિતા રાજ્ય પ્રધાન કૃષ્ણપાલ ગુર્જર અને મુરલીધર મોહોલ, ગુજરાતના સહકાર પ્રધાન જીતુ વાઘાણી, રાજ્ય પ્રધાન રમેશભાઈ કટારા તેમજ સહકાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકના શુભારંભ સત્ર દરમિયાન કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીના હસ્તે ગુજરાતની વિવિધ સહકારી સંસ્થાઓના કુલ રૂ. ૨૬૫.૩૦ કરોડના પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેની વિગતો નીચે મુજબ છેઃ

- શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી દ્વારા રૂ. ૪૦ કરોડના ખર્ચે નર્મદા જિલ્લાના નાંદોદ ખાતે નવનિર્મિત ડિસ્ટિલરી ઇથેનોલ લિરી પ્લાન્ટનું લોકાર્પણ
- શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી દ્વારા રૂ. ૧૩૫ કરોડના ખર્ચે નર્મદા જિલ્લાના નાંદોદ ખાતે નવનિર્મિત ૩૦ મેગાવોટ પાવર કો-જનરેશન પ્લાન્ટનું લોકાર્પણ
- શ્રી નર્મદા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી દ્વારા રૂ. ૮ કરોડના ખર્ચે નર્મદા જિલ્લાના નાંદોદ ખાતે નવનિર્મિત ઓર્ગેનિક પોટાસ પ્લાન્ટનું લોકાર્પણ
- અમૂલ (ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ) દ્વારા રૂ. ૪૦ કરોડના ખર્ચે આણંદના ખાત્રજ ખાતે નવનિર્મિત વેરહાઉસનું લોકાર્પણ
- અમૂલ (ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ) દ્વારા રૂ. ૩૫ કરોડના ખર્ચે આણંદના ખાત્રજ ખાતે નવનિર્મિત વેજ પ્રોટીન કન્સન્ટ્રેશન પાવડર પ્લાન્ટનું લોકાર્પણ
- અમરેલીની સાવરકુંડલા APMC ખાતે રૂ. ૩.૬૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર મોટા કદના વેરહાઉસનું ખાતમુહૂર્ત
- પાટણ APMC ખાતે રૂ. ૩.૬૩ કરોડના ખર્ચે નિર્માણ પામનાર મોટા કદના વેરહાઉસનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ■

# અમદાવાદના પીપળજ ખાતે હર્ષ એન્ટરપ્રાઈઝમાં આગ

## ફાયર વિભાગે મેજર કોલ જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લાના પીપળજ ખાતે ઇન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલી કેમિકલ ફેક્ટરી હર્ષ એન્ટરપ્રાઈઝમાં આગ લાગી હતી. આગ ખૂબ જ વિકરાળ છે હોવાથી ફાયરબ્રિગેડ દ્વારા મેજર બ્રિગેડ કોલ જાહેર કરવામાં આવ્યો હતો. કંપનીમાં ઓઈલ અને કેમિકલનો જથ્થો હોવાને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું, જેના કાળા ધુમાડાના ગોટેગોટા બે કિમી દૂરથી પણ જોવા મળ્યા હતાં. છેલ્લાં સમાચાર મુજબ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ૨૫ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને આગ પર કાબૂ મેળવવા માટે કામગીરી શરૂ કરવામાં આવી છે. ફેક્ટરીમાં લાગેલી આગને પગલે ફાયર ઓફિસર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર સહિત તમામ ડિવિઝનલ ફાયર ઓફિસના ફાયરના અધિકારીઓ હાલ ઘટના સ્થળે પહોંચ્યા હતા. આગ એટલી વિકરાળ બની ગઈ છે કે રોડ સુધી આગ પહોંચી ગઈ હતી, આગને બે કિમી દૂરથી જોઈ શકાય છે. આગના કારણે રોડ પરનો અવર-જવરનો રસ્તો બંધ કરી દેવો પડ્યો હતો. ફાયર બ્રિગેડની ટીમના જવાનો પણ ખૂબ દૂરથી પાણીનો મારો ચલાવી રહ્યા છે.તમામ ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડની ગાડીઓને પીપળજ ખાતે મોકલવામાં આવી છે. ■

# અમદાવાદનો એસજી રોડ વાહનોથી છલકાયો, અકસ્માતોની સંખ્યા વધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરખેજ-ગાંધીનગર (એસ.જી) રોડ પર દિન પ્રતિદિન વાહનોની સંખ્યા વધી રહી છે. એક સમયે અમદાવાદના વિકાસના પ્રવેશદ્વાર તરીકે ઓળખાતો એસ. જી. રોડ ધીમે ધીમે વધતા જતાં વાહનોના બોજ હેઠળ દબાઈ રહ્યો છે. એનએચએઆઈ હસ્તકના આ કોરિડોર પર દૈનિક ટ્રાફિક ૨૦૧૭માં ૨૭,૧૭૮ વાહનોથી વધીને ૨૦૨૫માં ૧,૦૦,૮૭૦ પર પહોંચી ગયો છે. આ રોડ પર ૨૭૧ ટકાનો વધારો થયો છે. જે શહેરના અન્ય મુખ્ય માર્ગોની સરખામણીએ ઘણો વધારે છે. આ ઉપરાંત આ રોડ અકસ્માત ઝોન પણ બની રહ્યો છે. આ સમયગાળા દરમિયાન અમદાવાદ-મહેસાણા હાઈવે પર ૭૪.૮૫ ટકા, અમદાવાદ-રાજકોટ રોડ પર ૫૩.૪૪ ટકાનો વધારો નોંધાયો હતો. એસ.જી. રોડ પર દરરોજ ૧.૦૫ લાખથી વધારે પેસેન્જર કાર પસાર થાય છે.

વધતા ટ્રાફિકના કારણે આ રોડ પર અકસ્માતની સંખ્યા પણ વધી છે. ઈએમઆરઆઈ ૧૦૮ ના ૨૦૨૫ના ડેટા મુજબ, અમદાવાદના ૧૦ સૌથી ખતરનાક અકસ્માત હોટસ્પોટ્સમાંથી ૫ એસ.જી.રોડ પર અથવા તેની નજીક આવેલા છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, વાહનોની વિશાળ સંખ્યા અને ટ્રાફિકની જટિલ પેટર્નને જોતાં, એસ.જી. રોડ પર માર્ગ અકસ્માતના કિસ્સાઓ પ્રમાણમાં વધુ છે. શહેરમાં નોંધાતા દર ૧૦ માર્ગ અકસ્માતોમાંથી એક અકસ્માત માત્ર એસ.જી. રોડ કોરિડોર પર થાય છે.

સૂત્રોએ કહ્યું કે, એસ.જી. રોડ પર ટ્રાફિકનું પ્રમાણ અગાઉના અંદાજો કરતા ઘણું વધારે વધી ગયું છે. જોકે ગુજરાત સરકાર અને કેન્દ્ર બંનેએ નવા ફલાયઓવર અને અંડરપાસમાં મોટું રોકાણ કર્યું છે, તેમ છતાં ટ્રાફિક અનેકગણો વધી ગયો છે. ટ્રાફિકને ધ્યાનમાં રાખીને સરખેજથી ચિલોડા સુધી અવિરત મુસાફરી સુનિશ્ચિત કરવા માટે એક એલિવેટેડ કોરિડોર અને ત્રણ નવા બ્રિજ બનાવવાનું કામ પણ પ્રગતિમાં છે. ઉલ્લેખનીય છે કે આ રોડ પર ૨૦૨૩માં ઈસ્કોન બ્રિજ કાંડ બન્યો હતો. જેમાં તથ્ય પટેલે પૂરઝડપે કાર હંકારીને ૯ લોકોનાં ભોગ લીધા હતા. જોકે માત્ર એસજી રોડ નહીં સમગ્ર અમદાવાદના રસ્તાઓ વાહનોથી છલકાઈ રહ્યા છે, જેના લીધે અકસ્માત, ટ્રાફિક જામ અને રોડરેજ જેવી સમસ્યાઓ વકરી રહી છે. ■

# રાજકીય પક્ષોને બોગસ ડોનેશન અપાવવાના કૌભાંડમાં અમદાવાદના ૧૧ સીએ સામે પગલાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકીય પક્ષોને દાનના બોગસ કેસમાં ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાના બોર્ડ ઓફ ડિસિપ્લિન દ્વારા અમદાવાદના ૧૧ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ(સીએ)ને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. બોર્ડે તેના આદેશમાં નોંધ્યું હતું કે આ કેસમાં સંડોવાયેલા રાજકીય પક્ષો સામે આવકવેરા વિભાગ દ્વારા રિ-એસેસમેન્ટની કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી કે તેમની સામે કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. સીએ દ્વારા બોર્ડને સહાનુભૂતિપૂર્વક વિચારવાની વિનંતી કરવામાં આવી હતી અને ભવિષ્યમાં આવું વર્તન નહીં કરે તેવી ખાતરી આપવામાં આવી હતી. તેમની રજૂઆતોને ધ્યાનમાં રાખીને બોર્ડે માત્ર ઠપકો આપવાનો આદેશ આપ્યો હતો.

આદેશમાં જણાવાયું હતું કે, કેસની હકીકતોને ધ્યાનમાં લેતા, જેમાં આવકવેરા વિભાગ દ્વારા કોઈ પુનઃમૂલ્યાંકન કરવામાં આવ્યું નથી કે સંકળાયેલા રાજકીય પક્ષો સામે કોઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી નથી, અને સીએ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં રાખીને, બોર્ડે તેમને ઠપકો આપવાનું નક્કી કર્યું છે.

બોર્ડે એ પણ અવલોકન કર્યું હતું કે, આ સીએ સભ્યોએ ૨૦૨૧ માં આપેલાં તેમનાં નિવેદનો લગભગ બે વર્ષ પછી ૨૦૨૩ માં એફિડેવિટ દ્વારા પાછા ખેંચ્યાં હતાં. બોર્ડે નોંધ્યું હતું કે તેઓ લાંબા સમય સુધી તેમના મૂળ નિવેદનો પર અડગ રહ્યા હતા અને જ્યારે શિસ્તભંગની કાર્યવાહીનો સામનો કરવો પડ્યો ત્યારે જ તેને પાછા ખેંચવાનો પ્રયાસ કર્યો હતો.

આ કેસ ફેબ્રુઆરી ૨૦૨૧ માં અમદાવાદ સ્થિત ત્રણ રાજકીય પક્ષો અને બે ચેરિટેબલ સંસ્થાઓ પર આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ કરવામાં આવેલા સર્ચ અને સીઝર ઓપરેશન સાથે સંકળાયેલો છે. વિભાગે મોટા પાયે ટેક્સ ચોરીની આશંકા વ્યક્ત કરી હતી.

આઇ-ટી વિભાગના જણાવ્યા અનુસાર, આશરે ૨૮ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બોગસ ડોનેશન સ્કીમ'માં ગ્રાહકો શોધતા હોવાનું જાણવા મળ્યું હતું. એક્ટની કલમ ૧૩૨(૪) અને ૧૩૧(૧અ) હેઠળ શપથ પર નોંધાયેલા નિવેદનોમાં આ સીએ સભ્યોએ કથિત રીતે પોતાની ભૂમિકા કબૂલી હતી. ■

# વિવિધ શહેરોની કોર્ટને ઉડાડી દેવાની ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ અને વડોદરાની લગભગ ૪૦થી વધુ સ્કૂલોને બૉમ્બથી ઉડાડી દેવાની ધમકીભર્યા ઈમેલ્સ સોમવારે મળ્યા હતા અને પોલીસ, સ્કૂલ સંચાલકો અને વાલીઓ સહિત સમગ્ર તંત્ર તપાસમાં લાગી ગયું હતું. ત્યારે મંગળવારે ફરી આવા ઈમેલ્સ કોર્ટને મળ્યા હતા. અમદાવાદ, રાજકોટ, વડોદરા, ગાંધીનગર, મહેસાણા અને વલસાડની કોર્ટને ધમકી ભર્યા મેઈલ મળ્યા હતા.

મળતી વિગતો અનુસાર, આજે વહેલી સવારે આ ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યો હોવાનું જાણવા મળ્યું હતું. લંચ ટાઈમ દરમિયાન બ્લાસ્ટ કરવામાં આવશે તેવી ધમકી આપવામાં આવી હતી. વલસાડ જિલ્લા કોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ અને વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. મોટી સંખ્યામાં પોલીસ કાફલો કોર્ટ પરિસરમાં પહોંચ્યો હતો અને કોર્ટ પરિસરને ખાલી કરાવી દેવામાં આવ્યું હતું.

બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીને પગલે તમામ સંબંધિત કોર્ટની ન્યાયિક કાર્યવાહીને તાત્કાલિક ધોરણે રોકી દેવામાં આવી હતી. પોલીસ, બૉમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ બીડીએસ અને ડોગ સ્ક્વોડ દ્વારા ખૂણે-ખૂણે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જોકે કંઈ જ શંકાસ્પદ સામગ્રી મળી ન હતી. ■

# અમદાવાદ - સુરત સહિત ગુજરાતના ૨૧ શહેરોમાં વંદે ભારતની કનેક્ટિવિટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ૨૧ શહેરમાં વંદે ભારતની કનેક્ટિવિટી મળી રહી છે. અસારવા-ઉદેપુર વંદે ભારત એક્સપ્રેસ શરૂ થવાની સાથે જ ઉત્તર ગુજરાતનાં શહેરો પણ આની સાથે જોડાઈ ચુક્યાં છે. ગાંધીનગર, અમદાવાદ, આણંદ, વડોદરા, સુરત, વલસાડ, વાપી, પાલનપુર, મહેસાણા, સાણંદ, વિરમગામ, સુરેન્દ્રનગર, વાંકાનેર, રાજકોટ, જામનગર, દ્વારકા, ઓખા, જૂનાગઢ, વેરાવળ, નવસારી, હિંમતનગરમાં વંદે ભારતની કનેક્ટિવિટી મળી રહી છે. રાજ્યનું સૌથી મોટું શહેર અમદાવાદ મુખ્ય હબ તરીકે કાર્યરત છે, જ્યાં તમામ છ વંદે ભારત ટ્રેનોની સુવિધા મળે છે. વડોદરા, સુરત, વાપી, રાજકોટ, વિરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર જેવાં શહેરોમાં બે વંદે ભારત સેવાઓ ઉપલબ્ધ છે. જ્યારે પાલનપુર, મહેસાણા, જામનગર, જૂનાગઢ, વેરાવળ, સોમનાથ, દ્વારકા, આણંદ, વલસાડ, નવસારી અને હવે હિંમતનગરમાં એક-એક ટ્રેન સેવા ઉપલબ્ધ છે. ■

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

# ઈન્ફ્લેશનનો નવો અવતાર, વધુ વાસ્તવિક કે નવી માયાજાળ?

**'કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ'ની નવી સીરિઝમાં સોનાચાંદી, હીરા ઝવેરાત, હેલ્થકેર, એજ્યુકેશનના ઉમેરાથી માંડીને કાંદા, બટાટા, ટામેટાના વેઈટિજમાં ઘટાડા સહિતના અનેક ફેરફાર કરવામાં આવ્યા છે, જાણો કારણો, અપેક્ષાઓ અને વિગતો**

ભારતમાં ઇન્ફ્લેશન એટલે કે લોકભાષામાં મોંઘવારીનો દર માપવા માટે ઉપયોગમાં લેવાતો કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સ (સીપીઆઇ) હવે ૨૦૨૪ને આધાર વર્ષ બનાવી નવી શ્રેણી સાથે રજૂ થયો છે. આધાર વર્ષમાં ફેરફાર કોઈ ટેક્નિકલ પ્રક્રિયા જેટલું સરળ નથી; કારણ કે તે સામાન્ય લોકોની ખરીદ શક્તિ, પગાર વધારો, મોંઘવારી ભથ્થું, વ્યાજ દરો અને સરકારી નીતિઓને સીધી અસર કરે છે.

નવા સીપીઆઇના સૌપ્રથમ ડેટામાં જાન્યુઆરી માટે સીપીઆઇ ઇન્ફ્લેશન ૨.૭૫ ટકા જાહેર થયો છે. નવી શ્રેણીમાં કવરેજ ૨૯૯થી વધારીને ૩૫૮ વસ્તુઓ સુધી વિસ્તર્યું છે, જેમાં ૩૦૮ ચીજવસ્તુઓ અને ૫૦ સર્વિસિસનો સમાવેશ થાય છે. આ માટે હવે ૧,૪૬૫ ગ્રામીણ અને ૧,૩૯૫ શહેરી બજારો તેમજ ૧૨ ઓનલાઈન બજારોમાંથી પ્રાઇસ ડેટા એકત્રિત કરવામાં આવે છે. નવી સીપીઆઇ શ્રેણી વર્ગીકરણને છ જૂથોથી ૧૨ જૂથોમાં વિસ્તૃત કરે છે, જેમાં ઘણી સ્વતંત્ર શ્રેણીઓ ઉમેરી છે. નવા માળખામાં સિલ્વર, ગોલ્ડ, ડાયમંડ જ્વેલરી, ઓનલાઇન મિડિયા અને સ્ટ્રીમીંગ સર્વિસિસ સહિતની નવી આઇટમો ઉમેરવામાં આવી છે, તો બીજી તરફ કાંદા, બટાટા અને ટામેટાનું વેઇટેજ ઘટાડવામાં આવ્યું છે!

સવાલ એ છે કે આ નવી સીપીઆઇ શ્રેણીના અમલને કારણે સામાન્ય નાગરિકના જીવનમાં શું પરિવર્તન લાવશે? સૌપ્રથમ, આધાર વર્ષ બદલવાનું કારણ સમજવું જરૂરી છે. સમય સાથે લોકોના ખર્ચના માળખામાં ફેરફાર આવે છે. આજે શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારોમાં મોબાઇલ ડેટા, ઑનલાઇન સેવાઓ, હેલ્થકેર, શિક્ષણ અને પરિવહન પરનો ખર્ચ વધી રહ્યો છે.

૨૦૧૨ આધાર વર્ષવાળી જૂની સીપીઆઇ શ્રેણી હવે વર્તમાન વપરાશની હકીકતને સંપૂર્ણ રીતે પ્રતિબિંબિત કરતી નથી. તેથી ૨૦૨૪ આધાર વર્ષ સાથે નવી વેઇટેજ પદ્ધતિ અને વસ્તુ-સેવાઓની બાસ્કેટ અપડેટ કરવી તર્કસંગત છે. પરંતુ જનતા માટે મુખ્ય ચિંતા એ છે કે આ ફેરફાર મોંઘવારીનો સત્તાવાર આંકડો ઓછો દેખાડવાનો પ્રયાસ તો નથી ને?

જ્યારે રસોડામાં શાકભાજી, દૂધ, ગેસ સિલિન્ડર, ભાડું અને દવાઓના ભાવ સતત વધતા હોય, ત્યારે જો સત્તાવાર સીપીઆઇ દર નિયંત્રિત દેખાય તો લોકોમાં વિશ્વાસનો અભાવ સર્જાય છે. મોંઘવારી માત્ર આંકડો નથી; તે દરરોજની જીવનશૈલીનો અનુભવ છે. નવી સીપીઆઇ શ્રેણીમાં ખાદ્ય પદાર્થોનું વેઇટેજ થોડું ઘટે અને સેવાઓનું વેઇટેજ વધે તેવી શક્યતા છે, કારણ કે દેશની આવક અને જીવનસ્તર વધતાં લોકો સેવાઓ પર વધુ ખર્ચ કરે છે.

જોકે, ગ્રામીણ અને ઓછી આવક કમાનારા વર્ગ માટે ખાદ્ય પદાર્થો હજી પણ કુલ ખર્ચનો મોટો ભાગ છે. જો વેઇટેજમાં ફેરફારથી ખાદ્ય પદાર્થોની મોંઘવારી (ફૂડ ઇન્ફ્લેશન)નો પ્રભાવ ઓછો દેખાડાય, તો તે સામાજિક અસમાનતાને અદ્રશ્ય બનાવવાની જોખમી દિશામાં જઈ શકે છે. આ સાથે એક મહત્વનો મુદ્દો એ છે કે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા પોતાની મોનેટરી પોલિસી માટે સીપીઆઇને મુખ્ય સૂચક તરીકે ઉપયોગ કરે છે. વ્યાજ દર નક્કી કરતી વખતે મોંઘવારીનો દર કેન્દ્ર સ્થાને હોય છે. જો નવી સીપીઆઇ શ્રેણી હેઠળ મોંઘવારીનો દર નીચો દેખાય, તો વ્યાજ દરોમાં રાહત મળી શકે. હોમ લોન, વ્હીકલ લોન અને ઉદ્યોગોને તેનો ફાયદો થાય.



પરંતુ જો વાસ્તવિક મોંઘવારી ઊંચી હોય અને આંકડાકીય રીતે નીચી દેખાય, તો બચતકારોને નકારાત્મક વાસ્તવિક વ્યાજ દરનો સામનો કરવો પડી શકે.

સરકારી કર્મચારીઓ અને પેન્શનરો માટે ડીએ (મોંઘવારી ભથ્થું) સીપીઆઇ સાથે જોડાયેલું છે. નવી શ્રેણી હેઠળ ડીએની ગણતરીમાં ફેરફાર આવે તો સીધો અસર લાખો પરિવારો પર પડશે. તેથી લોકો સમજી શકે કે કેવી રીતે વેઇટેજ બદલાયા, કઈ નવી વસ્તુઓ ઉમેરાઈ અને કઈ કાઢી નાખાઈ, તેની પારદર્શિતા અને સ્પષ્ટતા અતિઆવશ્યક છે. જનતાના દૃષ્ટિકોણથી સૌથી અગત્યનું છે વિશ્વસનીયતા. જો આંકડાઓ પર વિશ્વાસ રહેશે, તો નીતિઓ પર વિશ્વાસ વધશે. નહીંતર આંકડાઓમાં વિકાસ અને જીવનમાં સંઘર્ષ વચ્ચે અંતર વધશે. નવી સીપીઆઇ શ્રેણી રજૂ કરતી વખતે સરકારે અને આંકડા એજન્સીએ ઓપન સિસ્ટમ, સેમ્પલ સાઇઝ અને ડેટા સંગ્રહની પ્રક્રિયા જાહેર કરવી જોઈએ. આખરે, આધાર વર્ષ બદલવું સમયોચિત પગલું છે. અર્થતંત્ર ગતિશીલ છે અને આંકડાઓ પણ સમયસર અપડેટ થવા જોઈએ. પરંતુ કોઈ પણ આંકડો ત્યારે જ અર્થપૂર્ણ બને, જ્યારે તે સામાન્ય નાગરિકના અનુભવ સાથે મેળ ખાતો હોય. ૨૦૨૪ આધાર વર્ષની નવી સીપીઆઇ શ્રેણી જો વાસ્તવિક જીવનના ખર્ચને પ્રામાણિક રીતે દર્શાવે, તો તે નીતિનિર્માણને વધુ અસરકારક બનાવશે. નહીંતર તે માત્ર એક નવો આંકડો બની રહેશે, જે કાગળ પર મોંઘવારી ઘટાડે, પરંતુ થાળીમાં નહીં. મોંઘવારીનો પ્રશ્ન માત્ર અર્થશાસ્ત્રનો વિષય નથી; તે વિશ્વાસનો વિષય છે. નવી સીપીઆઇ શ્રેણી એ વિશ્વાસ મજબૂત કરે છે કે નહીં, તેનો જવાબ આગામી મહિનાઓમાં લોકોના અનુભવ આપશે. વધુ એક પાસું એ પણ છે કે નવી સીપીઆઇ શ્રેણી શહેર અને ગામડાં વચ્ચેના ખર્ચના અંતરને વધુ સ્પષ્ટ રીતે દર્શાવશે કે નહીં! છેલ્લા દાયકામાં શહેરીકરણ ઝડપી થયું છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં આવકની ગતિ એ જ પ્રમાણમાં વધી નથી.

જો આંકડાકીય રીતે બંને વિસ્તારોને સમાન રીતે રજૂ કરવામાં આવે, તો હકીકતમાં રહેલી અસમાનતા ધૂંધળી બની શકે છે. જનતા ઈચ્છે છે કે અલગ-અલગ આવકવર્ગ અને પ્રદેશ મુજબ મોંઘવારીનું ચિત્ર સ્પષ્ટ દેખાય. ડિજિટલ અર્થતંત્રના વધતા પ્રભાવને પણ ધ્યાનમાં લેવું જરૂરી છે.

ઓટીટી સબ્સ્ક્રિપ્શન, ડિજિટલ પેમેન્ટ ચાર્જ, ઑનલાઇન શિક્ષણ અને હેલ્થ કન્સલ્ટેશન હવે ઘરના બજેટનો ભાગ બની ગયા છે. નવી બાસ્કેટમાં આવા ખર્ચનો સમાવેશ થવાથી સીપીઆઇ વધુ આધુનિક બનશે. પરંતુ સાથે સાથે પરંપરાગત ખર્ચ-અનાજ, તેલ, મસાલા જેવી ચીજોને યોગ્ય મહત્વ મળે તે પણ જરૂરી છે.

સરકાર માટે આ તક છે કે તે આંકડાકીય સુધારાને વિશ્વાસના સુધારામાં બદલે. ખુલ્લી ચર્ચા, નિષ્ણાતોની સલાહ અને નિયમિત સમીક્ષા દ્વારા સીપીઆઇને જીવંત દસ્તાવેજ બનાવવો જોઈએ. કારણ કે અંતે, મોંઘવારીનો દર ફક્ત નીતિનિર્માતાઓ માટેનો સૂચક નથી; તે સામાન્ય પરિવારના માસિક બજેટનું પ્રતિબિંબ છે.

જો નવી સીપીઆઇ શ્રેણી લોકોના અનુભવને વધુ નજીકથી પકડશે, તો તે અર્થવ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારી વધારશે. નહીંતર, તે માત્ર પદ્ધતિનો ફેરફાર બની રહેશે. જોકે, હાલ તો બધું રંધાઇ ગયું હોવાથી આપણે માત્ર નિયમિત સમીક્ષાની અપેક્ષા રાખી શકાય. જનતાની અપેક્ષા સ્પષ્ટ છે-આંકડાની માયાજાળ કે આભાસ ના ઊભો કરે, વાસ્તવિક ચિત્ર રજૂ થાય એવી પદ્ધતિ અપનાવો!■

---

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

બાંગ્લાદેશમાં સત્તાપલટોઃ

# તારિક રહેમાનના ઉદયથી ભારત માટે ઊભા થયા છે નવા પડકાર




બાંગ્લાદેશ - ભારતની સરહદ



તારિક રહેમાન

બાંગ્લાદેશના રાજકીય ઇતિહાસમાં તાજેતરમાં સર્જાયેલું પરિવર્તન માત્ર એક સત્તાપલટો નથી, પરંતુ સમગ્ર દક્ષિણ એશિયાનાં ભૂ-રાજકીય સમીકરણોને હચમચાવી દેનારી એક ઘટના છે. શેખ હસીનાના દોઢ દાયકા લાંબા શાસનનો જે રીતે અંત આવ્યો અને જે રીતે બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી (BNP)એ અભૂતપૂર્વ બહુમતી સાથે સત્તાનાં સૂત્રો સંભાળ્યા છે એનાથી ભારત સહિતના પડોશી દેશોને નવી વ્યૂહરચના વિચારવા મજબૂર કર્યા છે.

આ ચૂંટણીમાં BNPએબે તૃતીયાંશ પ્રચંડ બહુમતી મેળવીને સાબિત કર્યું છે કે જનતામાં પરિવર્તનની લહેર કેટલી પ્રબળ હતી. આ જીત સાથે જ દાયકાઓથી દેશનિકાલ ભોગવી રહેલા અને લંડનથી પક્ષનું સંચાલન કરી રહેલા તારિક રહેમાન હવે બાંગ્લાદેશના નવા વડા પ્રધાન બનવા જઈ રહ્યા છે, જે બાંગ્લાદેશના રાજકારણમાં એક નવા અને વિવાદાસ્પદ અધ્યાયની શરૂઆત મનાય છે.

આ સમગ્ર રાજકીય ડ્રામાની પૃષ્ઠભૂમિ વિદ્યાર્થી આંદોલન દ્વારા તૈયાર થઈ હતી. નોકરીઓમાં અનામત અને સરકારી દમન વિરુદ્ધ શરૂ થયેલું આ આંદોલન જોતજોતામાં લોકક્રાંતિમાં ફેરવાઈ ગયું અને શેખ હસીનાને રાતોરાત દેશ છોડીને ભાગવું પડ્યું. તેમની પાર્ટી અવામી લીગ, જે ઐતિહાસિક રીતે ભારતની અત્યંત નજીક રહી છે, તેને ચૂંટણી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવી, જેના કારણે વિરોધ પક્ષો માટે મેદાન સાવ મોકળું થઈ ગયું હતું. આ સ્થિતિમાં તારિક રહેમાનનો ઉદય ભારત માટે ચિંતાનો વિષય છે, કારણ કે તેમના પર અનેક ભ્રષ્ટાચાર અને ગુનાહિત કેસો છે અને ભૂતકાળમાં તેમનું વલણ ભારત પ્રત્યે ક્યારેય હકારાત્મક રહ્યું નથી.

ચૂંટણીનાં પરિણામોમાં એક આશ્ચર્યજનક પાસું 'જમાત-એ-ઇસ્લામી ' નો પરાજય રહ્યો છે. કટ્ટરપંથી અને સાંપ્રદાયિક વિચારધારા ધરાવતી આ પાર્ટીને જનતાએ સ્પષ્ટપણે નકારી દીધી છે. ખાસ કરીને બાંગ્લાદેશની મહિલા મતદારોએ આ વખતે ખૂબ જ સમજદારીપૂર્વક મતદાન કર્યું છે. મહિલાઓએ અનુભવ્યું કે જમાતની વિચારધારા તેમના અધિકારો અને સ્વતંત્રતા માટે જોખમી છે, પરિણામે મોટા પાયે મહિલાઓના મતો BNP તરફ વળ્યા. આ દર્શાવે છે કે બાંગ્લાદેશનો સમાજ કદાચ કટ્ટરવાદને બદલે લોકશાહી માળખામાં વધુ વિશ્વાસ ધરાવે છે, જોકે BNPની અંદર રહેલાં કટ્ટરપંથી તત્ત્વો હજુ પણ ભારત માટે પડકારરૂપ છે.

આ બધા દરમિયાન નોબેલ વિજેતા મુહમ્મદ યુનુસની ભૂમિકા પણ આ સંક્રમણકાળમાં વિવાદાસ્પદ રહી. અંતરિમ સરકારના વડા તરીકે તેમણે જે રીતે ચૂંટણીમાં વિલંબ કરવાનો પ્રયાસ કર્યો અને તેમનું ભારત વિરોધી વલણ જે રીતે છતું થયું, તેનાથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં તણાવ વધ્યો હતો. યુનુસ સત્તા પર પકડ જમાવી રાખવા માગતા હતા, પરંતુ જનતાના દબાણ અને વિદ્યાર્થીઓના આક્રોશ સામે તેમણે નમતું જોખવું પડ્યું અને આખરે ચૂંટણીઓ યોજાઈ. ભારત માટે આ પરિવર્તનની અસરો અત્યંત ગંભીર છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૪,૦૦૦ કિલોમીટરથી વધુ લાંબી સરહદ છે, જે સુરક્ષાની દૃષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે. શેખ હસીનાના શાસનમાં ભારતનાં ઈશાન રાજ્યોમાં આતંકવાદને કાબૂમાં લેવામાં મોટી સફળતા મળી હતી , કારણ કે હસીના સરકારે ભારત વિરોધી જૂથોને આશરો આપવાનું બંધ કર્યું હતું. હવે, BNP ની સરકારમાં જમાત જેવાં તત્ત્વોનો પ્રભાવ વધશે, તો ભારતની પૂર્વીય સરહદ પર ફરીથી આતંકવાદી પ્રવૃત્તિઓ માથું ઊંચકી શકે છે. આ સુરક્ષા પડકાર ભારતની આંતરિક શાંતિ માટે મોટું જોખમ સાબિત થઈ શકે છે.

આર્થિક મોરચે પણ બાંગ્લાદેશ ભારતનું મોટું વેપારી ભાગીદાર છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં બંને દેશ વચ્ચે કનેક્ટિવિટી અને એનર્જી સેક્ટરમાં મોટા પ્રોજેક્ટ્સ શરૂ થયા હતા. તારિક રહેમાનની સરકારમાં બાંગ્લાદેશનો ઝુકાવ પાકિસ્તાન અને ચીન તરફ વધવાની પૂરેપૂરી શક્યતા છે, જે ભારતનાં વ્યૂહાત્મક હિતોને નુકસાન પહોંચાડી શકે છે. બાંગ્લાદેશમાં ચીન પોતાનાં રોકાણો વધારીને ભારતને ઘેરવાની કોશિશ કરશે, જે દક્ષિણ એશિયામાં શક્તિનું સંતુલન બગાડી શકે છે. આ ઉપરાંત, બાંગ્લાદેશમાં વસતા લઘુમતી હિન્દુઓ પર થતા હુમલાઓ અને તેના કારણે ઉદભવતી શરણાર્થીઓની સમસ્યા ભારત માટે સામાજિક અને રાજકીય માથાનો દુખાવો બની શકે છે.

નિષ્કર્ષમાં, બાંગ્લાદેશમાં થયેલો આ સત્તાપલટો ભારત માટે એક નવી કસોટી સમાન છે. ભારતને હવે તેની 'નેબરહુડ ફર્સ્ટ' પોલિસીમાં મોટા ફેરફારો કરવા પડશે. તારિક રહેમાનની નવી સરકાર સાથે તણાવમુક્ત સંબંધો જાળવવા અને તે જ સમયે પોતાની રાષ્ટ્રીય સુરક્ષા સાથે કોઈ બાંધછોડ ન કરવી એ ભારતની વિદેશ નીતિ માટે સૌથી મોટો પડકાર રહેશે. બાંગ્લાદેશનું આ નવું રાજકીય ચિત્ર આગામી વર્ષોમાં દક્ષિણ એશિયાની શાંતિ અને પ્રગતિની દિશા નક્કી કરશે .... ■

---

આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# સાગના વૃક્ષે રાતા પાણીએ રડાવ્યા ને અમૂલ્ય બચત ડૂબાડી

સાગમાં રોકાણ કસદાર - દમદાર - નફાકારક હોવા વિશે નિષ્ણાતો લાલ બત્તી ધરી રહ્યા હતા, એવામાં ૧૯૯૮ની ૧૫મી ડિસેમ્બરે જાણે સત્ય-સ્ફોટ કરી દીધો. રૂા. ૧૦૦ કરોડની અનુભવ પ્લાન્ટેશન્સ નામની કંપનીનો ફુગ્ગો ફૂટી ગયો. ચેન્નાઈ સ્થિત અનુભવ ગ્રૂપ ઑફ કંપનીનું આ ડિવિઝન એકાએક અખબારને છાપરે ચડી ગયું. કારણ? એકદમ સરળ અને સ્પષ્ટ હતું કે રોકાણકારોને મુદલ પાકયે મેચ્યોર થયેલી રકમ ચુકવાતી નહોતી.

સાગનાં વાવેતરમાં વિશ્વાસ કરનારા રોકાણકારોની ધીરજ ખૂટી, મનમાં ફફડાટ વધવા માંડ્યો પણ કરવું શું? આ બધા વચ્ચે અનુભવ ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર સી. નેટશાન એકદમ ગાયબ થઈ ગયા. ફરી રોકાણકારોમાં ઉચાટ વધવા માંડ્યો. આ મામલે હવે પોલીસ અને અન્યો એકદમ સક્રિય થઈ ગયા.

અંતે એમ.ડી. સાહેબની ધરપકડ થઈ. રોકાણકારોના મનમાં આછી આશા જાગી ખરી. શું દિલ્હી દૂર હતી કે નજીક? અનેક રાજ્યોમાં અનુભવ ગ્રૂપની કચેરીઓ પર તાળાં લટકવા માંડ્યાં હતાં. હવે જવું ક્યાં માગણી કરવા? એક જ માર્ગ હતો, ધીરજ ધરો અને રાહ જુઓ.

આ અફરાતફરી વચ્ચે કંપનીએ વચગાળાનો માર્ગ કાઢ્યો. રોકાણકારોને મૂળ પ્લસ આવક પૂરેપૂરી તરત કે એક ઝાટકે મળવાની નહોતી. કંપનીએ કોમ્પ્રોમાઈઝ ફોમ્યુલા રજૂ કરી હતી. વચન અપાયું કે સન ૧૯૯૮, ૧૯૯૯ના ત્રીજા અને ચોથા ક્વાર્ટર (ત્રિમાસિક) અને સન ૨૦૦૦ના પહેલા ત્રણ ક્વાર્ટરના વચગાળાની ચુકવણી સને ૨૦૦૦ની પહેલી ઑક્ટોબરે કરાશે, વાર્ષિક બાર ટકાના વ્યાજ સાથે.

હકીકતમાં તો રોકાણકારોને એમની થાપણ પાછી ચુકવી ન શકતા. ૧૯૯૮માં કંપનીએ શટર પાડી દીધા હતા. આ અનુભવ ગ્રૂપ નાનુંસુનું નહોતું. એ ગ્રૂપ હેઠળ અનુભવ એગ્રોટેક, અનુભવ ગ્રીન ફાર્મ્સ ઍન્ડ રિસોર્ટસ, અનુભવ પ્લાન્ટેશન્સ અને અનુભવ રોયલ ઓર્ચાર્ડસ એક્સપોર્ટસ જેવી કંપનીઓ હતી.

શરૂઆતમાં તો ગ્રુપના ચેરમેન અને એમ.ડી. નેટશાન ભૂગર્ભમાં જતા રહ્યા અને બાકીના ડિરેક્ટરોએ એ બાબતમાં અજ્ઞાન વ્યક્ત કરી દીધું હતું. ધીરે - ધીરે આ કામગીરી મોટું સ્કૅમ કે છેતરપિંડી હોવાનું જગજાહેર થયું. હાલ વિકીપીડિયા પર ઉપલબ્ધ માહિતી મુજબ અનુભવે રૂા. ૪૦૦ કરોડની છેતરપિંડી કરી હતી. એટલે હજીય મીડિયામાં એનો ઉલ્લેખ 'ધ ગ્રેટ પ્લાન્ટેશન સ્કૅમ ઑફ ૧૯૯૦' તરીકે થાય છે.

આ સાગનો વાઘ ૧૯૯૮ના જાન્યુઆરીમાં કાગળનો હોવાનો સાબિત થવા માંડ્યું હતું. રોકાણકારોને અપાયેલા ચેક બાઉન્સ થવા માંડ્યા હતા. અનેક રોકાણકારોના માત્ર પહેલા બે ચેક ક્લિઅર થયા પણ પછી ચેક બાઉન્સ થવા માંડ્યા હતા.

આ નાનીસુની ઉપાધિ નહોતી કારણ કે રોકાણકારો કંઈ લખપતિ કે કરોડપતિ નહોતા. એ બધા મધ્યમ વર્ગીય અને નિવૃત્ત નાગરિકો હતા, જેમણે પોતાની બચતનું કંપનીમાં રોકાણ કર્યું હતું. મુંબઈ, પુણે, સાંગલી, ત્રિચી અને સિમલાના. આમ આદમીએ રૂા. ૫૫ હજારથી રૂા. ૫૦ હજાર વચ્ચેની મૂડી રોકી હતી.

પોતાની મૂળ મૂડીની ચિંતા કરનારા સૌએ એક હાશકારો અનુભવ્યો ૧૯૯૮ના ડિસેમ્બરમાં. બીજી ડિસેમ્બરે બધા રોકાણકારોને પત્ર મળ્યો કે ચેન્નાઈની વુડલેન્ડસ હૉટેલમાં આપની રકમ પાછી લેવા માટે આવી જાઓ. અને અમુક રોકાણકારો ચેન્નાઈ પહોંચ્યા. લો રોયાપેટ્ટા સ્થિત અનુભવની ઑફિસના બંધ દરવાજાએ આવકાર આપ્યો.



ખબર પડી કે એમ.ડી. ગાયબ છે ને કંપની થઈ ગઈ છે બંધ.

આને પગલે પોતાના સર્વસ્વનું રોકાણ કરનારા કેટલાંક રોકાણકારો તો નાદારીને આરે આવી ગયા. અને ચેન્નાઈ જનારા જ નહિ, અન્ય શહેરની અનુભવની ઑફિસે જનારા રોકાણકારોને સમાન અનુભવ થયો. તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ. ચેન્નાઈ સ્થિત કંપનીના મુખ્ય મથક પર રોકાણકારોએ દેખાવ યોજ્યા પણ ત્યાં કોઈ જોવાવાળું હતું ક્યાં? અમુક શહેરના રોકાણકારોએ સંયુક્ત લડાઈ માટે પોતાના ગ્રુપ બનાવ્યા અને પ્રયાસ ઉગ્ર બનાવતા રહ્યા. સરકારે ગ્રુપની કામગીરીની તપાસ શરૂ કરાવી. મદ્રાસ હાઈ કોર્ટે લિકવીડેટરની નિમણૂક કરી. પછી તો ધરપકડ, ચાર્જશીટ એવી બધી પ્રક્રિયા થતી રહી.

ભારતમાં આ એક માત્ર પ્લાન્ટેશન્સ સ્કૅમ નહોતું લાગ્યું. આમાં સૌથી ૫.૮૫ કરોડ રોકાણકારો પાસેથી રૂા.૪૯,૧૦૦ કરોડ ઉઘરાવ્યા હતા પર્લ્સ એગ્રોટેક કોર્પોરેશન લિમિટેડે. આ માહિતી 'સેબી'એ જાહેર કરી હતી.

... અને હા, સાત વર્ષની જ્યુડિશિયલ કસ્ટડી બાદ ૨૦૦૦માં નેટશાનને જામીન પર છોડી મુકાયા હતા. કંપનીએ ઘણાં રોકાણકારોને પૈસા પાછા ચૂકવી દીધા પણ ૨૦૪ ડિપોઝિટર્સ અંદાજે પોતાના રૂા. સાત કરોડ પાછા આવવાની રાહ જોતા બેસી રહ્યા હતા.

કૃષિ પ્રધાન દેશમાં આવાં પ્લાન્ટેશન્સ કાંડ થાય એ કેવી વક્રતા? (સંપૂર્ણ)■

## સિક્કાની ત્રીજી બાજુ

_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

### ૨૧ ફેબ્રુઆરી - વિશ્વ માતૃભાષા દિવસ અવસરે...

# ગુજરાતીઃ હૂંડીથી લઈ ચારણકન્યા

આપણી ઘરની ભાષાને પિતૃભાષા નથી કહેતા. બાળકના જન્મ પછી માતાના હોઠ ફફડે છે તેને બાળક ટગર-ટગર જુએ છે અને સાંભળીને શીખવાનો અને સમજવાનો પ્રયત્ન કરે છે. બાળકની ભાષા અનોખી જ હોય છે. તે પાણી નથી કહેતું. ભૂ કહે છે. તે નીંદર કે ઊંઘ નથી કહેતું, નીની કહે છે. તે શૌચ કે લેટ્રિન નથી કહેતું, તે છી કહે છે. તે પેશાબ કે યુરિન નથી કહેતું, તે પીપી કહે છે.

શરૂઆતમાં તે એક-એક શબ્દ જ બોલે છે. ધીમેધીમે તેને વાક્યમાં રૂપાંતરિત કરતા શીખે છે. આ એક-એક શબ્દ જ કોઈ પણ ભાષા શીખવા માટેના મહત્ત્વના છે. આ રીતે જો ભાષાને શીખવવામાં આવે તો ભાષા જલદી આવડી જાય, પરંતુ ભાષા શીખવવામાં વ્યાકરણને એટલું મહત્ત્વ આપવામાં આવે છે કે બાળક કંટાળી જાય છે. તેને પ્રત્યય, કર્તા, ક્રિયાપદ, સંજ્ઞા, વિશેષણ, કર્મણિ, કર્તરીની ખબર પડતી નથી. જોડણીના નિયમો પણ રટાવવાના બદલે હાસ્યની સાથે જોડીને કેમ ન સમજાવાય?

હું એક સમાચારપત્રમાં પ્રથમ પૃષ્ઠનો તંત્રી હતો ત્યારે મારા સાથી મિત્રોને સમજાવવા રમૂજી ઉદાહરણ આપતો, ‘બીમારી’માં બંને બ અને ર દીર્ઘ આવે . કારણકે દરેકને પોતાની ‘બીમારી’ મોટી જ લાગે.... ‘પતિ’માં ત હ્રસ્વ ઇ અને ‘પત્ની’માં ન દીર્ઘ ઈ સાથે આવે કારણકે પતિ અને પત્નીમાં પત્નીનું જ ચાલે.... જો કર્તા સ્ત્રી કે નાન્યતર જાતિ હોય તો ક્રિયાપદમાં ચાંદલો મૂકી દેવાનો- પછી સીતાજી રાવણ તરફ ભિક્ષા દેવા આગળ વધ્યાં....

ગુજરાત અલગ રાજ્ય થયું તે પછી ગુજરાતી ભાષાનો મહિમા સચવાયો. ગાંધીનગરમાં વિસ્તારોના નામ ‘ક’, ‘ખ’ વગેરે પડ્યા. અમદાવાદમાં નરોડા પાટિયા કે સુરેન્દ્રનગરમાં ટાવર ચોક છે, પરંતુ હવે એવું નથી. અમદાવાદમાં નવા વિસ્તારોના નામ ‘બોપલ ઍપ્રોચ’ જેવાં છે. અગાઉ ગણિત, વિજ્ઞાનથી લઈને પાઠ્યપુસ્તકોમાં ગુજરાતી ભાષામાં સારો અનુવાદ થયો.

પરિણામે, ૧૯૮૦ના દાયકા સુધીની પેઢીને અવયવ, અવયવી, વિભાજિત, અવિભાજિત, પૂર્ણાંક,વગેરે ,વગેરે, જેવા આગવા અને મૌલિક શબ્દો મળ્યા. વિજ્ઞાનમાં ઘન, પ્રવાહી, વાયુ, ઘનતા, ગુરુત્વાકર્ષણ, તરંગો, પૃષ્ઠતાણ, કેશાકર્ષણ, બાષ્પીભવન, ઈત્યાદિ.

જો નવી પેઢીને ગુજરાતી નહીં આવડે તો ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની રસધારની એ માનવતા, ખુમારી, વટ, વચન, વાત્સલ્ય, પ્રેમ, ધીંગાણાની વાતો ક્યાંથી સમજાશે? સોળ વર્ષની ચારણકન્યાની વીરતા કેમ કરીને એ સમજશે? શિવાજીને શિવાજી બનાવનાર જીજાબાઈનું હાલરડું નહીં સમજાય. ‘ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ’માં બહેનની લાગણી કે ‘કોણ હલાવે લીમડી કોણ ઝુલાવે



**નરસિંહ મહેતાના સમયની અર્થવ્યવસ્થા જાણવા ‘હૂંડી’નો અર્થ જાણવો પડે. સૌરાષ્ટ્રની સંસ્કૃતિ જાણવા ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓ વાંચવી પડે. ભાઈ-બહેનનો પ્રેમ જાણવા ‘ખમ્મા વીરાને જાઉં વારણે રે લોલ’નો અર્થ સમજવો પડે**

પીપળી’માં ભાઈનો બહેન પ્રત્યે પ્રેમ કેમ કરીને સમજાશે? એ પેલી ‘કુછ મીઠા હો જાયે’ વાળી ચોકલેટનો પ્રેમ નથી...

પોરો, થાકોડો, ગોધૂલિવેળા, પ્રહર એટલે શું? શિરામણ, મહેરામણ અને નીંદામણનો તફાવત શું? યુપીઆઈ પેમેન્ટ ભલે કરીએ, પણ ગુજરાતી જાણતા હોઈશું તો ‘મારી હૂંડી સ્વીકારો મહારાજ રે’માં ‘હૂંડી’નો અર્થ સમજાશે. તે સમયની અર્થવ્યવસ્થા પણ સમજાશે.છડા અને અછબડા વચ્ચેનો તફાવત શું? બાળકને છિંક આવે ત્યારે ‘ગોડ બ્લેસ યૂ’ કરતાં ‘ખમ્મા’માં વધુ પોતીકાપણું છે. કાકા, કાકી, ફઈ, ફૂઆ, મામા, મામી ઈત્યાદી શબ્દોમાં સ્પષ્ટતા છે. ડેડ અને મોમ કરતાં ભાઈ-બા અથવા બાજી-બામાં વધુ સજીવતા લાગે છે.

ગુજરાતીઓને અંગ્રેજી નથી આવડતું એવા ટોણા એટલા બધા લાગ્યા કે અંગ્રેજી માધ્યમની શાળાનો મહિમા વધી ગયો. ગુજરાતી માધ્યમની શાળાઓને લઈને મુંબઈમાં પરિસ્થિતિ દુઃખદ છે તો ગુજરાતમાં પણ પરિસ્થિતિ ચિંતાજનક જ છે. ગુજરાતીઓને આજે નથી બરાબર અંગ્રેજી આવડતું, ગુજરાતી તો સાવ નથી આવડતું. ‘ળ’ ક્યાં આવે? ‘ડ’ ક્યાં આવે? ‘ણ’ ક્યાં આવે? ‘પાળવું’ અને ‘પાડવું’ બંને સાવ જુદા અર્થવાળા છે.

ગુજરાતમાં ગુજરાતીને શિક્ષણમાં મરજિયાત બનાવીને તેનો છેદ જ ઉડાવી દેવાયો છે.

સમાચારપત્રોથી માંડીને ફિલ્મોમાં અંગ્રેજી શબ્દો અને રોમન લિપિ થકી ગુજરાતીનું ગળું વધુ ને વધુ ઘોંટાઈ રહ્યું છે. ગુજરાતી ફિલ્મોનાં નામો અંગ્રેજીમાં રાખવામાં આવે છે- ‘જય માતાજી-

લેટ્સ રોક’, ‘જલસોઃ અ ફેમિલી ઇન્વિટેશન’, ‘ઓમ્ મંગલમ્ સિંગલમ્’, ‘આંટીપ્રિન્યોર’, વગેરે હદ તો ત્યારે થાય છે , જ્યારે ગુજરાતી કલાકારોને રોમન સ્ક્રિપ્ટમાં સંવાદો લખીને આપવા પડે છે ! આઠ ધોરણ પાસ હર્ષભાઈ સંઘવી વિશ્વ આર્થિક મંચ પર અંગ્રેજીમાં ભાષણ કરી આવ્યા તેના જેટલા જ હરખના સમાચાર ગુજરાતીઓ ગુજરાતી સ્પષ્ટ બોલે તેના થાય તેવા દિવસો આવ્યા છે !

બાકી, કહેવાતી નિરક્ષર પ્રજાએ તો ગુજરાતી જાળવી જ છે.સરકારના ખરડા પણ હવે અંગ્રેજી નામોવાળાં ! પ્રોહિબિશન ઍક્ટ, લેન્ડ ગ્રેબિંગ ઍક્ટમની લોન્ડરિંગ અમદાવાદના બજેટમાં ‘આઈકોનિક રોડ’ અને ‘એલિવેટેડ કોરિડોર’ બનાવવા જાહેરાતો થાય છે. આવાં નામોથી વજન પડે છે, યૂ નો ! દુકાનો-રેસ્ટોરન્ટનાં નામોનું પણ એવું જ છે.

સમાચારપત્ર-સામયિકોમાં પણ હવે રોમન સ્ક્રિપ્ટ ઘુસાડાય છે. વડા પ્રધાનના બદલે પ્રધાનમંત્રી અને તેમાંય વડા પ્રધાન!

જોકે કમ્પ્યૂટર/મોબાઇલમાં ગુજરાતી કીબોર્ડ, કીર્તિદાન ગઢવી- આદિત્ય ગઢવી, ડાયરાના કલાકારો અને સોશ્યલ મીડિયાના કારણે આજે ગુજરાતી હજુય જીવંત છે.

‘મોરેમોરો’, ‘રાણો રાણાની રીતે’, ‘હા મોજ હા’ જેવા શબ્દપ્રયોગો પ્રચલિત બને છે. ‘હતો હું સૂતો પારણે પુત્ર નાનો’ કે ‘ગોતી લો’ જેવી કવિતાઓ પ્રચલિત બને છે....ગુજરાતી નબળી પડી છે - માંદી પડી છે - મરવા નથી પડી. ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# વાંચનનો શોખ ખરેખર ઘટવા લાગ્યો છે?

આજકાલ એક ચિંતા સૌના હૈયામાં છે, માતૃભાષા દિવસ આવી રહ્યો છે ત્યારે એ ચિંતા છે કે ખરેખર વાંચનનો શોખ ઘટવા લાગ્યો છે કે પછી એ સમય સોશ્યલ મીડિયાએ લઇ લીધો છે ? પુસ્તકો અને સોશ્યલ મીડિયા વચ્ચે હરીફાઈ થઇ રહી છે કે પછી પુસ્તકમાંથી રસ ઘટવા લાગ્યો છે.?

હું જ્યારે લાઈબ્રેરીમાં જઉં છું ત્યારે મને અનેક યુવાનો કલાકો સુધી લાઈબ્રેરીમાં પુસ્તકો ફંફોસતા જોવા મળે છે. મોટાભાગની કોલેજોમાં ભાષાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે છતાં સમાજની દ્રષ્ટિએ વાંચનનું ઘટવું ચિંતાની નિશાની પણ છે.

ભારતીય વાંચન અને સાહિત્યના ઇતિહાસ વિશે વાત કરીએ તો તે અનંત કથા છે, જે પ્રાચીન વેદોની મૌખિક પરંપરાથી શરૂ થઈને આધુનિક ડિજિટલ ઇ-બુક્સ સુધી પહોંચે છે. ભારતમાં વાંચન માત્ર જ્ઞાનનું સાધન નથી, પરંતુ તે સમાજ, ધર્મ, રાજકારણ અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. આપણા ઇતિહાસમાં શ્રુતિ અને સ્મૃતિનું અનેરું મહત્વ છે. આપણને કોઈપણ ઉંમરમાં વાંચેલા સાહિત્ય અંગે પૂછવામાં આવતું હોય છે. ભારતમાં કોલમ વાંચવી કે પુસ્તકોનું જ્ઞાન હોવું એ વ્યક્તિની પ્રતિષ્ઠા અને સમજદારી સાથે જોડાયેલું છે. શ્રુતિ અને સ્મૃતિમાં સંસ્કૃત, તમિળ, પાલી, પ્રાકૃત, અપભ્રંશ અને આધુનિક કહી શકાય એવી હિન્દી, બંગાળી, ગુજરાતી ભાષાનો સમાવેશ થાય છે.

દેશ આઝાદ થયા પછી વાંચન વધુ બહુભાષી અને વૈવિધ્યસભર બન્યું. આર.કે. નારાયણ, પ્રેમચંદ, પન્નાલાલ પટેલ કે પછી ચેતન ભગત અને અરુંધતી રોય જેવા લેખકોએ અંગ્રેજીમાં લખીને વૈશ્વિક વાંચકોને આકર્ષ્યા. ગુજરાતી ભાષામાં ગ્રામ્યજીવનથી માંડીને આધુનિક વિચારધારા સહિત અનેક વિષયો પર ખેડાણ થયું છે. વિશ્વની સૌથું વધુ વંચાતી આત્મકથા ‘સત્યના પ્રયોગો’ ગુજરાતી ભાષાની દેણ છે. એક હજાર વર્ષ જૂની ભાષાનો સમૃદ્ધ વારસો હોવા છતાં પ્રત્યેક ગુજરાતી પરિવારોની એક ચિંતા છે કે વાંચન ઘટવા લાગ્યું છે. સ્વાભાવિક છે કે વાંચન ઘટવાથી મૌલિક લેખન અને તંદુરસ્ત



ચર્ચાઓ ઘટવા લાગી છે.

એક અભ્યાસ મુજબ આધુનિક ડિજિટલ યુગમાં ભારતમાં વાંચનનો દર વધી રહ્યો છે. ‘વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યૂ’ અનુસાર ભારત વાર્ષિક સરેરાશ ૧૦.૭ કલાક વાંચનમાં આગવો ક્રમ ધરાવે છે. આ વાતનો અર્થ એવો થયો કે વાચક સારું સાહિત્ય શોધતો હોય છે.

આમ છતાં પ્રશ્ન તો ઊભો જ છે કે શું વાંચન ખરેખર ઘટી રહ્યું છે? જવાબ છે હા અને તે વૈશ્વિક સમસ્યા છે. અમેરિકામાં‘ નેશનલ એન્ડોમેન્ટ ફોર ધ આર્ટ્સના ૨૦૨૨ના સર્વે અનુસાર ૪૮% પુખ્ત વયસ્કો વર્ષમાં ઓછામાં ઓછું એક પુસ્તક વાંચે છે, જે ૨૦૧૨માં ૫૪% પ્રમાણ હતું. ‘યુનિવર્સિટી ઓફ ફ્લોરિડા’ અને ‘યુનિવર્સિટી કોલેજ લંડન’ ના અભ્યાસમાં જણાવાયું છે કે ૨૦૦૩થી ૨૦૨૩ સુધીમાં આનંદ માટે વાંચન કરતા લોકોની સંખ્યા ૨૮%થી ઘટીને ૧૬% થઈ ગઈ છે.

ભારતમાં પરિસ્થિતિ વધુ ચિંતાજનક છે. ‘વર્લ્ડ પોપ્યુલેશન રિવ્યુ’ ના રેન્કિંગ અનુસાર ભારત વાર્ષિક ૧૬ પુસ્તકો વાંચીને અમેરિકા પછી બીજા ક્રમે છે. આ આંકમાં ડિજિટલ વાંચનનો પણ સમાવેશ થાય છે અને ડિજિટલ દુનિયામાં વાંચન માટે કોઈ ગુણવત્તા હોતી નથી એ વાતની બધાને ખબર છે. ‘નેશનલ લિટરસી ટ્રસ્ટ’ ના ૨૦૨૪ના સર્વેમાં જણાવાયું છે કે બાળકો અને કિશોરવયમાં માત્ર ૩૪% જ આનંદ માટે વાંચન કરે છે, જે પહેલાની તુલનામાં લગભગ ૯% જેટલો ઘટાડો છે. ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં પરિસ્થિતિ ઘણી નબળી છે. આ માટે સૌથી મહત્ત્વનું એક કારણ હોઈ શકે છે કે વ્યક્તિમાં એકાદ બે દિવસ સુધી સમય ફાળવીને પુસ્તક વાંચવાની ધીરજ રહી નથી. સોશ્યલ મીડિયા જે ખરી- ખોટી માહિતી બે મિનિટમાં આપી શકે એના માટે આ પેઢી પુસ્તક વાંચવા તૈયાર નથી.

આમ તો ડિજિટલ મીડિયા વાંચનને ક્યારેક સારી અસર પણ કરે છે. ઇ-બુક્સ, ઓડિયોબુક્સ અને રીડિંગ એપ્સને લીધે લોકોનું વાંચન વધ્યું છે. એક અભ્યાસ મુજબ સ્ક્રીન વાંચનમાં વ્યક્તિ એટલું ધ્યાન લગાવી શકતો નથી તેથી વાંચનના અંતે પૂરતો બોધપાઠ લઇ શકતો નથી. ભારતમાં ડિજિટલ મીડિયાની અસર વધુ છે , કારણ કે સરેરાશ ભારતીય ૩થી ૪ કલાક સોશ્યલ મીડિયા પર વિતાવે છે. આમ છતાં ડિજિટલ મીડિયાના વાંચનમાં એક ગંભીર સમસ્યા છે કે સોશ્યલ મીડિયાના પ્રતાપે વ્યક્તિની વિચારવાની ક્ષમતા બાયસ થઈ જાય છે. પોતે જે માનતો હોય એની વિરુદ્ધ માહિતી આવે તો એ તેને એવોઈડ કરવા લાગે છે. ડિજિટલ આલ્ગોરિધમ તેને ગમતું સાહિત્ય વાંચવા માટે પ્રેરે છે.

એક અભ્યાસ મુજબ ફેક ન્યૂઝ સામાન્ય માહિતી કરતાં ૬ ગણી વેગથી ફેલાય છે. ભારતમાં, વ્હોટ્સએપ અને ફેસબુક પર ફેક ન્યૂઝ વાંચનને નિરુત્સાહિત કરે છે કારણ કે લોકો શોર્ટ કન્ટેન્ટ પર આધાર રાખે છે. આ કારણે સમાજમાં પોલરાઇઝેશન વધે છે અને વાંચન જેવી મૌલિક બાબત પર ગંભીર અસર કરે છે. વાંચન સાથે અભ્યાસક્રમમાં મીડિયા લિટરસીનો અભ્યાસ જરૂરી છે.

મૂળ વાત, વાચક ઘટી રહ્યા છે એ ચર્ચા કરીને છટકી જવું નથી. ડિજિટલ યુગમાં ટેક્નોલોજીને વિરોધી માનવાને બદલે સહયોગી બનાવવો જોઈએ. ઈ-બુક, ઓડિયો બુક, વાંચન એપ્સનો સ્વીકાર કરવો જોઈએ. જ્યારે માણસને પોતાની ભાષામાં વિચારવા અને વાંચવાની તક મળે છે, ત્યારે વાંચન વધુ આત્મીય બને છે. લેખકો અને પ્રકાશકોને પણ સરળ, રસપ્રદ અને સમયસૂચક વિષયો પર લખવા પ્રોત્સાહન આપવું જોઈએ. વાંચન વધારવાનો સૌથી મહત્ત્વનો માર્ગ છે કે વાંચનને ફાયદા કરતાં અનુભવ સાથે જોડવો જોઈએ.

વાંચનને એકલું છોડી દઈએ તો તે ક્યારેક સામાન્ય પ્રવૃત્તિ જેવું લાગે પણ તેની સાથે લેખન, વિચાર અને ચર્ચા જોડાય છે, ત્યારે વાંચનનું પ્રમાણ અને ગુણવત્તા વધારો થાય છે. પુસ્તક સંબંધિત ચર્ચા કરવાથી અન્યના મત સમજાય છે સાથોસાથ વિચારો વ્યક્ત કરી શકાય છે અને પૂર્વગ્રહો દૂર કરવા માટે મદદરૂપ થાય છે. વાંચવા લખવા અને ચર્ચા કરવાથી જીવનને વધુ સમૃદ્ધ અને અર્થપૂર્ણ બનાવી શકાય.

**ધ એન્ડ :**

*પુસ્તકો વ્યક્તિના સ્વપ્નનું નિર્માણ કરવા સમર્થ છે*

(અવિજિત દાસ)

## શરદ જોશી સ્પીકિંગ

___સંજય છેલ
feedback@bombaysamachar.com

# શેખ બનવાના શેખચલ્લી સપનાં ....!




કહેવાવાળા તો કહેતા રહે છે કે આપણો દેશ માત્ર જડીબુટ્ટીઓ વેચીને એટલું કમાઇ શકે છે, જેટલું આરબ લોકો તેલ(ક્રૂડ ઓઈલ) વેચીને કમાઇ છે. એક ભારતીય તરીકે આવી વાતો સાંભળીને મોંમાં પાણી આવી જાય છે, કારણ કે ભગવાને આરબોને સ્વર્ગ એમની તેલની કમાણીથી આ જ દુનિયામાં ખોળામાં ધરી દીધું છે.

આ સાંભળીને તરત જ જડીબુટ્ટી શોધવાની ઇચ્છા થાય છે અને પૈસા કમાવાની લાલચમાં દરેક છોડ જડીબુટ્ટીનો હોય એવું લાગે છે. કહેવાય છે કે આપણી પાસે તેલના છોડ અને ઝાડની અછત નથી. પ્રશ્ન માત્ર એમાંથી તેલ કાઢવાનો છે. એક વખત નીકળી જાય, પછી તો ‘તેલ જુઓ તેલની ધાર જુઓ!’ આખું વિદેશ આપણા તેલથી માલિશ કરાવવા માટે પીઠ ખોલીને ઊભું જ છે.

જોકે આ વાત બસ શું આટલી આસાન છે?

જડીબુટ્ટીના મામલામાં આપણે ઈતિહાસના પહેલાના તબક્કાથી થોડી પહેલાની સ્થિતિમાં છીએ, જ્યારે માણસોને જડીબુટ્ટીઓનું જ્ઞાન નહોતું. હવે જેમ કે મારાથી મારા ઘરનાં આંગણાની સફાઈ ન કરી શકવાની મારી આળસને લીધે, જે અમસ્તું ઘાસ ઊગી નીકળ્યું છે, એમાં કઈ દુર્લભ જડીબુટ્ટી છે એ હું નથી જાણતો. ભારતની કોલેજોમાં એવા બહુ ઓછા બોટનીના (વનસ્પતિ શાસ્ત્રના) પ્રોફેસર હશે, જે એ જાણતા હશે કે એમની પોતાની કોલેજના કમ્પાઉન્ડમાં જે જે છોડ ઊગી નીકળ્યાં છે એનાં નામ શું છે? અને જો એ જડીબુટ્ટી છે તો પાછી કઈ છે? જો હું કોઈ વૈદ્યરાજને પણ શોધી લાવીશ તો એ પણ નહીં કહી શકે કે એ બધી કઈ જડીબુટ્ટીઓ છે! એટલે મારી પરિસ્થિતિ પેલા આરબ જેવી છે, જેને ખબર નથી કે જ્યાં એનો ઊંટ ઊભો છે, એની બરોબર નીચે પેટ્રોલનો એક કૂવો છે!

માણસોની જેમ છોડનાં પણ ઘણા નામ હોય છે. જેમ કે ઘરમાં મુન્ના અને સ્કૂલમાં રામ કિશોર, ઓફિસમાં વર્માજી અને પીઠ પાછળ ‘ઉલ્લુ કા પઠ્ઠા’ વગેરે. એવી જ રીતે છોડનું એક નામ જે સ્થાનિક આદિવાસી બોલે છે. એક જે સંસ્કૃતમાં છે, જે આયુર્વેદિક દવાની બોટલ પર લખેલું હોય છે, બીજું જે બોટનીમાં ખાસ અંગ્રેજીમાં છે, જે ગ્રીક અથવા લેટિન પરથી આવ્યું છે. પરિસ્થિતિ તો ત્યાં સુધી બગડી ગઈ છે કે બિચારો છોડ પોતે પણ નથી જાણતો કે એનું સાચું નામ શું છે?! અને માણસનું પોતાનું એક નામ હોવા છતાં માણસ ભીડમાં હોય તો ભીડ જ કહેવાય છે. એવી ભીડ, જેના પર ટિયર ગેસ છોડી શકાય છે, લાઠી ચાર્જ કરી શકાય છે. એવી જ રીતે બિચારો છોડ, એકંદરે તો અમસ્તુ ઊગી નીકળેલું અવાવરું ઘાસપૂસ કે ઝાડી-ઝાંખરું જ છે, જેને ખેતીના નિયમો મુજબ ઊખેડીને ફેંકી દેવા જોઈએ, જેથી મૂળ પાકને નુકસાન ના થાય. પાછો ભારત ખેતીપ્રધાન દેશ છે માટે અહીંયા રોટીની સમસ્યા દવાઓ કરતાં વધારે મહત્ત્વની છે. એટલે અમસ્તુ ઊગી નીકળેલું ઘાસ ઉખાડો, જમીન ખોદો, પંપ લગાવો, જમીનને ભીની કરો અને ઘઉં વાવો. એ ઘઉં જે વૈદ્યજીના શબ્દોમાં પિત્ત કરે છે. અને આજકાલ તો ખેતરનો નાશ કરી, એના પર મકાનો બનાવવાના અને ગેસ છોડવાવાળા, પ્રદૂષણ ફેલાવવાવાળાં કારખાનાઓ નાખવાની ફેશન છે તો એ બિચારી જડીબુટ્ટી, જે ગરીબ ભારતીયને ‘આરબ શેખ’ બનાવી શકે છે, શું એ સંકોચાઈને જીવતી રહેશે?

હા, અમને એટલી ખબર છે કે જડીબુટ્ટી જંગલોમાં, પર્વતોમાં, હિમાલયમાં વગેરે જગ્યાઓ પર હોય છે, પણ જંગલો, પર્વતો, હિમાલયની શું દુર્દશા છે એ આપણને નથી ખબર? આજે જો લક્ષ્મણજી બેહોશ થઈ જાય અને હનુમાનજી જડીબુટ્ટી શોધવા જાય અને આખો પર્વત લઈ આવે તો સુષૈણ વૈદ્ય જેવા વિદ્વાન પણ એ પર્વત પરથી પોતાને ઇચ્છીત ઔષધી શોધી શકશે કે કેમ એમાં શંકા છે! તેથી આપણાં લોકોની રાતોરાત ક્રૂડ ઓઇલ વેંચનારા અરબો પતિ

આરબ શેખ બનવાની શક્યતાઓ ઓછી છે! ■

## તસવીરની આરપાર

___ભાટી એન.
feedback@bombaysamachar.com

# રામપરા અભ્યારણ્યમાં સિંહનું સુરક્ષિત જીન-પૂલ

‘રામપરા વન્યપ્રાણી અભ્યારણ્ય’ ૧૫.૦૧ વર્ગ કિ.મી. માં ફેલાયેલું છે અને તે મોરબી જિલ્લામાં વાંકાનેર તાલુકામાં આવેલું છે, જે મોરબી શહેરથી ૫૦ કિ.મી. અને વાંકાનેરથી ૧૬ કિ.મી.ના અંતરે આવેલું છે, અગાઉ આ વિસ્તાર રામપરા વીડી (ભોજપરા વીડી) તરીકે ઓળખાતો અને વાંકાનેર રાજવી પરિવારની માલિકીનો હતો, ગુજરાત સરકારના મોરબી વન વિભાગ હસ્તક આવેલ છે,અભયારણ્યના ફરતે ડિસેમ્બર ૨૦૧૭ થી ૩૧.૦૮ વર્ગ કિ.મી.નો વિસ્તાર ઈકો સેન્સિટિવ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

રામપરા વન્યપ્રાણી અભ્યારણ્ય વિષે મોરબી વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી ડો. સુનીલ કુમાર બેરવાલ (ભા.વ.સે.)એ જણાવ્યું હતું કે, આ અભયારણ્યમાં ૧૦૦થી વધુ જાતનાં વન્યપ્રાણીઓ જોવા મળે છે અને ૨૦થી વધુ જાતનાં સસ્તન વર્ગનાં પ્રાણીઓ આ વિસ્તારમાં વસવાટ કરે છે, જેમાં દીપડા, ઝરખ, વરૂ (નાર), ચિંકારા, નીલગાય, જંગલીભૂંડ, શિયાળ, સસલાનો સમાવેશ થાય છે. અજગર, કોબ્રા (નાગ), વાઇપર, ધામણ જેવા સાપ ઉપરાંત ઘો અને કાચીંડા મળીને ૧૫ થી વધુ જાતનાં સરિસૃપો અહિ જોવા મળે છે તો ૧૦ થી વધુ જાતના કરોળિયા તથા રંગબેરંગી પતંગિયાં જૈવિક




વૈવિધ્યમાં ઉમેરો કરે છે.

‘રામપરા વન્યપ્રાણી અભ્યારણ્ય’માં ૧૦૦થી વધુ પ્રજાતિનાં વન્યપ્રાણીઓ વસવાટ કરે છે, સિંહોનું જીન-પૂલ સેન્ટર તો ચિત્તલ, સાંભર અને ચિંકારા માટે ‘બ્રિડીંગ સેન્ટર’, વન્ય પ્રાણીઓના ઉપચાર માટે દવાખાનું, પશુ ચિકિત્સક, એટેન્ડન્ટ, ઉપચાર - રેસ્ક્યુ માટે વાહન સહિતની સુવિધાઓ મોર, ખેરખટ્ટો, બ્રાહ્મણીમેના, બુલબુલ, દરજીડો, કુત્કી, સસેતર, લાવરી, સુગરી, શકકરા, ચીબરી સહિતના ૧૫૦ થી વધુ જાતનાં સ્થાનિક - યાયાવર પક્ષીઓના કલરવથી ગુંજી ઊઠે છે અભ્યારણ્ય. સિંહ, દીપડા, શિયાળ, વરૂ (નાર), ઝરખ, ચિંકારા, નીલગાય, સસલા સહિત ૨૦ થી વધુ જાતનાં સસ્તન વર્ગનાં પ્રાણીઓ અને અજગર, કોબ્રા (નાગ), વાઇપર, ધામણ, સાપ , કાચીંડા મળીને ૧૫ થી વધુ જાતનાં સરિસૃપો જોવા મળે છે, ભૂરી શંખાવલિ, ગૂગળ, ખરખોડી, કેરડા, લોદરી, ખાખરો, વિકળો, સલાય જેવી



૪૦૦ જેટલી વનસ્પતિ - ઔષધિઓનો ખજાનો. સુકા પાનખર ઘાસનું કાંટાળુ જંગલ ગણાતા અભ્યારણ્યમાં શણિયાર, જીંજવો, ધરફ, કાગડું, રાતડ, લાપડા જેવી ઘાસની વિવિધતા છે. આ અભ્યારણ્યમાં એશિયાઈ સિંહોની જીન-પૂલ વસ્તી અને ચિત્તલ, સાંભર અને ચિંકારાના બ્રીડિંગ સેન્ટરની મહત્ત્વપૂર્ણ કામગીરી વિશે ડો. બેરવાલ જણાવેલ કે, રામપરા અભ્યારણ્યને વર્ષ ૨૦૦૮માં સિંહના જીન-પૂલ વસ્તી માટે પસંદ કરવામાં આવ્યું અને હાલમાં પ્રોજેક્ટ હેઠળ ૧૨ સિંહ માટે ૬ મોટા એન્કલોઝર છે,આયુર્વેદિક ઔષધિઓ તથા તાડ, રોહિડો, કડાયો, દેશી બાવળ, ગોરડ, સીસમ જેવાં વૃક્ષોનો સમાવેશ થાય છે.■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## સેવા કરો તો મળેલા મેવા મીઠા લાગે



સાત મીંડાં ધરાવતી રકમનું બેન્ક બેલેન્સ હોય, બે - ચાર પ્રોપર્ટી હોય, મહિને પાંચ મીંડાંવાળી બેઠી આવક હોય અને ધનમાંથી ધ્યાન હટી ધર્મ તરફ ફંટાયું હોય ત્યારે ‘મેવા મળે કે ન મળે મારે સેવા તમારી કરવી છે’ સ્તવન સાંભળવું અને ગણગણવું ગમે.

બાકી આજના યુગમાં સેવા (નોકરી - ધંધો કે બીજી કોઈ પ્રવૃત્તિ ) કરતી વખતે મેવા મેળવવાની ઝંખના લગભગ બધાને હોય છે. કોઈના નસીબમાં માત્ર સેવા જ લખાણી હોય તો કોઈ મેવા આરોગીને ધરાય નહીં તો કોઈકને અણધાર્યો મહેનતના મેવાનો અનુભવ થાય.

સિંગાપોરની એક કંપનીની સાલગીરાહ નિમિત્તે ૧૦ કે એથી વધુ વર્ષ કામ કરનારા કર્મચારીઓને બક્ષિસમાં ૨૦ ગ્રામ કે એથી વધુ ૨૪ કેરેટ સોનું મઢેલી તકતી બક્ષિસમાં આપી. નોકરીના સમયગાળા અનુસાર સોનામાં વજન વધારો હતો. મતલબ કે ૧૦થી ૧૪ વર્ષ નોકરી કરી હોય એને ૨૦ ગ્રામ સોનું, ૧૫ - ૧૯ વર્ષ ૨૫ ગ્રામ અને ૨૦ વર્ષથી વધુ થયા હોય તો ૩૦ ગ્રામ. બક્ષિસ આપવામાં આવી એ દિવસે સોનાનો ભાવ પ્રતિ ગ્રામ આશરે ૧૫ હજાર ૫૦૦ રૂપિયા હતો. કંપનીની વેબસાઈટ પર જણાવ્યા અનુસાર એની શરૂઆત ૧૯૯૪માં રાઈસ સ્ટોલ તરીકે થઈ હતી અને આજની તારીખમાં એની ૧૬૦ રેસ્ટોરાં અને ૩૦ કોફી શોપ ચાલે છે અને કુલ ૧૨૦૦ કર્મચારી કામ કરે છે. કંપનીના સ્થાપક - અધ્યક્ષના કહેવા અનુસાર કંપનીની સારી - માઠી અવસ્થામાં કંપની સાથે રહેવા બદલ આ શિરપાવ આપવામાં આવ્યો છે. ભવિષ્યમાં પણ સ્ટાફની આ રીતે કદર કરવામાં આવશે. સેવા કરી એટલે મેવા મળ્યા એનો હરખ કર્મચારીઓને હોય એ સ્વાભાવિક છે.

## વિટામિન ’ડી’ જોઈએ છે? વિટામિન ’એમ’ આપી દો !



કર્ણાટકનું બેંગલુરુ શહેર આઈટી સેક્ટર માટે ખ્યાતનામ છે તો ભયંકર ટ્રાફિક તેમજ ઘરના આસમાની ભાડા માટે કુ-ખ્યાત પણ છે. ગંજાવર આઈટી કંપનીઓ પ્રોફેશનલ્સને તગડા પે પેકેજ આપતી હોવાથી ફ્લેટ માલિકો કર્મચારીઓ પાસે તોતિંગ રેન્ટ વસૂલ કરી રહી છે.

તાજેતરમાં બહાર આવેલો કિસ્સો જાણીને આશ્ચર્ય અને આંચકાના કારણે મોઢું ખુલ્લું રહી જાય અને આંખો ચકળવકળ થવા લાગે તો નવાઈ નહીં લાગે. સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં રહેવા ઘર શોધતી કર્મચારી મહિલાએ સ્પષ્ટતા કરી છે કે એક ટુ બીએચકે ફ્લેટનું મહિનાનું ભાડું ૮૦ હજાર રૂપિયા એટલે માગવામાં આવ્યું, કારણ કે ડ્રોઈંગ રૂમમાં સૂર્ય પ્રકાશ ભરપૂર આવતો હતો. ફ્લેટના માલિકની દલીલ હતી કે પ્રાકૃતિક પ્રકાશ આ રહેઠાણની ખાસિયત છે. મહિલા આગળ વેધક મુદ્દો રજૂ કરે છે કે અગાઉ જે બાબત મૂળભૂત જરૂરિયાત (જેમ કે હવા - ઉજાસ) ગણાતી હતી એ હવે પ્રીમિયમ એમિનિટી (વિશેષ સગવડ) ગણાય છે. ટૂંકમાં સૂર્ય કિરણોમાંથી મળતા વિટામિન ‘ડી’નો લાભ જોઈતો હોય તો પૈસા - મની, વિટામિન ‘એમ’ રોકડા ગણી આપવા પડે. આ સિવાય હાઉસિંગની સાઈટ પર મૂકવામાં આવેલી વિગતો વાંચી માથાના વાળ ઊભા થઈ જશે. ૪૫૦૦ સ્કવેર ફીટનો ફોર બીએચકે ફ્લેટ માસિક બે લાખ ૩૦ હજારના ભાડા પર ઉપલબ્ધ છે. એટલું જ નહીં, ડિપોઝિટ પેટે ૧૦ મહિનાનું ભાડું એટલે કે ૨૩ લાખ રૂપિયા માગવામાં આવ્યા છે, બોલો. એક ફ્લેટનો તડકો ધ્રુજાવી દે તો બીજાની ડિપોઝિટ થથરાવી દે.

## ચુરા લિયા હૈ તુમને જો દિલ કો...




આમ આદમીનો ઈશ્ક અને રાજા - રાણીના પ્રેમમાં અંતર હોય છે. અલબત્ત ક્યારેક અંતર (દિલ)ની વાત હોય છે તો ક્યારેક અંતર (છેટું) પણ હોય છે. સોળમી સદીના પહેલા દશકમાં ઈંગ્લેન્ડના રાજા બનેલા હેન્રી આઠમા અને રાણી કેથરિનના લગ્નના ૨૪ વર્ષ પછી છૂટાછેડા થઈ ગયા હતા. ડિવોર્સના ત્રણ વર્ષ બાદ કેથરિનનો દેહાંત થયો અને બીજા દસ વર્ષ પછી હેન્રી આઠમાનો પણ સ્વર્ગવાસ થઈ ગયો. જોકે, આ બંનેના પ્રેમનું પ્રતીક સમું દિલના આકારનું સોનાનું પેન્ડન્ટ મહેલની શોભા અને રાજા - રાણીની ગાથા બની ગયું હતું. અચાનક કોઈના દિલમાં રાવણ જાગ્યો અને એ મહામૂલું પેન્ડન્ટ ચોરાઈ ગયું. લાખ કોશિશ પછી પણ હાથ ન લાગ્યું.

અંદાજે ૪૫૦ વર્ષ પછી ૨૦૧૯માં ઈંગ્લેન્ડની વોરિકશાયર નામની કાઉન્ટીના એક ખેતરમાં મેટલ ડિટેક્ટરિસ્ટને એ હાથ લાગ્યું. હેન્રી આઠમાના લગ્ન જીવનની આ એકમાત્ર સ્મૃતિ એવું ૨૪ કેરેટનું હાર્ટ પેન્ડન્ટ એક પ્રાઈવેટ કલેક્ટરને વેચાઈ જવાની તૈયારીમાં હતું. એ સમયે બ્રિટિશ મ્યુઝિયમે ટહેલ નાખી અને અનેક બ્રિટિશરોના દિલમાં જીસસ જાગ્યા. પરિણામે ૩૫ મિલિયન પાઉન્ડ (આશરે ત્રણ અબજ ૩૦ કરોડ રૂપિયા) એકઠા થયા અને આ પેન્ડન્ટ અંગત માલિકીને બદલે મ્યુઝિયમમાં સહેલાણીઓ માટે નજરાણું બની ગયું. ઈતિહાસની જાળવણી અને સંસ્કૃતિની સાચવણી માટે કેવી અને કેટલી કોશિશ કરવામાં આવતી હોય છે. અજબ દુનિયામાં ગજબ ઘટનાઓ બનતી રહે છે.

## ૭૫ સેકન્ડની હવાઈ મુસાફરી




વિમાનમાં મુસાફરી કરવી એ એક લ્હાવો જરૂર છે, પણ જો ૧૮ - ૧૯ કલાકની સળંગ મુસાફરી કરવાની હોય અને લેગસ્પેસ એટલે કે પગ લંબાવી શકવાની મોકળાશ ન હોય તો એ હવાઈ મુસાફરી બહુ આકરી લાગે. હવે આ પરિસ્થિતિમાં પ્લેનમાં બેઠા પછી એકથી સો ગણો ત્યાં ઊતરવાનો સમય આવી જાય તો? તમે હસી પડો અને ગગનમાં ગપ્પુ નહીં મારવાનું એવી ટકોર જરૂર કરી બેસો. અલબત્ત આ જોક નથી, હકીકત છે. બ્રિટનમાં વેસ્ટ્રે અને પાપા વેસ્ટ્રે નામના બે ટચૂકડા ટાપુ છે. ગિનેસ વર્લ્ડ રેકોર્ડ અનુસાર વિશ્વની સૌથી ટૂંકા સમયની હવાઈ યાત્રા આ બે સ્થળ વચ્ચે થાય છે. વેસ્ટ્રેથી ઉપડેલા વિમાનને ૧.૭ માઈલ (૨.૭૨ કિલોમીટર)નું અંતર કાપી પાપા વેસ્ટ્રે સુધી પહોંચતા માત્ર એક મિનિટ અને ૧૫ સેકન્ડનો સમય લાગે છે. અનુકૂળ પવન હોય અને વિમાનમાં લગેજ ઓછો હોય તો આ યાત્રા ૫૩ સેકન્ડમાં પૂરી થઈ જાય છે. આટલી ટૂંકી હવાઈ મુસાફરી માટે વિમાનનો ઉપયોગ કરવા બદલ ટાપુના રહેવાસીઓની ટીકા થઈ છે, પણ તેમની પાસે રહેલો વીસ મિનિટનો નૌકા સવારીનો પર્યાય જોખમી હોવાથી જરૂરી આવન- જાવન માટે ઉડ્ડયન સિવાય છૂટકો નથી. બે ટાપુ વચ્ચે બ્રિજ બાંધવા વિશે ચર્ચા ઘણી થઈ છે, પણ એ દિશામાં કોઈ નક્કર કામ નથી થયું. હવાઈ યાત્રામાં વપરાતા ટચૂકડા વિમાનમાં પાઈલટ અને આઠ મુસાફર ખીચોખીચ બેસી શકે એટલી જ જગ્યા હોય છે. આ વિમાનમાં કોઈ ફેસિલિટી નહીં હોય એનો તો તમને ખ્યાલ આવી જ ગયો હશે અને જરૂર પણ શું છે? આ બેઠા અને લો, આ ઉતર્યા...!

## લ્યો કરો વાત

લાગણી એટલે લાગણી એટલે લાગણી. કેવી, કેટલી અને કોને માટે ક્યારે થાય એ સમજવું મુશ્કેલ હી નહીં નામુમકિન હૈ. સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં પુત્ર માટે પિતાની લાગણી જોઈ અનેક લોકો હચમચી ગયા છે.

ગર્ભશ્રીમંત પિતાએ પુત્રના હેપ્પી બર્થ-ડે નિમિત્તે અઢી કરોડની મોંઘીદાટ કાર આપી. જોકે, કાર ગિફ્ટ કર્યાના થોડા દિવસો પછી પુત્રનું અવસાન થતા પિતાશ્રી ભાંગી પડ્યા. દિલ એ હદે દ્રવી ઉઠ્યું કે કાર દેખાય એટલે દીકરો યાદ આવે અને રડવું આવી જતું. અંતે ડેડીએ જીગરના ટુકડા માટે લીધેલી કાર એની કબરની બાજુમાં જ મોટો ખાડો ખોદાવી એમાં દાટી દીધી. સાથે એની ચાવી પણ ફેંકી દીધી. સાથે તકેદારી રાખી ખાડો એવી રીતે પૂરી દીધો કે કોઈને પણ ખ્યાલ ન આવે કે અહીં કશું દાટ્યું છે. દીકરા માટે ડેડીનું આ પ્રકારનું વ્હાલ જોઈ લોકો લાગણીભીના થયા છે તો ચોંકી જનારા લોકો પણ સામેલ થઈને પૂછે છે :

‘યે કૈસા પ્યાર!’ ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**પઢે સો પંડિત હોય. તો અનપઢ કોણ?**
* પોંગા પંડિત, જે ઢોંગી હોય છે...

**અણઆવડત એટલે?**
* શંકાસ્પદ આવડત...

**નેતા સાધુ બને તો?**
આમેય એ સાધુના વેશમાં વચન- પ્રવચન આપે ને ચૂંટણી પણ યોજે.

**શિક્ષક ને ટ્યૂશન શિક્ષક.... બેમાંથી સારું કોણ?**
ભણવું છે કે પરણવું છે?

**મેરેજની જેમ ડિવોર્સનું સેલિબ્રેશન થાય?**
* થાય નહીં .. વિદેશોમાં (અમુક મુસ્લિમ દેશો સહિત્ ! ) તો થઈ રહ્યું છે...ભ’ઈ , તમે કઈ દુનિયામાં વસો છો?!

**શાંતિ પીન ડ્રોપ હોય તો અશાંતિ?**
* અશાંતિ બૉમ્બ બ્લાસ્ટ જેવી હોય ...

**જોરુ કા ગુલામ જો રાજા હોય તો રાણી કેમ નહીં?**
* ગુલામ રિસાઈ જાય.

**સંબંધ કેવો બંધ છે?**
* સ્નેહ - સંવાદ અને સ્વાર્થનો...

**મને પ્રેમયોગ ક્યારેય ફળશે?**
* તમારા નસીબમાં સારાં સાસુ હશે ત્યારે...

**મારી પાસે એક્સ ગર્લફ્રેન્ડના ફોટા છે. શું કરું ?**
* Y અને Z ગર્લ ફ્રેન્ડના ફોટાની સાથે એને તાત્કાલિક સળગાવી દો ...

**લગ્ન માટે સાત ફેરા તો લેણદારો સાથે?**
* આંટા ફેરા ને ફોગટ ફેરા...

**પત્ની રિસાય છે. પણ પિયર જતી નથી. શું કરું ?**
* તમે ખુદ એના પિયર પહોંચી જાવ....

**મેઘધનુષ બ્લેક એન્ડ વ્હાઈટ બની જાય તો?**
* પ્રેમી-કવિ ચિત્રકારની કલ્પનાને તાળાં લગી જાય...

**શ્રદ્ધા ડગી જાય તો?**
* અ-શ્રદ્ધા ઘર કરી જાય...

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
મેટિની
તરોતાજા
વીક એન્ડ
ઈન્ટરવલ
લાડકી
ઉત્સવ
પુરુષ
દરરોજ કંઈક નવું-દરરોજ કશું અનોખું!

---

મગજ મંથન_
વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

૨૧ ફેબ્રુઆરી - વિશ્વ માતૃભાષા દિવસ અવસરે...

# સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી







આગામી શનિવારે વિશ્વ માતૃભાષા દિવસ છે.માનવ જીવનમાં ભાષાનું સ્થાન અતિ મહત્ત્વપૂર્ણ છે. માતૃભાષા માનવની ઓળખ, સંસ્કૃતિ, વિચારધારા અને ભાવનાઓનું પ્રતિબિંબ છે. દરેક માનવ જે ભાષામાં પ્રથમ શબ્દ બોલે છે, માતા પાસેથી જે ભાષામાં લાડપ્યાર સાંભળે છે, તે ભાષા તેની માતૃભાષા કહેવાય છે. માતૃભાષા વ્યક્તિના વ્યક્તિત્વના પાયાનું નિર્માણ કરે છે. આ મહત્ત્વને ઉજાગર કરવા માટે દર વર્ષે ૨૧ ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે.

વિશ્વ માતૃભાષા દિવસની શરૂઆત એક દુઃખદ ઘટના સાથે જોડાયેલી છે. ૧૯૫૨માં તત્કાલીન પૂર્વ પાકિસ્તાન (આજનું બાંગ્લાદેશ)માં બંગાળી ભાષાને રાષ્ટ્રીય ભાષાનો દરજ્જો અપાવવા માટે વિદ્યાર્થીઓએ આંદોલન કર્યું. ૨૧ ફેબ્રુઆરીના દિવસે આ આંદોલનમાં અનેક વિદ્યાર્થીઓ શહીદ થયા. તેમની ભાષા પ્રત્યેની નિષ્ઠા અને બલિદાનને માન આપવા માટે ‘યુનેસ્કો’ એ ૧૯૯૯માં ૨૧ ફેબ્રુઆરી ‘વિશ્વ માતૃભાષા દિવસ’ તરીકે ઘોષિત કર્યો.

માતૃભાષાનું મહત્ત્વ વધે,ઘસાતી અટકે અને માતૃભાષા પ્રત્યે લોકોનો આદર જળવાઈ રહે, એવા ઉમદા આશયથી ગુજરાત સાહિત્ય અકાદમી દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીના રોજ ‘માતૃભાષા મહોત્સવ’ની ઉજવણી કરે છે.આ મહોત્સવ અંતર્ગત રાજ્યની પાંચસોથી પણ વધુ સંસ્થાઓમાં ગોષ્ઠિ, વ્યાખ્યાનો અને કવિ સંમેલનોનું આયોજન કરવામાં આવે છે.

માતૃભાષા માનવીના હૃદય સાથે જોડાયેલી હોય છે. તેમાં વિચાર કરવો, લાગણી વ્યક્ત કરવી અને સંવેદનાઓ અનુભવવી વધુ સહજ હોય છે. બાળ શિક્ષણમાં માતૃભાષાનો ઉપયોગ બાળકની સમજશક્તિ, આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતા વધારવામાં મદદરૂપ બને છે. સંશોધનો પણ દર્શાવે છે કે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મળે તો બાળક વધુ સારી રીતે શીખે છે.

માતૃભાષા સંસ્કૃતિની વાહક છે. લોકકથાઓ, લોકગીતો, કહેવતો, પરંપરાઓ અને જીવનમૂલ્યો માતૃભાષા દ્વારા જ પેઢી દર પેઢી જળવાય રહે છે. ભાષાનો ભોગ એટલે સંસ્કૃતિનો ભોગ.

આજે વિશ્વમાં અંદાજે સાત હજાર જેટલી ભાષાઓ બોલાય છે, પરંતુ દુઃખની વાત એ છે કે તેમાંની ઘણી ભાષાઓ લુપ્ત થવાના આરે છે. વૈશ્વિકીકરણ, શહેરીકરણ, ટેકનોલોજી અને પ્રભુત્વ ધરાવતી ભાષાઓના વધતા પ્રભાવને કારણે નાના ભાષા સમુદાયો પોતાની ભાષા છોડતા જાય છે. યુનેસ્કોના અંદાજ મુજબ દર બે અઠવાડિયે એક ભાષા લુપ્ત થાય છે. આ માત્ર ભાષા લુપ્ત થવાની ઘટના નથી, પરંતુ માનવ જ્ઞાનના એક ખજાનાનો અંત છે.

શિક્ષણ અને માતૃભાષા વચ્ચે ગાઢ સંબંધ છે. જ્યારે બાળક પોતાની માતૃભાષામાં શીખે છે ત્યારે તે પ્રશ્ન પૂછવામાં સંકોચ અનુભવતું નથી, વિચારો ખુલ્લેઆમ વ્યક્ત કરી શકે છે અને શીખવામાં આનંદ અનુભવે છે. માતૃભાષા આધારિત શિક્ષણ સામાજિક સમાનતા લાવે છે, કારણ કે દરેક બાળકને સમાન અવસર મળે છે.

આજના સમયમાં અંગ્રેજી કે અન્ય વૈશ્વિક ભાષાઓનું મહત્ત્વ અસ્વીકાર્ય નથી, પરંતુ તે માતૃભાષાના સ્થાને નહીં, પરંતુ પૂરક તરીકે આવવી જોઈએ.

માતૃભાષા માનવીની ઓળખનું મુખ્ય તત્ત્વ છે. ’હું કોણ છું?’ એ પ્રશ્નનો જવાબ ઘણી વખત ભાષા આપે છે. ભાષા દ્વારા જ વ્યક્તિ પોતાના સમાજ, પ્રદેશ અને પરંપરાઓ સાથે જોડાયેલ રહે છે. જે સમાજ પોતાની માતૃભાષાનો તિરસ્કાર કરે છે, તે ધીમે ધીમે પોતાની ઓળખ ગુમાવતો જાય છે.

ગુજરાતી, મરાઠી, તમિળ, બંગાળી, ઉર્દૂ જેવી ભારતીય ભાષાઓ માત્ર બોલચાલ માટેનું માધ્યમ નથી, પરંતુ સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને જીવન દૃષ્ટિની સમૃદ્ધ પરંપરા છે. માતૃભાષાનું ગૌરવ રાખવું એટલે પોતાની જ ધરોહરને સન્માન આપવું.

આજની યુવા પેઢી પર વિદેશી ભાષાઓ અને સંસ્કૃતિનો ભારે પ્રભાવ જોવા મળે છે. ઘણીવાર માતૃભાષામાં વાત કરવામાં નાનપ અનુભવે છે. શાળા, ઘર અને સમાજમાં માતૃભાષાનો ઉપયોગ ઘટતો જાય છે. ટેકનોલોજી અને સોશ્યલ મીડિયા પર પણ પ્રાદેશિક ભાષાઓને પૂરતું સ્થાન મળતું નથી.

આ પરિસ્થિતિમાં જાગૃતિ લાવવી જરૂરી છે કે માતૃભાષાનો ઉપયોગ પ્રગતિમાં અવરોધ નથી, પરંતુ મજબૂત પાયો છે. ‘સાર્થ જોડણીકોશ’ માં ગાંધીજીએ લખ્યું છે કે, ‘અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે. તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ. હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.’

સુરતની મહારાણા પ્રતાપ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક રાજેશભાઈ ધામેલિયા છેલ્લાં ૧૬ વર્ષથી માતૃભાષા સજ્જતા અને સંવર્ધન માટે સતત મથી રહ્યા છે. ‘સાચી જોડણી લાગે વ્હાલી’ અને ‘ભાષા સજ્જતા’ નામની ૩ લાખ ૫૦ હજાર જેટલી પુસ્તિકાઓ રાજ્યની અનેક શાળા - કોલેજોમાં પહોંચતી કરી છે.એટલું જ નહીં બલકે આઠ હજારથી વધારે શાળા - કોલેજોમાં ભાષા સજ્જતા માટેના સેમિનારો કર્યા છે.

માતૃભાષાનું સંરક્ષણ દરેક વ્યક્તિની જવાબદારી છે. ઘરમાં બાળકો સાથે માતૃભાષામાં વાતચીત કરવી, શાળાઓમાં માતૃભાષાને પ્રોત્સાહન આપવું, માતૃભાષામાં પુસ્તકો વાંચવા-લખવા, લોકસાહિત્યને જીવંત રાખવું - આવા નાનાં પગલાં મોટું પરિવર્તન લાવી શકે છે.

વિશ્વ માતૃભાષા દિવસ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ એક વિચારધારા છે. માતૃભાષા એ આપણો શ્વાસ છે, આપણી ઓળખ છે.

તમે જો એમ માનતા હો કે આપણી માતૃભાષા ગુજરાતી કદી પણ મરવાની નથી, તો તમે ભોળા માણસ છો.તમારાં સંતાનોનાં સંતાનો અત્યારે કેવું ગુજરાતી બોલે છે ? એ કયું ગુજરાતી વાંચે છે ? એમનું અડધું પડધું ગુજરાતી તમને કેમ પરાયું લાગે છે ? આપ આવા બધા પ્રશ્ન વિશે પર વિચાર કરશો તો તમને ગુજરાતી ભાષાના ધીમા મૃત્યુનો અણસાર આવી જશે આજની. ગુજરાતી પ્રજાએ એ ખાસ ખ્યાલ રાખવાનો છે કે ગુજરાતી ભાષા લુપ્ત થાય તેની છેલ્લી કડી આપણે ન બનીએ.ભાષાને નહીં આપણી જાતને બચાવવાની છે.ભાષાને નહીં,આપણી સંસ્કારિતાને બચાવવાની છે.

‘ભાષાનું મૃત્યુ કલ્ચરનું મૃત્યુ. કલ્ચરનું મૃત્યુ એટલે એવું મૃત્યુ કે જેમાં સ્મશાને જવાનું ફરજિયાત નથી’. (ગુણવંત શાહ) ■

## વિરાટ-અનુષ્કા ફરી વૃંદાવનના આશ્રમમાં તલ્લીન



વિરાટ કોહલી અને તેની ઍક્ટ્રેસ-પત્ની અનુષ્કા શર્મામાં થોડા સમયથી ભક્તિભાવ ખૂબ વધી ગયો છે અને એટલે જ તેઓ વારંવાર વૃંદાવનમાં પ્રેમાનંદજી મહારાજની સત્સંગ-સભામાં હાજરી આપવા આવી જાય છે. તેઓ ફરી એક વાર આ આશ્રમમાં આવ્યા હતા અને લગભગ એક કલાક સુધી ભક્તોની વચ્ચે બેઠાં હતાં. પુત્ર અકાયના જન્મદિન બાદ આ આશ્રમની મુલાકાત લીધી હતી. (પીટીઆઈ)

# વર્લ્ડ કપમાં સાત ટીમ પહોંચી સુપર-એઈટમાં

**▸ છેલ્લા સ્થાન માટે ત્રણ વચ્ચે હરીફાઈ: ૧૦ દેશ થયા આઉટ**

મુંબઈ/અમદાવાદ: ટી-૨૦ વર્લ્ડ કપની ૧૦મી સીઝન ચાલી રહી છે જેમાં લીગની લડાઈ પૂરી થવાની તૈયારીમાં છે ત્યારે સુપર-એઈટમાં સહ-યજમાનો ભારત અને શ્રીલંકા સહિત સાત દેશની ટીમ પહોંચી ગઈ છે અને હવે માત્ર છેલ્લી ટીમના પ્રવેશની રાહ જોવાઈ રહી છે. પાકિસ્તાન ઇચ્છશે કે બુધવારે નેધરલૅન્ડસ સામે ભારતનો વિજય થાય.

### કયા સાત દેશ સુપર-એઈટમાં?

ભારત તથા શ્રીલંકા ઉપરાંત સાઉથ આફ્રિકા, વેસ્ટ ઇન્ડિઝ, ઇંગ્લૅન્ડ, ન્યૂ ઝીલૅન્ડ તથા ઝિમ્બાબ્વે સુપર-એઇટ મુકાબલામાં પહોંચી ગયા છે. હવે છેલ્લા એટલે કે આઠમા સ્થાન માટે ગ્રૂપ-એના ત્રણ દેશ અમેરિકા, પાકિસ્તાન તથા નેધરલૅન્ડ્સ વચ્ચે હરીફાઈ છે.

### કયા ૧૦ દેશ ટૂર્નામેન્ટની બહાર થયા?

વર્લ્ડ કપના ચાર ગ્રૂપમાંથી ૧૦ દેશ ટૂર્નામેન્ટની બહાર થઈ ગયા છે જેમાં ઑસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન, ઇટલી, નામિબિયા, ઓમાન, નેપાળ, સ્કૉટલૅન્ડ, કૅનેડા, યુએઇ અને આયરલૅન્ડ.

### ગ્રૂપ-એના પાંચમાંથી ત્રણ દેશ વચ્ચે હરીફાઈ

ગ્રૂપ-એમાંથી એકમાત્ર ભારત સુપર-એઇટમાં પહોંચી ગયું છે અને ખરેખર તો એકમાત્ર નામિબિયા આઉટ થઈ ગયું છે. અમેરિકા (ચાર પૉઇન્ટ, +૦.૭૮૮નો રનરેટ)ની તમામ ચાર લીગ મૅચ રમાઈ ગઈ છે. જોકે બુધવારની મૅચ (બપોરે ૩.૦૦ વાગ્યાથી)માં પાકિસ્તાન (ચાર પૉઇન્ટ, -૦.૪૦૩નો રનરેટ) જો નામિબિયા (૦ પૉઇન્ટ, -૨.૪૪૩નો રનરેટ) સામે હારી જશે તો સુપર-એઇટમાં પહોંચી જવાનો અમેરિકાનો ચાન્સ વધુ રહેશે. જોકે બુધવારે અમદાવાદમાં ભારતની નેધરલૅન્ડ્સ (બે પૉઇન્ટ, -૧.૩૫૨નો રનરેટ) સામેની મૅચ (સાંજે ૭.૦૦ વાગ્યાથી)માં જો ભારતનો વિજય થશે તો નેધરલૅન્ડ્સ તો આઉટ થઈ જ જશે, આ ગ્રૂપમાંથી સુપર-એઇટમાં જવા રનરેટ પર પાકિસ્તાન અને અમેરિકા વચ્ચે હરીફાઈ થશે. ભારત-નેધરલૅન્ડ્સ મૅચ પહેલાં (૩.૦૦ વાગ્યાથી) કોલંબોમાં પાકિસ્તાન-નામિબિયા વચ્ચે મુકાબલો થશે અને એ મૅચ પણ અમુક રીતે નિર્ણાયક સાબિત થઈ શકે. ■

# શમીએ આઠ વિકેટ લીધી, સિલેક્ટરોને પ્રભાવિત કરવા હવે આ પૂરતું છે કે નહીં?

**▸ જોકે ઑકિબ નબીએ મૅચમાં કુલ નવ વિકેટ લઈને જમ્મુ-કાશ્મીરને ફાઈનલની નજીક લાવી દીધું, કર્ણાટકનો ૭૩૬ રનનો ખડકલો**



કલ્યાણી (પશ્ચિમ બંગાળ): ૩૫ વર્ષના પેસ બોલર મોહમ્મદ શમી ૩૩ મહિનાથી ટેસ્ટ ટીમની અને એક વર્ષથી ટીમ ઇન્ડિયાની વન-ડે તથા ટી-૨૦ ટીમની બહાર છે અને તેણે કમબૅક કરવા અનેક વખત ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પર્ફોર્મ કર્યું છે, પરંતુ સિલેક્ટરો પ્રભાવિત થતા જ નથી અને એવામાં તેણે અહીં જમ્મુ-કાશ્મીર સામેની પાંચ-દિવસીય રણજી સેમિ ફાઇનલમાં પ્રથમ દાવમાં પશ્ચિમ બંગાળ વતી ૯૦ રનમાં આઠ વિકેટ લઈને પસંદગીકારોને આડકતરી રીતે વધુ એક વખત ઇશારો કર્યો છે કે હવે તો તેને આંતરરાષ્ટ્રીય સિરીઝ માટે સિલેક્ટ કરશો કે નહીં?

રવિવારે શરૂ થયેલી આ રણજી મૅચમાં બંગાળે સુદીપ કુમાર ઘરામીના ૧૪૬ રનની મદદથી ૩૨૮ રન કર્યા હતા. જમ્મુ-કાશ્મીરના પેસ બોલર ઑકિબ નબીએ પાંચ વિકેટ લીધી હતી. ત્યાર બાદ જમ્મુ-કાશ્મીરની ટીમને ૩૦૨ રન સુધી સીમિત રખાવવામાં શમી (૨૨.૧-૩-૯૦-૮)નું સૌથી મોટું યોગદાન હતું. પ્રવાસી ટીમના ૩૦૨ રનમાં અબ્દુલ સમદના ૮૨ રન અને કૅપ્ટન પારસ ડોગરાના ૫૮ રન સામેલ હતા.

બંગાળને ૨૬ રનની સરસાઈ મળી, પણ બીજા દાવમાં નબીની ચાર વિકેટને લીધે બંગાળનો દાવ ૯૯ રનમાં સમેટાઈ ગયો હતો. જમ્મુ-કાશ્મીરે માત્ર ૧૨૬ રનના લક્ષ્યાંક સામે ૪૬ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી અને જીતવા બીજા ૮૩ રન કરવાના બાકી હતા.

લખનઊની બીજી સેમિ ફાઇનલમાં કર્ણાટકે કૅપ્ટન દેવદત્ત પડિક્કલ (૨૩૨ રન, ૩૩૦ બૉલ, ત્રણ સિક્સર, ઓગણત્રીસ ફોર)ની ડબલ સેન્ચુરી તેમ જ કે. એલ. રાહુલ (૧૪૧ રન, ૨૧૧ બૉલ, પાંચ સિક્સર, અગિયાર ફોર) અને રવિચન્દ્રન સ્મરણ (૧૩૫ રન, ૨૧૬ બૉલ, બાર ફોર)ની સેન્ચુરીની મદદથી ૭૩૬ રન કર્યા બાદ ઉત્તરાખંડની ટીમે મંગળવારના ત્રીજા દિવસે ૧૪૯ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. ■

## કૅનેડાના યુવરાજની રેકૉર્ડ-બ્રેક સદી પાણીમાં

ચેન્નઈ: કૅનેડાનો ભારતીય મૂળનો યુવરાજ સિંહ સામરા ટી-૨૦ વર્લ્ડ કપનો સૌથી નાની ઉંમરનો સેન્ચુરિયન બન્યો છે. તે ૧૯ વર્ષનો છે અને ગઈ કાલે તેણે ન્યૂ ઝીલૅન્ડ સામેની ગ્રૂપ-ડીની મૅચમાં અનુભવી બોલર્સનો સમજદારીથી સામનો કરીને સદી ફટકારી હતી. તેણે ૬૫ બૉલમાં છ છગ્ગા અને અગિયાર ચોગ્ગાની મદદથી ૧૧૦ રન કર્યા હતા. જોકે તેની આ ઐતિહાસિક સદી એળે ગઈ હતી, કારણકે કૅનેડા (૪/૧૭૩) સામે ન્યૂ ઝીલૅન્ડ (૨/૧૭૬) રચિન રવીન્દ્રના અણનમ ૫૯ રન અને ગ્લેન ફિલિપ્સના અણનમ ૭૬ રનની મદદથી આ મૅચ જીતીને સુપર-એઇટ રાઉન્ડમાં પહોંચી ગયું હતું. યુવરાજે પાકિસ્તાનના અહમદ શેહઝાદનો વિક્રમ તોડ્યો હતો. ૨૦૧૪ના વર્લ્ડ કપમાં શેહઝાદ બાવીસ વર્ષનો હતો ત્યારે તેણે સદી ફટકારી હતી. ■

# ઈમરાન ખાન માટે ગાવસકર-કપિલ મેદાને! જેલમાં પૂરતી સારવાર માટે પાકિસ્તાન સરકારને લખ્યો પત્ર

નવી દિલ્હી: હાલ કારાવાસ ભોગવી રહેલા પાકિસ્તાનના ભૂતપૂર્વ કૅપ્ટન તથા ઑલરાઉન્ડર તેમ જ ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનની જેલમાં કથળતી તબિયત વિશે સુનીલ ગાવસકર અને કપિલ દેવ સહિત કુલ ૧૪ જેટલા ભૂતપૂર્વ કૅપ્ટનોએ ચિંતા વ્યક્ત કરી છે તેમ જ તેમને પૂરતી તબીબી સારવાર પૂરી પાડવાની તેમ જ તેમને આંતરરાષ્ટ્રીય ધોરણસરની સુવિધા પૂરી પાડવાની પાકિસ્તાન સરકારને વિનંતી ધરાવતો પત્ર લખ્યો છે.



પાકિસ્તાનને ૧૯૯૨નો વન-ડે વર્લ્ડ કપ અપાવનાર ૭૩ વર્ષીય ઇમરાન ખાનની તબિયત ખરાબ છે. તેમણે જમણી આંખની ૮૫ ટકા જેટલી દૃષ્ટિ ગુમાવી દીધી છે એવા અહેવાલ વચ્ચે ૧૪ ભૂતપૂર્વ કૅપ્ટનોએ પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝને આ વિનંતી કરતો લેટર લખ્યો છે. આ પત્ર લખવામાં જોડાયેલા અન્ય ૧૨ કૅપ્ટનમાં ગ્રેગ ચૅપલ, બેલિન્ડા ક્લાર્ક, માઇકલ આથર્ટન, નાસિર હુસેન, ઇયાન ચૅપલ, ઍલન બોર્ડર, માઇક બ્રિયરલી, ડેવિડ ગોવર, કિમ હ્યુઝ, ક્લાઇવ લોઇડ, સ્ટીવ વૉ અને જૉન રાઈટનો સમાવેશ છે.

વર્ષ ૨૦૨૨માં ઈમરાનની વડા પ્રધાન પદેથી હકાલપટ્ટી કરવામાં આવી હતી, ઑગસ્ટ ૨૦૨૩થી ઇમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબી જેલમાં છે. ઇમરાન ખાન પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો છે. ■

## આજે અમદાવાદીઓ અભિષેક-ઇશાનના ધમાકાની તલાશમાં

અમદાવાદ: અહીં આજે ભારત અને નેધરલૅન્ડ્સ વચ્ચે ગ્રૂપ-એમાં છેલ્લી લીગ મૅચ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાશે જેમાં ભારત જીતવા અને અપરાજિત રહેવા કોઈ કસર બાકી નહીં રાખે. ટી-૨૦નો વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા છેલ્લા ૧૮ મહિનાથી આંતરરાષ્ટ્રીય મૅચો તેમ જ આઇપીએલમાં ધમાકેદાર ઇનિંગ્સ રમવા માટે જાણીતો છે. તેના ઉપરાંત ઇશાન કિશન પણ હવે આવી જ છાપ ધરાવતો હોવાથી આજે અમદાવાદવાસીઓ બન્નેની મોટી ભાગીદારીની આશા રાખશે. યાદ રહે, અભિષેકના છેલ્લી છમાંથી ચાર ઇનિંગ્સમાં ઝીરો છે.

**સુપર-એઈટમાં ભારતની મૅચો**

ભારત વિરુદ્ધ સાઉથ આફ્રિકા
(૨૨ ફેબ્રુ., અમદાવાદ, સાંજે ૭.૦૦)
ભારત વિરુદ્ધ ઝિમ્બાબ્વે
(૨૬ ફેબ્રુ., ચેન્નઈ, સાંજે ૭.૦૦)
ભારત વિરુદ્ધ વેસ્ટ ઇન્ડિઝ
(૧ માર્ચ, કોલકાતા, સાંજે ૭.૦૦)

**આજે કયા મુકાબલા?**

સાઉથ આફ્રિકા વિરુદ્ધ યુએઇ
(દિલ્હી, સવારે ૧૧.૦૦)
પાકિસ્તાન વિરુદ્ધ નામિબિયા
(કોલંબો, બપોરે ૩.૦૦)
ભારત વિરુદ્ધ નેધરલૅન્ડ્સ
(અમદાવાદ, સાંજે ૭.૦૦)

## નેપાળની પ્રથમ જીત સાથે વિદાય

વાનખેડે સ્ટેડિયમમાં નેપાળે સ્કૉટલૅન્ડને સાત વિકેટે હરાવીને આ વર્લ્ડ કપમાં પ્રથમ જીત મેળવવાની સાથે વિદાય લીધી છે. સ્કૉટલૅન્ડે સાત વિકેટે ૧૭૦ રન કર્યા બાદ નેપાળની ટીમ દીપેન્દ્ર ઐરી (૫૦ અણનમ ૫૦, ૨૩ બૉલ ત્રણ સિક્સર, ચાર ફોર) તથા કુશાલ ભુર્ટેલ (૪૩ રન, ૩૫ બૉલ, ચાર સિક્સર, એક ફોર)ની ઇનિંગ્સની મદદથી ૧૯.૨ ઓવરમાં ત્રણ વિકેટે ૧૭૩ રન કરીને બહુમૂલ્ય વિજય મેળવ્યો હતો. ■

# પાકિસ્તાની મહિલા ઍન્કરનો આક્રોશ: અમારા ખેલાડીઓ સાવ નમાલા અને નકામા



કોલંબો: ટી-૨૦ વર્લ્ડ કપમાં અહીં રવિવારે વન-સાઇડેડ મેચમાં ભારતે સાત વિકેટે ૧૭૫ રન કર્યા બાદ પાકિસ્તાનને ૧૮ ઓવરમાં માત્ર ૧૧૪ રનમાં ઑલઆઉટ કરીને ૬૧ રનથી વિજય મેળવી લીધો ત્યાર બાદ પાકિસ્તાનની જ જાણીતી મહિલા પત્રકાર અને ઍન્કર હુદા શાહે પાકિસ્તાની ટીમ પર જે આક્રોશ ઠાલવ્યો એ ભલભલા ખેલાડીઓની ટિપ્પણીને ઝાંખી પાડી દે એવો હતો.

### હુદા શાહે શું કહ્યું?

(૧) બેશરમીની પણ હદ હોય. કેટલું બધું ખરાબ પર્ફોર્મ કર્યું! પાકિસ્તાનની આ ટીમના કેટલાક ખેલાડીઓ નમાલા અને અમુક નકામા છે.

(૨) તમે હારવાના તો હતા જ, પણ થોડી તો મહેનત કરવી જોઈતી હતી. ટાર્ગેટ ચેઝ કરવા થોડું તો સારું રમવું જોઈતું હતું. આ શું! આવું રમાય?

(૩) બહુ સાંભળવા મળ્યું હતું કે અમારા ખેલાડીઓએ બેટિંગ, બોલિંગ, ફીલ્ડિંગની બહુ સારી પ્રેક્ટિસ કરી છે. આવું ખરાબ રમવા પ્રેક્ટિસ કરી હતી? મને ખાતરી છે કે તમે બેટિંગની પૂરતી પ્રેક્ટિસ નહીં જ કરી હોય.

(૪) બધા પહેલેથી જાણતા જ હતા કે બેઈજ્જતી થવાની જ છે. જોકે (દેશની) તમે કેટલી બધી ખરાબ બેઈજ્જતી કરાવી! તમે કેટલા બધા નમાલા છો!

(૫) ભારત સામે રમવાનો પાકિસ્તાને જે બહિષ્કાર જાહેર કર્યો હતો એ પાછો ન ખેંચ્યો હોત તો સારું થાત, આટલી બેઈજ્જતી તો ન થાત. ■

# મેઘરાજાએ ઑસ્ટ્રેલિયાની ધુલાઈ કરી, વર્લ્ડ કપની બહાર કરી દીધું

પલ્લેકેલ: ૨૦૨૨માં ટી-૨૦ વર્લ્ડ કપ જીતનાર ઑસ્ટ્રેલિયાની ટીમ આ વખતના વિશ્વ કપમાં સુપર-એઇટ રાઉન્ડમાં પણ ન પહોંચી શકી અને ખરાબ પર્ફોર્મન્સને કારણે લીગ રાઉન્ડમાં જ ટૂર્નામેન્ટની બહાર થઈ ગઈ છે. વરસાદને લીધે ગઈ કાલે ઝિમ્બાબ્વે-આયરલૅન્ડની મૅચ ન રમાતાં ઑસ્ટ્રેલિયાએ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ જવું પડ્યું છે. ટૂર્નામેન્ટની શરૂઆતમાં મિચલ માર્શ ઈજા પામતાં ટ્રૅવિસ હેડને ટીમનું સુકાન સોંપાયું હતું. માર્શ સોમવારે શ્રીલંકા સામેની મૅચમાં રમ્યો હતો, પરંતુ તેની એન્ટ્રી મોડી થઈ અને શ્રીલંકા સામેના પરાજય બાદ હવે ઑસ્ટ્રેલિયાએ વર્લ્ડ કપમાંથી સીધી બાદબાકી થતી જોવી પડી છે.

### ઝિમ્બાબ્વે સામેની હાર ભારે પડી

ટી-૨૦ના વર્લ્ડ નંબર-થ્રી ઑસ્ટ્રેલિયા (૨૦ ઓવરમાં ૧૦/૧૮૧)નો સોમવારે સહ-યજમાન શ્રીલંકા (૧૮ ઓવરમાં ૨/૧૮૪) સામે આઠ વિકેટે પરાજય થયો ત્યારથી જ આ વર્લ્ડ કપમાં કાંગારુઓની ટીમ પર લટકતી તલવાર હતી. શુક્રવારે ઝિમ્બાબ્વે સામે ઑસ્ટ્રેલિયાનો ૧૪૬ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં ૨૩ રનથી જે પરાજય થયો એ એને સૌથી ભારે પડ્યો. આયરલૅન્ડની પણ ટૂર્નામેન્ટમાંથી બાદબાકી થઈ ગઈ હતી.

### ૨૦૨૩માં માર્શે ટ્રૉફી પર પગ રાખેલો

૨૦૨૩માં અમદાવાદમાં વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં ભારત સામેના વિજય બાદ ઑસ્ટ્રેલિયાના ચૅમ્પિયન કૅપ્ટન મિચલ માર્શ ડ્રેસિંગ-રૂમમાં ટ્રૉફી પર પગ રાખીને બેઠો હતો અને એનું જે રીતે અપમાન કર્યું એ બદલ વિશ્વભરમાં તેની ખૂબ ટીકા થઈ હતી. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PSALM | ભ્રામક |
| PSEUDO | પ્રાર્થના ગીત |
| PSYCHE | ચૂંટણી મીમાંસા |
| PSEPHOLOGY | કૃત્રિમ |
| PSYCHEDELIC | મન |


## શબ્દલાલિત્ય



### આડી ચાવી

૧. ચસકેલું (૪)
૪. લાંચિયું (૫)
૮. ઘમો (૨)
૯. અડસટ્ટો, અંદાજ (૩)
૧૦. ભાઈ (૩)
૧૨. કાંકરો (૩)
૧૪. માટીનો હુક્કો (૨)
૧૬. માથા વગરનું શરીર (૨)
૧૭. --- નું મન બાવળીયે (૩)
૧૯. ડરપોક, બાયલું (૩)
૨૧. પૃથ્વી (૩)
૨૩. ક્રમળ (૩)
૨૫. પાપ (૩)
૨૬. નાની વાવ (૩)
૨૮. --- ત્યાં જંપ (૨)
૩૦. પાણી, નીર (૨)
૩૨. કુંભારનો ચાક (૩)
૩૩. બદનામ (૩)
૩૪. --- સો હથિયાર (૩)
૩૬. શ્રાદ્ધને દિવસે કાગડાને --- નાંખવામાં આવે (૨)
૩૭. અનાદર (૫)
૩૮. પ્રપંચ, યુક્તિ (૪)

## ગયા વખતનો ઉકેલ



### ઊભી ચાવી

૧. સાથી, ગોઠિયો (૪)
૨. ભગવો રંગ (૩)
૩. છોકરી, દીકરી (૨) (જો.છૂ.)
૫. સસરો (૩)
૬. પરવા, દરકાર (૨)
૭. ઝૂંપડું, ગાર માટીના લીંપણવાળું નાનું ઘર (૩)
૧૧. હૃદયના કંપ (૪)
૧૨. ચીંથરાનું બનાવેલું વસ્ત્ર (૨)
૧૩. --- તેવી ભરણી (૩)
૧૫. શ્રીકૃષ્ણનું નિવાસસ્થાન (૩)
૧૭. દેવ (૨)
૧૮. ભસ્મ, ખાખ (૩)
૨૦. પૂજન (૩)
૨૨. વસ્તી (૫)
૨૩. થોડું, જરાક (૩)
૨૪. મૂક, સ્તબ્ધ (૩)
૨૫. ભેંસનું માદા બચ્ચું (૨)
૨૭. મોટો (૨)
૨૯. બડાઈ (૪)
૩૧. આનંદનો ઉપભોગ (૩)
૩૨. દેવીપુત્ર (૩)
૩૩. પ્રવીણ, હોશિયાર (૩)
૩૫. વિશ્વ, દુનિયા (૨)
૩૬. વાણી, બોલી (૨)

## માતૃભાષાની મહેક

લોકો એવા પણ હોય જે દુઃખના રોદણાં રડતા હોય છે. એવા વીરલા પણ હોય છે જેમની પરેશાની, મુશ્કેલીની જાણ કેવળ તેમને હોય છે અને બીજા ભગવાન જેમનાથી કશું છૂપું નથી રહેતું. આ ભાવના 'હૈયા ભીતર દવ બળે, કોઈ ન જાણે સાર, કાં મન જાણે આપણું કાં જાણે કરતાર' સુભાષિતમાં પ્રભાવીપણે વ્યક્ત થઈ છે.

## ગુજરાત મોરી મોરી રે

'જેવા સાથે તેવા થઈને રહેવું' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

ગામ તેવા રહીએ વચ્ચે હોય થઈ

## ઈર્શાદ

એક પૂછું છું સવાલ,
આપજે ઉત્તર કમાલ,
પાપ તું કરતો નથી,
શા થશે ગંગાના હાલ?

- શેખાદમ આબુવાલા

## ઓળખાણ પડી?



યુરોપની ટુરમાં ગયેલા સહેલાણીઓમાં મનપસંદ ગણાતી ઈટલીના વેનિસ શહેરની આ નૌકા સફર કયા નામથી પ્રચલિત છે?

અ) કેનો બ) સેંગલ ક) કાયાક ડ) ગોન્ડોલા

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'લોઢાના કમાડ વાએ ઉઘડ્યા' કહેવતમાં કમાડ શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) મિજાગરા બ) દરવાજા ક) કમાલ ડ) ચમત્કાર

## માઈન્ડ ગેમ

વિશ્વભરમાં વિવિધ પ્રકારના મ્યુઝિયમ જોવા મળે છે. ધ વર્લ્ડ મ્યુઝિયમ ઓફ ઈન્સેક્ટસ એન્ડ નેચરલ વન્ડર્સ કઈ જગ્યાએ છે એ જાણો છો?

અ) ચીન બ) થાઈલેન્ડ ક) સિંગાપોર ડ) કમ્બોડિયા

## સુડોકુ-૯૨૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | | ૩ | | ૬ | | ૨ | |
| ૨ | | | ૯ | | ૭ | | | ૬ |
| | | | ૫ | | ૮ | | | |
| ૧ | | ૯ | | | | ૨ | | ૭ |
| | ૩ | | | | | | ૯ | |
| ૭ | | ૫ | | | | ૬ | | ૮ |
| | | | ૧ | | ૪ | | | |
| ૩ | | | ૮ | | ૫ | | | ૧ |
| | ૬ | | ૨ | | ૯ | | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૭ | ૫ | ૬ | ૪ |
| ૬ | ૩ | ૨ | ૮ | ૫ | ૪ | ૧ | ૭ | ૯ |
| ૪ | ૫ | ૭ | ૧ | ૯ | ૬ | ૩ | ૮ | ૨ |
| ૨ | ૧ | ૬ | ૪ | ૮ | ૫ | ૯ | ૩ | ૭ |
| ૩ | ૭ | ૪ | ૬ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ |
| ૫ | ૮ | ૯ | ૭ | ૧ | ૩ | ૪ | ૨ | ૬ |
| ૮ | ૪ | ૫ | ૩ | ૬ | ૨ | ૭ | ૯ | ૧ |
| ૭ | ૨ | ૧ | ૯ | ૪ | ૮ | ૬ | ૫ | ૩ |
| ૯ | ૬ | ૩ | ૫ | ૭ | ૧ | ૨ | ૪ | ૮ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PRUNE | છાંટવું |
| PRUDENT | સાવધ |
| PRUNELLA | ઝભ્ભાનું કાપડ |
| PROBLEM | સમસ્યા |
| POUNCE | તરાપ |

**ગુજરાત મોરી મોરી રે:**
ભૂંડા તે કદી રૂડા નહીં થાય

**ઓળખાણ પડી?**
ઈજિપ્ત

**માઈન્ડ ગેમ :**
દુબઈ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
સહવાસ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) ભરત કજરીયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) ભારતી બુચ (૮) ખુશરુ કાપડિયા (૯) શ્રદ્ધા આશર (૧૦) હર્ષા મહેતા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજીતા ખોના (૧૩) જ્યોતી ખાંડવાલા (૧૪) મીનળ કાપડિયા (૧૫) કિરીટ છેડા (૧૬) ચેતના છેડા (૧૭) ભાવના કર્વે (૧૮)ા પ્રવીણ વોરા (૧૯) કમલ માટલીયા (૨૦) મહેશ સંઘવી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખીલ બંગાળી (૨૪) અમીષી બંગાળી (૨૫) તાહેર ઔરંગાબાદવાળા (૨૬) શીરીન ઔરંગાબાદવાળા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) અંજુ ટોલીયા (૩૨) વર્ષા સૂર્યકાન્ત શ્રોફ (૩૩) અરવિંદ કામદાર (૩૪) ડાયના સંતોક (૩૫) અલકા વાણી (૩૬) વીણા સંપટ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) રમેશભાઈ દલાલ (૪૧) ઈનાક્ષી દલાલ (૪૨) હીનાબેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) મહેશ દોશી

# મુંબઈમાં ચૂંટાયેલા ૨૫ ટકા કોર્પોરેટર સામે ઘણા પચીસ પેન્ડિંગ

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો બાદ નવનિર્વાચિત કોર્પોરેટરોની પૃષ્ઠભૂમિ અંગે એક ચોંકાવનારો અહેવાલ સામે આવ્યો છે. આ અહેવાલ મુજબ ચૂંટાયેલા આશરે ૨૫ ટકા કોર્પોરેટરો સામે ગુનાહિત કેસો નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. આ માહિતી એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ અને મહારાષ્ટ્ર ઇલેક્શન વોચ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલા અભ્યાસમાં આપવામાં આવી છે. આ વિગતવાર અભ્યાસ મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી દરમિયાન ઉમેદવારોએ રજૂ કરેલા સોગંદનામાના આધારે કરવામાં આવ્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ચૂંટાયેલા ૨૨૭ વિજેતા કોર્પોરેટરોના સોગંદનામાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૫૪ કોર્પોરેટરોએ જાહેર કર્યું કે તેમની સામે ફોજદારી કેસ પેન્ડિંગ છે. આમાંથી ૨૯ કોર્પોરેટરો પર ગંભીર ફોજદારી આરોપો છે. આ ગંભીર ગુનાઓમાં હત્યાનો પ્રયાસ, ગંભીર ઈજા પહોંચાડવી, અપહરણ, છેતરપિંડી, લૂંટફાટ અને મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ જેવા કેસોનો સમાવેશ થાય છે તેમ જણાવવામાં આવ્યું હતું.

આ અહેવાલે ફરી એકવાર મુંબઈ મહાનગરપાલિકામાં કોર્પોરેટરોના ગુનાહિતકરણનો મુદ્દો સામે લાવ્યો છે. લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેનારા ઉમેદવારો સ્વચ્છ પૃષ્ઠભૂમિ ધરાવતા હોવા જોઈએ તેવી અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ ચિંતાજનક માનવામાં આવે છે કે જીતેલા ચારમાંથી એક ઉમેદવાર ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવે છે. આનાથી સ્થાનિક સંસ્થાઓમાં શાસનની પારદર્શિતા પર પણ પ્રશ્નો ઊભા થયા છે. ■

# ટીપુ સુલતાન મુદ્દે કૉંગ્રેસી નેતા સપકાળે માફી માગી

મુંબઈઃ ટીપુ સુલતાન અને છત્રપતિ શિવાજી મહારાજના સંદર્ભમાં આપેલા નિવેદન પર ભારતીય જનતા પક્ષ દ્વારા રાજ્યભરમાં ચાલી રહેલા આક્રમક આંદોલન બાદ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળએ આખરે માફી માગી છે. કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે ટીપુ સુલતાન અને છત્રપતિ શિવાજી મહારાજની તુલના કરવાનો કોઈ પ્રશ્ન જ નથી, મેં સરખામણી કરી નથી, પરંતુ સોશિયલ મીડિયા પર ભ્રામક ઝુંબેશ ચલાવીને, મેં જે કહ્યું ન હતું એ શબ્દો મારા મોંમાં નાખી ગેરસમજ ઉભી કરવામાં આવી કે મેં છત્રપતિ શિવાજી મહારાજની તુલના કરી. તેમ છતાં, જેમન લાગણીઓને ઠેસ પહોંચી હોય તેમની હું માફી માંગુ છું.

સપકાળએ વધુમાં જણાવ્યું હતું કે સરકારી કાર્યાલયોમાં વિવિધ મહાપુરુષોના ફોટા એકસાથે મૂકવાથી સમાજમાં વિભાજન નહીં થાય, પરંતુ એકતાનો સંદેશ જશે એવા આશયનું મારું ૭૦ સેકન્ડનું નિવેદન હતું કે  કમનસીબે એ નિવેદનને વિકૃત કરવામાં આવ્યું હતું. સોશિયલ મીડિયા પર ભ્રામક ઝુંબેશ ચલાવી હું નહોતો બોલ્યો એ વાત મારા નામ સાથે જોડી ખોટી છાપ ઉભી કરવામાં આવી હતી કે મેં છત્રપતિ શિવાજી મહારાજ સાથે સરખામણી કરી છે. આ ખોટી માહિતી ભારતીય જનતા પક્ષ અને તેના સાથીઓ દ્વારા વ્યવસ્થિત રીતે ફેલાવવામાં આવી હતી. આવું કરી રાજ્યમાં ધાર્મિક વિભાજન કરી રમખાણો કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો એ આપણે પુણેમાં જોયું. ■

# થાણેમાં બિલ્ડિંગમાં સ્લેબ તૂટી પડતા ત્રણ જખમીઃ એકની હાલત ગંભીર

**સુરક્ષાને ધ્યાનમાં રાખીને બિલ્ડિંગ સીલ, ૮૦ રહેવાસીઓ અન્ય સ્થળે ખસેડયા**

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે પશ્ચિમમાં વાગલે એસ્ટેટમાં એક રહેણાંક બિલ્ડિંગમાં મંગળવારે વહેલી સવારના પાંચમા માળ પર આવેલા એક ફ્લેટનો સ્લેબ ચોથા માળ પરના ફ્લેટ પર તૂટી પડ્યો હતો, જેમાં ત્રણ લોકો જખમી થયા હતા. આ દુર્ઘટના બાદ તકેદારીના પગલારૂપે બિલ્ડિંગને તરત ખાલી કરાવી દેવામાં આવી હતી. બિલ્ડિંમાં લગભગ ૮૦થી વધુ રહેવાસીઓ છે.

થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ વાગલે એસ્ટેટમાં હનુમાન મંદિર નજીક નૂતન નીલમ અપાર્ટમેન્ટ આવેલો છે. ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની આ બિલ્ડિંગ ૩૦થી ૩૫ વર્ષ જૂની છે. મંગળવારે વહેલી સવારના લગભગ ત્રણ વાગ્યાની આસપાસ 'એ' વિંગના ફ્લેટ નંબર ૫૦૧નો સ્લેબ ચોથા માળ પરના ફ્લેટ નંબર ૪૦૨ પર તૂટી પડયો હતો. વહેલી સવાર હોવાથી લોકો ભરઊંઘમાં હતા. ઘરની આખી સિલિંગ તૂટી પડતા પાંચમા માળના ફ્લેટના માલિક સહિત ચોથા માળના ફ્લેટના બે રહેવાસી એમ કુલ ત્રણ લોકો જખમી થયા હતા.

ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. એક ફાયર એન્જિન, એક ઈમરજન્સી ટેન્ડર, એક રેસ્ક્યુ વેકિલ સહિત કર્મચારીઓએ રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું.

આ દુર્ઘટનામાં ત્રણ લોકો જખમી થયા હતા. જખમીમાં ફ્લેટ નંબર ૫૦૧માં રહેતા ૬૦ વર્ષના ગજેન્દ્ર પ્રસાદને જમણા ખભામાં ફ્રેકચર અને શરીરના ઉપરના ભાગમાં પણ ભારે ઈજા થઈ છે. તો ૪૦૨ નંબરના ફ્લેટમાં રહેતો ૨૫ વર્ષનો પ્રિન્સ યાદવ અને ૨૩ વર્ષના પ્રદીપ યાદવ પણ જખમી થયા હતા.

ત્રણેય જખમીઓને થાણેમાં સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એ બાદ ક્રિટીકલ હાલતમાં રહેલા પ્રદીપ યાદવને ભાંડુપની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

થાણે પાલિકાના જણાવ્યા મુજબ સંબંધિત બિલ્ડિંગ સી-ટુબી શ્રેણીમાં આવે છે. બિલ્ડિંગ જોખમી હાલતમાં હોવાથી સુરક્ષાને કારણથી આખી બિલ્ડિંગને ખાલી કરાવી દેવામાં આવી હતી. આ બિલ્ડિંગમાં કુલ ૨૬ ફ્લેટ આવેલા છે અને લગભગ ૮૫થી ૯૫ વ્યક્તિ તેમાં રહે છે.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ તમામ રહેવાસીઓને તાત્પૂરતી વ્યવસ્થા તરીકે વાગલે એસ્ટેટ, શાંતી નગરમાં આવેલી થાણે પાલિકાની સ્કૂલ નંબર ૩૮માં રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. તેમ જ બિલ્ડિંગનું બાકી રહેલું બાંધકામ જોખમી હોવાથી 'એ' અને 'બી' વિંગને સપૂર્ણ રીતે સીલ કરી દેવામાં આવી હતી. ■

# 'ખામોશ' ડાયલોગનો દુરુપયોગ બંધ કરો!

## શત્રુઘ્ન સિંહાએ બોમ્બે હાઈ કોર્ટમાં અરજી કરી

મુંબઈઃ પીઢ અભિનેતા અને લોકસભા સાંસદ શત્રુઘ્ન સિંહાએ પોતાના વ્યક્તિત્વ અધિકારોના રક્ષણ માટે બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમના નામ, છબી અને તેમનો ફેમસ ડાયલોગ 'ખામોશ'નો મોટા પાયે ઓનલાઈન દુરુપયોગ થઈ રહ્યો છે. આથી તેને રોકવા માટે તેમણે રક્ષણ માંગ્યું હતું. સિંહાની વચગાળાની અરજીની સુનાવણી સોમવારે જસ્ટિસ શર્મિલા દેશમુખની સિંગલ બેન્ચ સમક્ષ થઈ હતી. તે સમયે મનાઈ હુકમ માગતી સિન્હાની અરજી પર સિંગલ બેન્ચે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

સિંહાએ અરજીમાં બંધારણની કલમ ૨૧ હેઠળના ગોપનીયતાના અધિકાર અને કોપીરાઈટ કાયદા હેઠળ કલાકારોના અધિકારોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે એવો પણ દાવો કર્યો છે કે સોશિયલ મીડિયા પર તેમની પ્રતિષ્ઠાને કલંકિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત જ્યાં સુધી અરજી પેન્ડિંગ હોય ત્યાં સુધી તેમનું નામ, વ્યક્તિત્વ અને તેમના પ્રખ્યાત ડાયલોગનો ઉપયોગ કરવા સામે કામચલાઉ પ્રતિબંધનો આદેશ આપવાની પણ તેમણે વિનંતી કરી હતી.

સિંહાએ તેમની સંમતિ વિના કોઈપણ વ્યાપારી શોષણ માટે તેમના નામ, અવાજ, રીતભાત, હસ્તાક્ષર, સંવાદ'ખામોશ' અને એકંદર વ્યક્તિત્વનો ઉપયોગ કરવા સામે કાયમી મનાઈ હુકમ માગ્યો હતો. સાથે જ તેમણે ૨૦ કરોડ રૂપિયાના વળતર અથવા આ વ્યક્તિત્વના ઉપયોગથી મેળવેલા નફા પર પણ દાવો કર્યો હતો. ■

# બીડમાં બારમા ધોરણની પરીક્ષા વખતે નકલ કરવામાં મદદ કરનારા પાંચ શિક્ષક સસ્પેન્ડ

બીડઃ બીડ જિલ્લાના એક કેન્દ્રમાં બારમા ધોરણની પરીક્ષા દરમિયાન મોટા પાયે નકલ કરવામાં મદદ કરવાના આરોપસર પાંચ શિક્ષકને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્ર માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મંડળ દ્વારા ચૌસાલામાં કેન્દ્ર ૨૪ ખાતે લેવામાં આવેલી બારમા ધોરણની પરીક્ષાના પહેલા જ દિવસે (૧૦ ફેબ્રુઆરી) મોટા પાયે નકલની ઘટના સામે આવી હતી. પરીક્ષામાં નકલનો ડ્રોન કેમેરાથી પર્દાફાશ થયા બાદ પોલીસે ૧૭ શિક્ષક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

અધિકારીઓ દ્વારા ડ્રોન પર ગોઠવાયેલા કેમેરાએ ૧૬ પરીક્ષા હોલમાં સુપરવાઇઝરોને કેદ કર્યા હતા, જેઓ નકલ તો રોકી શક્યા નહોતા, પણ વિદ્યાર્થીઓને ખુલ્લેઆમ કોપી કરવામાં મદદ કરી રહ્યા હતા. આ પ્રકરણે લિંબાગણેશ ખાતેની ભાલચંદ્ર વિદ્યાલયના પાંચ શિક્ષકને સસ્પેન્ડ કરાયા હતા, જ્યારે અન્ય ત્રણ શાળા અને જુનિયર કોલેજના ૧૨ શિક્ષક તપાસ હેઠળ છે. તપાસ બાદ તેમને પણ સસ્પેન્ડ કરવામાં આવી શકે છે.

૧૦ ફેબ્રુઆરીની આ ઘટનાની જાણ થયા બાદ બીડના કલેક્ટર વિવેક જોન્સને આ ખામી માટે જવાબદાર લોકો સામે કાર્યવાહીનો આદેશ આપ્યો હતો.

નેકનૂર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે પરીક્ષા કેન્દ્રના ચીફ કન્ડક્ટર સહિત ૧૭ શિક્ષકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં શિક્ષણ વિભાગ દ્વારા સંબંધિત સંસ્થાઓને પરીક્ષામાં નકલ કરવામાં મદદ કરનારા સ્ટાફને સસ્પેન્ડ કરવાના નિર્દેશ આપ્યા હતા. (પીટીઆઇ) ■

# સલીમ ખાનની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ

મુંબઈઃ બોલીવૂડ ફિલ્મોના લેખક સલીમ ખાનને લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સલીમ ખાન આઈસીયુમાં હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. જાવેદ અખ્તર સાથે જોડી જમાવી સુપરહીટ ફિલ્મો લખનારા સલીમ બોલીવૂડ સ્ટાર સલમાન ખાનના પિતા છે. સલમાન ખાન સહિત પરિવાર બાન્દ્રા ખાતેની લીલાવતી હોસ્પિટલમાં જોવા મળ્યો હતો.

૯૦ વર્ષના સલીમ ખાનની ગણના હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌથી પ્રભાવશાળી લેખકોમાં થાય છે. નવેમ્બર ૨૦૨૫માં તેમણે પોતાનો ૯૦મો જન્મદિવસ ઉજવ્યો હતો. જેની તસવીર સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ હતી.

સલીમ ખાનની ગણના બોલિવૂડના દિગ્ગજ લેખકોમાં થાય છે. જાવેદ અખ્તર સાથે મળીને સલીમ ખાને અનેક ફિલ્મોની સ્ક્રિપ્ટ લખી છે. જેમાં શોલે, દીવાર, ડોન, જંજીર, ત્રિશૂલ અને સીતા ઔર ગીતા જેવી સુપરહિટ ફિલ્મો સામેલ છે. સલીમ ખાને ફિલ્મોમાં અભિનેતા તરીકે પણ કામ કર્યું છે.

સલમાન ખાન ઉપરાંત સલીમ ખાનને ત્રણ સંતાનો છે. જેમાં અરબાઝ ખાન, સોહેલ ખાન અને અલવીરા ખાન સામેલ છે. આ ઉપરાંત તેમણે અર્પિતાને દત્તક લીધી છે. સલીમ ખાને પ્રથમ લગ્ન સલમા ખાન સાથે કર્યા હતા. જ્યારે હેલન તેમની બીજી પત્ની છે. ■

# ગૅન્ગસ્ટર કુમાર પિલ્લઈને ફરી હૉન્ગકૉન્ગ મોકલી આપોઃ કોર્ટ

મુંબઈઃ ગૅન્ગસ્ટર કુમાર પિલ્લઈને જે કેસોમાં ખટલો ચલાવવા માટે પ્રત્યર્પણ દ્વારા ભારત લાવવામાં આવ્યો હતો તે બધા કેસમાંથી નિર્દોષ છૂટી ગયો હોવાથી તેને તેના સ્વદેશ હૉન્ગકૉન્ગ પાછો મોકલી દેવા જરૂરી પગલાં લેવા માટે મુંબઈની કોર્ટે પોલીસને આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં સ્પષ્ટ કરાયું છે કે પ્રત્યર્પણ કરનાર દેશની મંજૂરી ન હોય તો આરોપી વિરુદ્ધ અન્ય કોઈ પણ પેન્ડિંગ કેસ માટે ભારતમાં ખટલો ચલાવી શકાય નહીં, એવું વિશેષ એમસીઓસીએ કોર્ટના જજ સત્યનારાયણ આર. નવાન્ડરે ૧૩ ફેબ્રુઆરીએ આપેલા આદેશમાં જણાવ્યું હતું.

ફરિયાદ પક્ષ પાસે પિલ્લઈને તેના સ્વદેશ હૉન્ગકૉન્ગ પાછો મોકલી આપવાનાં પગલાં લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. બાકીના કેસમાં પિલ્લઈ સામે કેસ ચલાવવા હૉન્ગકૉન્ગ પ્રશાસન પાસેથી ફરિયાદી પક્ષે પરવાનગી માગી હોય તેવું સૂચવતી કોઈ સામગ્રી રેકોર્ડ પર નથી, એમ કોર્ટે નોંધ્યું હતું. મૂળ ભારતીય નાગરિક પિલ્લઈ હૉન્ગકૉન્ગ જતો રહ્યો હતો અને તેણે ત્યાંનું નાગરિકત્વ લીધું હતું. તેની વિરુદ્ધ મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. ૨૦૧૨માં રેડ કૉર્નર નોટિસ ઈશ્યુ કરાયા પછી ૨૦૧૬માં તેની સિંગાપોરમાં ધરપકડ કરવામાં આવી હતી. ભારતમાં પિલ્લઈ વિરુદ્ધ છ કેસ હોવાથી સિંગાપોરની કોર્ટ સમક્ષ તેના પ્રત્યર્પણ માટે ભારત પ્રશાસન દ્વારા અરજી કરવામાં આવી હતી. જોકે પિલ્લઈ વિરુદ્ધ માત્ર ત્રણ કેસ ચલાવવા માટે પ્રત્યર્પણની મંજૂરી અપાઈ હતી. આ ત્રણેય કેસનો નિકાલ આવ્યો છે અને તેમાં પિલ્લઈ નિર્દોષ જાહેર થયો છે, એમ કોર્ટે નોંધ્યું હતું. મારા અસીલ વિરુદ્ધ પ્રત્યર્પણનો હેતુ હવે પૂર્ણ થયો છે. મારો અસીલ ભારતનો નાગરિક નથી અને તેથી આ દેશમાં રહેવાનું ચાલુ રાખે તે કાયદેસર નહીં ગણાય. એક્સ્ટ્રાડિશન ઍક્ટની કલમ ૨૧ હેઠળ તેને ફરીથી હૉન્ગકૉન્ગ મોકલી દેવો જોઈએ, એમ વકીલે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# જેલમાંથી ડ્રગ સિન્ડિકેટ ચલાવવામાં મદદઃ પોલીસ કોન્સ્ટેબલની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાતારા ડ્રગ્સ ફૅક્ટરી કેસના મુખ્ય આરોપીને જેલમાંથી ડ્રગ સિન્ડિકેટ ચલાવવામાં એક પોલીસ કોન્સ્ટેબલે મદદ કરી હોવાની ચોંકાવનારી માહિતી પોલીસ તપાસમાં સામે આવી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે આરોપી કોન્સ્ટેબલની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓએ જેલમાં સુરક્ષા માટે તહેનાત પોલીસ કોન્સ્ટેબલ બાળુ વ્હાણની ધરપકડ ધરપકડ કરી હતી. કોર્ટે તેને ૨૧ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

મળતી માહિતી અનુસાર ક્રાઈમ બ્રાન્ચે સાતારામાં ધમધમતી મેફેડ્રોન ડ્રગ (એમડી)ની ફૅક્ટરી પર કાર્યવાહી કરી હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા મુખ્ય આરોપી ફૈયાઝ શેખને સોલાપુરની જેલમાં રાખવામાં આવ્યો હતો. લગભગ છેલ્લા દોઢ વર્ષથી શેખ આ જ જેલમાં બંધ છે.

જેલમાં બંધ હોવા છતાં શેખે પોતાનું ડ્રગ્સ નેટવર્ક સક્રિય રાખ્યું હતું. શેખ મોબાઈલ ફોનથી દુબઈમાં રહેતા તેના પુત્રના સંપર્કમાં હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું. શેખના આ નેટવર્કની તપાસ દરમિયાન પોલીસને ચોંકાવનારી માહિતી મળી હતી. શેખને મોબાઈલની વ્યવસ્થા જેલમાં સુરક્ષા માટે તહેનાત પોલીસ કોન્સ્ટેબલ ચવ્હાણ કરી આપતો હતો. ચવ્હાણના આપેલા મોબાઈલથી શેખ તેના ભાઈ અને સાથીઓનો સંપર્ક સાધી ડ્રગ્સ નેટવર્ક સક્રિય રાખતો હતો. આ કામ માટે ચવ્હાણે મોટી રકમ લીધી હોવાનો આરોપ છે. પ્રાથમિક પુરાવાને આધારે ચવ્હાણની ધરપકડ કરવામાં આવી હતી.

સાતારા જિલ્લાના જાવલી તાલુકામાં આવેલા સાવરી ગામના એક ખેતરમાં એમડી બનાવવાની ફૅક્ટરી ધમધમતી હતી. આ ફૅક્ટરી પર ક્રાઈમ બ્રાન્ચે ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ કાર્યવાહી કરી અંદાજે ૧૧૫ કરોડ રૂપિયાનું ડ્રગ્સ અને તેના સંબંધી સાધનો જપ્ત કર્યાં હતાં. આ કેસમાં પોલીસે એમસીઓસીએ પણ લગાવ્યો હતો. મુલુંડમાં ડ્રગ્સ સાથે પકડાયેલા એક આરોપીની પૂછપરછમાં સાતારાની ફૅક્ટરીની માહિતી પોલીસને મળી હતી. કહેવાય છે કે શેખનો પુત્ર ફહાદ દુબઈમાં રહે છે અને ત્યાંથી ડ્રગ્સ સિન્ડિકેટ સાથે સમન્વય સાધતો હોવાની શંકા પોલીસને છે. ડ્રગ્સ અને નાણાં વ્યવહાર તેના નિયંત્રણમાં હોવાનું માનવામાં આવે છે. ■

# ન્યૂ દિલ્હી-ચેન્નઈ એક્સપ્રેસ ટ્રેનમાં આગઃ કોઈ જખમી નહીં



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ દિલ્હી-ચેન્નઈ ગ્રાન્ટ ટ્રન્ક એક્સપ્રેસ મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં પહોંચી હતી ત્યારે મંગળવારે વહેલી સવારના અચાનક તેના એક કોચમાં આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે કોઈ પ્રવાસી જખમી થયો નહોતો.

મધ્ય રેલવેના પ્રવક્તા સંજય મુળેના જણાવ્યા મુજબ ટ્રેન નંબર ૧૨૬૧૬ ન્યૂ દિલ્હી-ચેન્નઈ (તંબરમ) ગ્રાન્ટ ટ્રંક એક્સપ્રેસ મંગળવારે સવારના નાગપુરથી નીકળી હતી. ટ્રેન જ્યારે વર્ધાના સિંદી રેલવે સ્ટેશન પાસે પહોંચી હતી ત્યારે ટ્રેનના છેલ્લાં ગાર્ડના કોચમાં સવારના ૧૧.૦૯ વાગે તેમાંથી ધુમાડો નીકળતો દેખાયો હતો.

ટ્રેનને તરત શિંડી-તુળજાપુર સેકશનમાં રોકી દેવામાં આવી હતી અને આગ લાગી હતી એ ડબ્બાને ટ્રેનથી તરત અલગ કરી દેવામાં આવ્યો હતો. ટ્રેનમાં સવાર તમામ પ્રવાસી સહિત કોચ સુરક્ષિત હોવાનું રેલવેએ જણાવ્યું હતું. ડબ્બો છૂટો કર્યા બાદ ટ્રેનને આગળ રવાના કરવામાં આવી હતી. આગનું ચોક્કસ કારણ તપાસ બાદ જણાઈ આવશે એવું રેલવેએ જણાવ્યું હતું. ■

# શિંદેની હાંસી ઉડાવનાર કુણાલ કામરા ફરી મુંબઈમાં શો કરશે

મુંબઈઃ ગયા વર્ષની ૨૩ માર્ચએ કમેડિયન કુણાલ કામરાએ તેના શોમાં એકનાથ શિંદેની હાંસી ઉડાવતું ગીત રજૂ કર્યું હતું. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ શિવસેનાના કાર્યકરોએ ખારમાં હેબિટેટ સ્ટુડિયોમાં તોડફોડ કરી હતી. ત્યારબાદ ભાજપના વિધાનસભ્ય પ્રવીણ દરેકરએ કુણાલ કામરા વિરુદ્ધ અધિકાર ઉલ્લંઘન પ્રસ્તાવ દાખલ કર્યો હતો. આ મામલે મંગળવારે વિધાન ભવનમાં અધિકાર ઉલ્લંઘન સમિતિ સમક્ષ સુનાવણી થવાની હતી પરંતુ કોઈ કારણોસર આ સુનાવણી થઈ શકી નહીં. કુણાલ કામરા આ સુનાવણી માટે વિધાન ભવનમાં હાજર હતો. આગામી સુનાવણી ૧૦ માર્ચે થવાની છે.

કુણાલ કામરાએ જણાવ્યું હતું કે હું બંધારણનો આદર કરું છું. કોઈ કારણોસર મંગળવારે સુનાવણી થઈ ન હતી. મને બોલાવવામાં આવશે ત્યારે હું ફરી આવીશ. આગામી તારીખ બિનસત્તાવાર રીતે ૧૦ માર્ચ આપવામાં આવી છે. હું ત્યારે આવીશ. શિવસેનાના કાર્યકરોએ આ મામલે તોડફોડ કરી હોવાથી સુરક્ષિતતા વિશે બોલતા કુણાલે જણાવ્યું કે 'હું કોઈ હુમલાથી નથી ડરતો.'

જનતાને તમારી વાત ગમે છે, પણ શાસકોને કેમ નથી ગમતી એ સવાલનો જવાબ આપતા કુણાલે કહ્યું કે 'શાસકોને ગમે એ હું શું કામ બોલું. તેના માટે બીજા લોકો પણ છે.' ઉપરાંત શું તમે ફરીથી મુંબઈમાં કોમેડી શોનું આયોજન કરશો?' એના જવાબમાં કમેડિયને કહ્યું કે 'હા, હું આયોજન કરવાનો છું.' ■

# સ્ટેટ ટ્રાન્સપોર્ટની સુરક્ષાને ડિજિટલ કવચ

## સીસીટીવીથી પ્રવાસીઓને મળશે સુરક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યના પ્રત્યેક ખૂણાઓ સુધી દોડનારી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસને હવે અત્યાધુનિક ટેક્નોલોજીનું બળ મળવાનું છે. આંતકવાદ અને અસામાજિક તત્વોનો વિચાર કરીને મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશને મહત્વાકાંક્ષી 'નવો સીસીટીવી પ્રોજેક્ટ' હાથ લીધો છે. આ પ્રોજેક્ટના માધ્યમથી એસટીના બસ સ્ટોપથી ડિવિઝનલ ઓફિસ સુધી તમામ મહત્ત્વના ઠેકાણે 'ડિજિટલી' નજર રખાશે. એટલે કે 'સીસીટીવી કેમેરા'થી નજર રખાશે.

પ્રવાસીઓની સુરક્ષા માટે મહારાષ્ટ્ર સરકારે આ પ્રોજેક્ટ માટે લગભગ ૧૧૧ કરોડ રૂપિયાનું ભંડોળ ઊભું કરી આપ્યું છે. આ ભંડોળની મદદથી એસટીના બસ સ્ટોપ, ડેપો, સ્ટેટ ડેપોની રાજ્યમાં જુદા જુદા સ્થળે આવેલી ઓફિસ સહિત એસટીની વર્કશોપ જેવા સંવેદનશીલ સ્થળો પર સીસીટીવીથી નજર રખાશે.

રાજ્યમાં એસટીના કુલ ૬૩૩ ઠેકાણે લગભગ ૭,૦૩૫ સીસીટીવી કેમેરા બેસાડવામાં આવશે, તેને કારણે એસટીની દરેક હિલચાલ પર સતત ડિજિટલી નજર રાખી શકાશે. આ પ્રોજેક્ટ માટે ઈ-ટેન્ડર કાઢીને ખાનગી કંપનીને કામ સોંપવામાં આવ્યું છે. ■

# અજિત પવારના વિમાનમાં એક નહીં પણ બે 'બ્લેકબોક્સ' હતા

મુંબઈઃ રાજ્યના દિવંગત નેતા અજિત પવારનું બારામતીમાં એક દુર્ભાગ્યપૂર્ણ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. દેશને હચમચાવી નાખનારી આ ઘટના બાદ એરક્રાફ્ટ એક્સિડેન્ટ્સ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી)એહવે અકસ્માતની સંપૂર્ણ તપાસ કરી રહ્યું છે. બ્યુરોએ જણાવ્યું હતું કે તપાસ એરક્રાફ્ટ રૂલ્સ ૨૦૧૭ અને ઇન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઇઝેશનના ધોરણો અનુસાર કરવામાં આવી રહી છે.

ટેકનિકલ ટીમો અકસ્માતનું મૂળ કારણ શોધવા માટે ઘટનાસ્થળેથી મળેલા પુરાવાઓનું વિશ્લેષણ કરી રહી છે. અજિત પવારના વિમાનમાં બે અલગ અલગ ફ્લાઇટ રેકોર્ડર (બ્લેક બોક્સ) સ્થાપિત કરવામાં આવ્યા હતા. અકસ્માત દરમિયાન લાગેલી ભીષણ આગને કારણે આ બંને રેકોર્ડર લાંબા સમય સુધી ગરમીના સંપર્કમાં રહ્યા, જેના કારણે તેમના બાહ્ય ભાગોને નુકસાન થયું હતું. આ 'બ્લેક બોક્સ'ને હવે તપાસ માટે લેબમાં મોકલવામાં આવ્યા છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઇબી) આ મામલાની ખૂબ જ નિષ્પક્ષ અને પુરાવા આધારિત રીતે તપાસ કરી રહ્યું છે.

એએઆઈબીની લેબ ડિજિટલ ફ્લાઇટ ડેટા રેકોર્ડરમાંથી માહિતી ડાઉનલોડ કરવામાં સફળ રહી છે. જોકે, કોકપિટ વોઈસ રેકોર્ડરની સ્થિતિ વધુ ગંભીર હોવાથી તેની ટેકનિકલ તપાસ હજુ પણ ચાલુ છે. તેમાંથી ડેટા મેળવવા માટે હવે સીધો ઉત્પાદક દેશના પ્રતિનિધિઓનો સંપર્ક કરીને વિશેષ ટેકનિકલ મદદ લેવામાં આવી રહી છે. બ્યુરોએ ખાતરી આપી છે કે તપાસની પ્રક્રિયા સંપૂર્ણપણે પારદર્શક રાખવામાં આવશે. ■

# ઝૂંપડપટ્ટીમાં શૌચાલયો પૂરા પાડવાની જવાબદારી પાલિકાનીઃ હાઈ કોર્ટે બીએમસીને આડે હાથ લીધી

મુંબઈઃ મુંબઈ ઝૂંપડપટ્ટીઓમાં સ્વચ્છતા સંબંધિત સુવિધા પૂરી પાડવી એ મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ની કાનૂની જવાબદારી છે એનો પુનરુચ્ચાર કરી બોમ્બે હાઈ કોર્ટે તેના અગાઉના આદેશમાં ફેરફાર કરવા બદલ મુંબઈ મહાનગરપાલિકાની ઝાટકણી કાઢી હતી.

સુનાવણી દરમિયાન ન્યાયમૂર્તિ જી. એસ. કુલકર્ણીએ જણાવ્યું હતું કે સમગ્ર મુંબઈમાં (શૌચાલય) પૂરા પાડવાની જવાબદારી પાલિકાની છે એવો અમારો સ્પષ્ટ અભિપ્રાય છે. તમે જ પાણી અને વીજળી પૂરી પાડી રહ્યા હોવાથી આ જવાબદારી પણ તમારી જ છે.

ગયા અઠવાડિયે ન્યાયમૂર્તિ કુલકર્ણી અને ન્યાયમૂર્તિ આરતી સાઠેની ખંડપીઠે ચુકાદો આપ્યો હતો કે ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને મૂળભૂત સ્વચ્છતા સુવિધાઓથી વંચિત રાખી શકાય નહીં અને બીએમસીને શહેરના તમામ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં શૌચાલય પૂરા પાડવા અને એની જાળવણી કરવા નિર્દેશ આપ્યો હતો.

સોમવારે પાલિકાએ છઠ્ઠી ફેબ્રુઆરીના આદેશમાં સુધારો કરવાની માગ કરી હતી. ગોવંડી ઝૂંપડપટ્ટીમાં શૌચાલયની બેઠકોની સંખ્યા કોર્ટના આદેશમાં નોંધાયેલી છે એટલી ૬૦ નહીં પણ ૯૧ છે એવી દલીલ કરી હતી. બીએમસીના વકીલ પુષ્પા યાદવે અદાલતને તેના અગાઉના સોગંદનામામાં ઉલ્લેખિત આંકડાની નોંધ લેવા વિનંતી કરી હતી.

જોકે ખંડપીઠે સુધારા અરજી પર મૌખિક રજૂઆત સ્વીકારવાનો ઇનકાર કરી પાલિકાને યોગ્ય વચગાળાની અરજી દાખલ કરવા કહ્યું હતું. ન્યાયમૂર્તિ કુલકર્ણીએ પણ એક સ્પષ્ટ ટિપ્પણી કરી કટાક્ષમાં કહ્યું હતું કે કૃપા કરીને વધુ ખાલી જમીન શોધો જેથી તમે (બીએમસી) વધુ ઝૂંપડપટ્ટી ઊભી કરી શકો. ■

# બૅન્ક અને આઈટી શૅરોની લેવાલીએ સેન્સેક્સમાં સતત બીજા દિવસે સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ બેન્કર્સ સહિત નિષ્ણાતોના વિધાનોને કારણે એઆઇ ડિસ્રપ્શનનો ભય ઓસરતા મળેલી રાહત વચ્ચે સેન્સેક્સમાં બેન્ક, કેપિટલ ગૂડ્સ અને આઇટી શેરોની લેવાલીના ટેકાએ સતત બીજા દિવસે સેન્સેક્સમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૧૭૩.૮૧ પોઇન્ટ વધીને ૮૩,૪૫૦ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૪૨.૬૫ પોઇન્ટના સુધારા સાથે ૨૫,૭૨૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

આઇટીસી, ભારત ઇલેક્ટ્રોનિક્સ, લાર્સન એન્ડ ટૂબ્રો, ઇન્ફોસિસ, એશિયન પેઇન્ટ, ટાઇટન, અદાણી પોર્ટ, એચસીએલ ટેકનોલોજી, સન ફાર્મા, મારુતિ સુઝુકી, ઇન્ડિગો, સ્ટેટ બેન્ક અને ટેક મહિન્દ્રા ટોપ ગેઇનર્સ રહ્યા હતા, જ્યારે ઇનર્ટલ, ટાટા સ્ટીલ, ટ્રેન્ટ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, એક્સિસ બેન્ક, ભારતી એરટેલ, કોટક મહિન્દ્રા બેન્ક અને હિંદુસ્તાન યુનિલીવર ટોપ લૂઝર્સમાં સામેલ હતા.

પ્રાઇમરી માર્કેટમાં ક્લાઉડ બેસ્ડ પ્લેટફોર્મ દ્વારા એસએએએસ-આધારિત સોફ્ટવેર સોલ્યુશન્સ પૂરા પાડવાના વ્યવસાયમાં વ્યસ્ત મોબિલાઈઝ એપ લેબ લિમિટેડ રૂ. ૨૦.૦૯ કરોડ એકત્ર કરવાના લક્ષ્ય સાથે ૨૩ ફેબ્રુઆરીના રોજ તેની પ્રારંભિક જાહેર ઓફર લાવી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૫થી રૂ. ૮૦ પ્રતિ શેર છે અને લોટ સાઇઝ ૧૬૦૦ શેરની છે. એન્કર બિડિંગ ૨૦ ફેબ્રુઆરીના રોજ ખુલશે અને ભરણું ૨૫ ફેબ્રુઆરીના રોજ બંધ થશે.

ક્લીન મેક્સ એન્વાયરો એનર્જી સોલ્યુશન્સનો રૂ.૩૧૦૦ કરોડનો આઈપીઓ ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ.૧,૦૦૦થી રૂ. ૧,૦૫૩ અને અરજી માટે લોટ સાઇઝ ૧૪ શેરની છે. શેરની ફાળવણી ૨૬ ફેબ્રુઆરીના રોજ અને બીએસઇ તથા એનએસઈ પર લિસ્ટિંગ બીજી માર્ચના રોજ થશે.

ગૌડિયમ આઇવીએફનો રૂ. ૧૬૫.૦૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૪ ફેબ્રુઆરીના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૫થી રૂ. ૭૯ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઈઝ ૧૮૯ શેરની છે. શેરની ફાળવણી ૨૫ ફેબ્રુઆરીના રોજ અને બીએસઇ તથા એનએસઈ પર લિસ્ટિંગ ૨૭ ફેબ્રુઆરીના રોજ થશે.

સોમવારે ફ્રેક્ટલ એનાલિટિક્સના શેર તેના રૂ. ૯૦૦ના ઇશ્યૂ ભાવ સામે ત્રણ ટકા ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૮૭૬ના ભાવે લિસ્ટેડ થયા હતા. આ જ દિવસે આય ફાઇનાન્સના શેર તેના રૂ. ૧૨૯ના ઇશ્યુ ભાવે જ લિસ્ટેડ થયા હતા. એચયુએલના આઇસ્ક્રીમ બિઝનેસમાંથી ડિમર્જર બાદ ક્વોલિટી વોલ્સ ઇન્ડિયાના શેર તેની ઇન્ડિકેટીવ પ્રાઇસ સામે સોમવારે ૨૬ ટકાના ડિસ્કાઉન્ટ સાથે રૂ. ૨૯.૮૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. આ પછી મંગળવારે પણ ઉક્ત શેરમાં વધુ પાંચ ટકા તૂટ્યા હતા.

અદાણી એન્ટરપ્રાઇઝે ૨૦૩૫ સુધીમાં નવીનીકરણીય ઊર્જા-સંચાલિત એઆઇ સજ્જ ડેટા સેન્ટર બનાવવા માટે ૧૦૦ અબજ ડોલરની રોકાણ યોજના જાહેર કરી છે. જેમાં નવીનીકરણીય ઉર્જા પોર્ટફોલિયોના વિસ્તરણ માટે પંચાવન અબજ ડોલરનું રોકાણ કરાશે. ભારતમાં એઆઇ ઇન્ફ્રાસ્ટ્રકચર પાછળ ૨૫૦ અબજ ડોલરનું રોકાણ થવાની ધારણા છે.

નિયોજન કેમિકલ્સ લિમીટેડએ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ. ૨૨૦ કરોડની આવક નોંધાવી છે, જે વાર્ષિક ધોરણે નવ ટકાનો ઊછાળો દર્શાવે છે, પાછલા વર્ષનંસમાં સમયગાળામાં આવક રૂ. ૧૨ કરોડના સ્તરે રહી હતી. ત્રીજા ક્વાર્ટરમાં એબીટા રૂ. ૩૨ કરોડના સ્તરે રહ્યો હતી, જ્યારે (સંયુક્ત) કરબાદ નફો રૂ. ચાર કરોડ નોંધાયો છે.

યુનિહેલ્થ હોસ્પિટલ્સ લિમિટેડે નવી મુંબઈના નેરુલ ખાતે પચાસ બેડ ધરાવતી અત્યાધુનિક ટર્શરી કેર, મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ કાર્યરત કરી છે. આ સુવિધા ઉપરાંત કંપની આગામી બે વર્ષમાં ભારત અને આફ્રિકામાં ૧,૦૦૦થી વધુ ટર્શરી કેર ધરાવતાં બેડ્નો લક્ષ્યાંક પૂર્ણ કરવાની યોજના ધરાવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં કંપનીએ રૂ. ૫૮.૪૧ કરોડની કોન્સોલિડેટેડ રેવન્યૂ, રૂ. ૨૧.૩૨ કરોડનો એબિટા અને રૂ. ૧૫.૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. ઈન્ફોસિસે ટેલિકોમ, ફાઇનાન્શિઅલ સર્વિસ, મેન્યુફેક્ચરર્સ અને સોફટવેર ડેવલપમેન્ટ એડવાન્સ્ડ એન્ટરપ્રાઇસ આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સ, (એઆઇ) વિકસાવવા અને ડીલીવર કરવા માટે એન્થ્રોપિક સાથે વ્યૂહાત્મક સહયોગ સાધ્યો હોવના અહેવાલો વચ્ચે ઇન્ફોસિસના શેરમાં કરંટ જોવા મળ્યો હતો. જેએસડબલ્યુ એમજી મોટર ઇન્ડિયા આ વર્ષે ભારતમાં પ્લગ ઇન હાઇબ્રિડ એસયુવી સહિત ચાર નવા મોડલ દાખલ કરવા યોજના ધરાવે છે. હાઉસ ઓફ સ્વામીરાજે જાહેર કર્યું છે કે તેનો થાણે સ્થિત પ્રીમિયમ રેસિડેન્શિયલ પ્રોજેક્ટ બે જ દિવસમાં સોલ્ડ આઉટ થઈ ગયો છે અને કંપનીએ રૂ. ૧૧૯ કરોડ એકત્ર કરી લીધા છે.

સત્રને અંતે આઈટીસી ૨.૩૧ ટકા, બીઈએલ ૨.૦૨ ટકા, લાર્સન ૧.૮૪ ટકા, ઈન્ફોસિસ ૧.૮૩ ટકા, એશિયન પેઈન્ટ ૧.૬૯ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૬૨ ટકા, ટાઈટન ૧.૩૭ ટકા, એચસીએલ ટેકનોલોજી ૧.૩૪ ટકા, સન ફાર્મા ૧.૦૪ ટકા, મારુતિ ૦.૮૭ ટકા, ટેક મહિન્દ્ર ૦.૭૩ ટકા, ઈન્ડિગો ૦.૭૦ ટકા, સ્ટેટ બેન્ક ૦.૪૪ ટકા અને ટાટા કન્સલ્ટન્સી ૦.૩૪ ટકા વધ્યા હતા.

જોકે, ઈટર્નલ ૧.૫૬ ટકા, ટાટા સ્ટીલ ૧.૨૯ ટકા, ટ્રેન્ટ ૧.૨૩ ટકા, રિલાયન્સ ૦.૯૫ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૫૭ ટકા, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ ૦.૩૪ ટકા, કોટક બેન્ક ૦.૨૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૨૨ ૦.૨૨ ટકા એનટીપીસી ૦.૨૦ ટકા અને એક્સિસ બેન્ક ૦.૦૯ ટકા બંધ રહ્યા હતા. શેરબજારના સતત બીજા દિવસના સુધારામાં ખાસ કરીને એઆઇને કારણે સર્જાનાર ભયનો ઘટાડો મુખ્ય કારણ રહ્યો હતો. ટીસીએસ અને ઇન્ફોસિસ જેવી કંપનીઓ એઆઇની દિશામાં આગળ વધી હોવાના સમાચારને લીધો સેન્ટિમેન્ટમાં સુધારો થયો હતો. ઇરાન અને અમેરિકાનું ઘર્ષણ ઠંડુ પડી રહ્યું હોવાના સંકેત પણ શેરબજારને ટેકો આપી રહ્યાં છે.

# યુએસ અને ઈયુ સાથેની ટ્રેડ ડીલઃ ભારતીય કૃષિ ક્ષેત્ર માટે ૪૦૦ અબજ ડૉલરની તક સર્જાશે

નવી દિલ્હીઃ અમેરિકા અને ૨૭ દેશોનાં સંગઠન યુરોપિયન યુનિયન સાથે થયેલા વેપાર કરારને કારણે ભારતીય કૃષિ ક્ષેત્ર માટે અંદાજે ૪૦૦ અબજ ડૉલરની તકો ખૂલી હોવાનું એક અધિકારીએ તાજેતરમાં જણાવ્યું હતું. હાલમાં ભારતની અમેરિકા ખાતેની કૃષિ નિકાસ ૨.૮ અબજ ડૉલરની છે, જ્યારે આયાત ૧.૫ અબજ ડૉલરની છે. એકંદરે ભારતીય કૃષિ ચીજોની અમેરિકા ખાતેની આયાત ૩૫ અબજ ડૉલરની અને નિકાસ ૫૧થી ૫૨ અબજ ડૉલરની છે. તેમ જ આ આંકડાઓમાં વધારો થઈ રહ્યો છે. આ વેપાર કરાર મારફતે યુએસ અને ઈયુ ખાતે બન્ને દેશો મળીને અંદાજે ૪૦૦ અબજ ડૉલરની બજાર ખૂલશે. આમ અમે આપણા ભારતીય કૃષિ ક્ષેત્ર માટે ઘણી તકો ખોલી છે. અત્રે નોંધનીય બાબત એ છે કે આ મહત્ત્વનું ક્ષેત્ર છે આથી વિરોધ પક્ષો ભારતીય ખેડૂતોના હિતોને ધ્યાનમાં લેતા ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. જોકે, કોઈપણ વેપાર કરારમાં ભારતે પશુપાલન અને સીરલ્સ અથવા તો કડધાન્ય જેવી ચીજોમાં કોઈપણ ડ્યૂટી રાહતો આવામાં નથી આવી, એમ તેમણે ઉમેર્યું હતું.

# ખાંડમાં સાધારણ નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૫થી ૨૫ના ઘટાડા સાથે ક્વિન્ટલે રૂ. ૩૭૧૦થી ૩૭૫૦માં થયાના અહેવાલ હતા.

જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં હાજરમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો આવ્યો હતો, જ્યારે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.


**The Malabar Hill Club**

**MALABAR HILL CLUB LIMITED**

**Registered Office:** IL Palazzo, B. G. Kher Marg, Malabar Hill, Mumbai - 400 006, India.
**CIN:** U34300MH1947GAP005941
**Website:** www.malabarhillclub.com,
**Email:** malabarhillclub@gmail.com
**Tel.:** +91 22 31026263/64/65/66/67

**TENDER NOTICE**

Sealed tenders invited from resourceful and reliable parties for regular supplies of the following items for one year, commencing from **1st April, 2026 to 31st March, 2027.**

1. Vegetables and Fruits
2. Grocery
3. Canned products & Packed items
4. Bags and Paper products
5. Poultry Products, Meat & Fish
6. Housekeeping Material
7. Printing & Stationery Items
8. Bread Items
9. Laundry Services

Tender forms are available with the Purchase Department (Mrs. Sanika / Mr. Suraj) between **10.00 a.m. to 12.30 p.m.** and from **2.00 p.m. to 4.30 p.m.** at the cost of **Rs.750/- + 18% GST.** There will be separate Tender Forms for each commodity. The last date for receipt of tenders is **1st MARCH 2026.**

Sealed tenders, marked with **Tender 2026-2027** on the sealed envelope must be addressed to:

THE HON. SECRETARY
**MALABAR HILL CLUB LTD.**
IL-PALAZZO, B. G. KHER MARG
MALABAR HILL, MUMBAI - 400 006.

**Note:** Tender will be open on **2nd March, 2026** at Board Room of the Malabar Hill Club Ltd. 1st Floor, at 3.00 p.m. All vendors can remain present at the time of Tender Opening.


### સલામતી માટેની માગ અટકતાં વૈશ્વિક સોનું એક સપ્તાહના તળિયે

# સ્થાનિક સોનામાં ₹ ૨૨૩૩નો અને ચાંદીમાં ₹ ૭૯૯૨નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એશિયન બજારોમાં ખાસ કરીને ચીન, હોંગકોંગ, તાઈવાન અને દક્ષિણ કોરિયાની બજારો નવાં લ્યૂનાર વર્ષની ઉજવણી માટે બંધ રહી હોવાથી તેમ જ અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોની શક્યતાઓ વચ્ચે આજે સોનામાં સલામતી માટેની માગનો અભાવ અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન ખાતે સોનાના ભાવ એક સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં ગઈકાલે પાંચ ટકાનો ઘટાડો આવ્યા બાદ આજે વધુ ૨.૫ ટકા જેટલા ઘટી આવ્યા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૯૯૨નો કડાકો બોલાઈ ગયો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૨૪થી ૨૨૩૩ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ ૭૯૯૨ના ઘટાડા સાથે રૂ. ૨,૩૨,૯૫૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ઘટ્યા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ જળવાઈ રહી હતી, પરંતુ વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ જ્વેલરી ઉત્પાદકોની લેવાલી છૂટીછવાઈ રહી હતી. તે જ પ્રમાણે આજે હાજરમાં ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે રૂ. ૨૨૨૪ ઘટીને રૂ. ૧,૫૧,૨૫૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૩૩ ઘટીને રૂ. ૧,૫૧,૮૬૫ના મથાળે રહ્યા હતા. સોનામાં પણ વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હોવાથી લંડન ખાતે હાજરમાં સોનાના ભાવમાં સત્રના આરંભે બે ટકા જેટલો ઘટાડો આવ્યા બાદ ૧.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૪૯૧૮.૬૫ ડૉલર અને વાયદામાં ભાવ ૨.૨ ટકા ઘટીને ૪૯૩૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં ગઈકાલે પાંચ ટકાનો કડાકો બોલાઈ ગયા બાદ આજે વધુ ૨.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૭૪.૬૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે ટ્રેડરોની નજર અમેરિકા અને ઈરાન વચ્ચે ન્યૂક્લિયર અંગે આજે થનારી વાટાઘાટો ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થનારી મિનિટ્સ પર નજર હોવાથી તેઓની આજે સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગ નિરસ રહી હોવાનું એક્ટિવ ટ્રેડ્સના વિશ્લેષક રિકાર્ડો એવાન્જેલિસ્ટાએ જણાવ્યું હતું.

આજે જિનિવા ખાતે અમેરિકા અને ઈરાન વચ્ચે ન્યૂક્લિયર અંગે વાટાઘાટો થનાર છે. તેમ જ આવતીકાલે રશિયા અને યુક્રેનના પ્રતિનિધિઓ વચ્ચે પણ બેઠક યોજાનારી હોવાથી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો છે. આ ઉપરાંત ફેડરલની છેલ્લી બેઠકની મિનિટ્સમાં પણ વ્યાજદરમાં કપાતનો કોઈ સંકેત મળે છે કેકેમ તેના પર રોકાણકારોની મીટ છે. જોકે, બજાર વર્તુળો વર્ષ ૨૦૨૬માં જૂન મહિનામાં પહેલી વખત વ્યાજદરમાં કપાતનો નિર્ણય લેવામાં આવે તેવી ધારણા મૂકી રહ્યા છે.


**પશ્ચિમ રેલવે 12 એસી અને 3 નોન-એસી સેવાઓ શરૂ કરશે**



**19 ફેબ્રુઆરી 2026 થી શરૂ થશે**

**અપ દિશા (ઉપરની તરફ)**

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | રીત | પ્રકાર |
|---|---|---|---|---|---|
| બોરીવલી | ચર્ચગેટ | 05:45 વાગ્યે | 06:51 વાગ્યે | ધીમી | એસી |
| બોરીવલી | ચર્ચગેટ | 08:06 વાગ્યે | 09:11 વાગ્યે | ધીમી | એસી |
| ગોરેગાંવ | ચર્ચગેટ | 10:11 વાગ્યે | 11:09 વાગ્યે | ધીમી | એસી |
| બોરીવલી | ચર્ચગેટ | 17:27 વાગ્યે | 18:35 વાગ્યે | ધીમી | એસી |
| ભાયંદર | અંધેરી | 20:20 વાગ્યે | 20:59 વાગ્યે | ધીમી | એસી |
| વસઈ રોડ | બોરીવલી | 22:20 વાગ્યે | 22:46 વાગ્યે | ધીમી | એસી |
| બાંદ્રા | ચર્ચગેટ | 14:57 વાગ્યે | 15:29 વાગ્યે | ધીમી | નોન-એસી |

**ડાઉન દિશા (નીચેની તરફ)**

| થી | સુધી | પ્રસ્થાન | આગમન | રીત | પ્રકાર |
|---|---|---|---|---|---|
| ચર્ચગેટ | બોરીવલી | 6:55 વાગ્યે | 8:00 વાગ્યે | ધીમી | એસી |
| ચર્ચગેટ | ગોરેગાંવ | 9:14 વાગ્યે | 10:07 વાગ્યે | ધીમી | એસી |
| ચર્ચગેટ | મુંબઈ સેન્ટ્રલ | 11:12 વાગ્યે | 11:22 વાગ્યે | ધીમી | એસી |
| મહાલક્ષ્મી | બોરીવલી | 16:30 વાગ્યે | 17:23 વાગ્યે | ધીમી | એસી |
| ચર્ચગેટ | ભાયંદર | 18:38 વાગ્યે | 20:03 વાગ્યે | ધીમી | એસી |
| અંધેરી | વસઈ રોડ | 21:08 વાગ્યે | 21:58 વાગ્યે | ધીમી | એસી |
| ભાયંદર | વિરાર | 10:41 વાગ્યે | 11:10 વાગ્યે | ધીમી | નોન - એસી |
| ચર્ચગેટ | બાંદ્રા | 13:41 વાગ્યે | 14:12 વાગ્યે | ધીમી | નોન - એસી |

**પશ્ચિમ રેલવે**
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly X.com/WesternRly Instagram.com/WesternRly https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial


# ડૉલર સામે રૂપિયામાં બે પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ અને વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટાડાતરફી રહ્યાના નિર્દેશો સાથે સ્થનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો બે પૈસાના સુધારા સાથે ૯૦.૭૨ના મથાળે બંધ રહ્યો હતો. ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૦.૭૪ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૦.૭૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૭૮ અને ઉપરમાં ૯૦.૬૪ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે બે પૈસા વધીને ૯૦.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો. ગઈકાલે ડૉલર સામે રૂપિયો આઠ પૈસા નબળો પડ્યો હતો. ગઈકાલે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૯૭૨.૧૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના અહેવાલ ઉપરાંત ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાથી રૂપિયા પર નકારાત્મક અસર પડી હોવાનું મિરે એસેટ્સ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં રોકાણકારોની નજર અમેરિકાના જાહેર થનારા જીડીપી અને હાઉસિંગ માર્કેટના ડેટા પર સ્થિર થઈ છે. અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૦.૫૦થી ૯૧ આસપાસની રેન્જમાં રહે તેમ જણાય છે.


**પબ્લિક નોટીસ**

અમારા અસીલો, ઈચ્છુક ખરીદનારના વતી આથી ખબર આપવામાં આવે છે કે અમે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ મુજબ બિલ્ડિંગ નં. ૧, ઓમકાર હા. સો. લિ., સાયન કોલીવાડા, મુંબઈ ખાતે રહેતા શ્રી. દેવરાજ તેજા દુબારિયાનું ટાઈટલ તપાસી રહ્યા છીએ.

તમામ શખ્સો જે સદર ઓફિસ પ્રીમાઈસીસ પર કે તેમાં કે તેની સામે વારસો, ગીરો, કબજો, વેચાણ, ભેટ, લીઝ, સબ-લીઝ, એસાઈનમેન્ટ, ટેનાન્સી, અદલાબદલી, બીકવેસ્ટ, સક્સેસન, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, નિભાવ, લીસપેન્ડન્સ, જપ્તી, લાયસન્સ, પ્લેજ, કોઈપણ કોર્ટના ડિક્રી કે હુકમ, ટ્રિબ્યુનલ કે બીજી કોઈ રીતે કોઈપણ હક્ક, ટાઈટલ, હિત, દાવો કે માંગણી ધરાવતા હોય તો સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને આ છપાયાની તા.થી ૧૪ દિવસમાં આવા દાવાના સમર્થનમાં દસ્તાવેજોની નકલો સાથે કરે, જેના નિષ્ફળ જવા પર આવા કંઈપણ હક્ક, ટાઈટલ, બેનીફિટ, હિત, દાવો અને/કે માંગણી હશે તો ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**પરિશિષ્ટ**

ફ્રી પ્રેસ જર્નલ રોડ, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧ ખાતે આવેલ ફોર્ટ ડિવિઝનના CTS નં. ૧૯૫૮ ધરાવતા પ્લોટ પર બંધાયેલ "તુલસીયાની ચેમ્બર્સ" CHSL તરીકે જાણીતી બિલ્ડિંગમાં ઓફિસ પ્રિમાઈસિસ નં. ૭, ભોંયતળિયે, ભરતમાં ૮૨.૯૦ ચો.મી. કાર્પેટ એરીયાઃ

આજ તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬

સહી/-
**અજય ખાટલાવાલા**
**સિનિયર પાર્ટનર લીટલ & કં.,**
**એડવોકેટ્સ & સોલીસીટર્સ**
૩જો માળ, સેન્ટ્રલ બેન્ક બિલ્ડિંગ,
M.G. રોડ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ઈ-મેઈલ : ak@littlecompany.com



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**વિભાગઃ ચીફ એન્જિનિયર (મિકેનીકલ & ઈલેક્ટ્રિકલ)**
**નં. E.E. મિકે./EI/૮૦૦૪/મેઈન્ટ તા. ૧૭.૦૨.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર લાયક બિડરો પાસેથી નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ અંતિમ તારીખ & સમય ટેન્ડર સેક્શન હેઠળ મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમ (મહાટેન્ડર્સ) B.M.C.ની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| ક્ર.નં. | બીડ નંબર | કામનું નામ |
|---|---|---|
| ૧. | ૨૦૨૬_MCGM_૧૨૭૯૨૭૦_૧ | જૂના અને એનેક્સ બિલ્ડીંગ MHO ખાતે સંલગ્ન ફાયર સેફ્ટી અને ઈલેક્ટ્રિકલ પેનલ વર્ક સાથે વિવિધ ક્ષમતાવાળા સ્વીચ ગિયર્સનું નવીનીકરણ. |

ટેન્ડરની વધુ વિગતો માટે ઈચ્છુક ટેન્ડરોએ (http://mahatenders.gov.in) ખાતે મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોકયોરમેન્ટ સિસ્ટમ અને http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટની મુલાકાત લેવી.

સહી/-
PRO/3016/ADV./2025-26 E.E. મિકે. (E.I.) મેઈન્ટ

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

પેસ્ટ કન્ટ્રોલ ઓફિસ H/પશ્ચિમ વોર્ડ ઓફિસ, ભોંયતળિયે, રૂમ નં. ૦૪, રજી હસ્નાબાદ લેન, ખાર (પ), મુંબઈ-૪૦૦૦૫૦.
ટેલિ. નં. ૦૨૨-૨૬૪૨૨૩૧૧ એક્ષ્ટે. ૬૧૯, ૬૨૦, ૬૨૧.
**નં. AC/HW/૧૨૬૮/SR, તારીખઃ ૧૬-૦૨-૨૦૨૬**

**નોટિસ**

H/વેસ્ટ વોર્ડમાં ૭ મહિનાની મુદ્દત માટે બિલ્ડિંગ કંસ્ટ્રકસન સાઈટ્સ ખાતે ઈન્સેક્ટીસાઈડલ ટ્રીટમેન્ટ માટે ૪૩ વોલંટીયર્સ પૂરા પાડવા માટે મહારાષ્ટ્ર કો. ઓપ. સોસાયટી એક્ટ ૧૯૬૦ હેઠળ રજિસ્ટર્ડ હોય તેવી રજિસ્ટર્ડ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ (જેમનો ઉદ્દેશ્ય બેરોજગાર વ્યક્તિઓને નોકરી પૂરી પાડવાનો હોય) પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

ઈચ્છુક સંસ્થાઓએ B.M.C. પોર્ટલ http://portal.mcgm.gov.in પર અરજી ડાઉનલોડ કરી લેવી જોઈએ અથવા પેસ્ટ કંટ્રોલ અધિકારીની ઓફિસમાં સંપર્ક કરવો. ઓફિસનું સરનામુંઃ પેસ્ટ કંટ્રોલ ઓફિસ, H/વેસ્ટ વોર્ડ ઓફિસ, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં. ૦૪, રજી હસ્નાબાદ લેન, ખાર (વે.), મુંબઈ-૪૦૦૦૫૨ ટેલિ. નં. ૦૨૨-૨૬૦૦૮૭૩૭ એક્ષ્ટે. ૬૧૯, ૬૨૦, ૬૨૧.

પેસ્ટ કંટ્રોલ અધિકારીની ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની અંતિમ તારીખઃ ૨૬.૦૨.૨૦૨૬ના કામકાજના દિવસોમાં બ. ૨.૩૦ ક. પહેલાં છે.

સહી/-
PRO/3007/ADV./2025-26 આસી. કમિશ્નર H/વેસ્ટ વોર્ડ

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**(SWM વિભાગ, R/સેન્ટ્રલ વોર્ડ)**
**નં. AE/RC/૯૫૪૬/SWM તા. ૧૬.૦૨.૨૦૨૬**

**હિતની અભિવ્યક્તિ જાહેરાત**

**વિષયઃ** R/સેન્ટ્રલ વોર્ડના SWM વિભાગમાં "રસ્તે સ્વચ્છતા યોજના" સ્કીમ હેઠળ સંસ્થાની નિમણૂક.

R/સેન્ટ્રલ વોર્ડના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ રસ ધરાવતા સ્થાનિક શ્રમ સહકારી સંસ્થાઓ, સેવા સહકારી સંસ્થાઓ, બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ, બીન-સરકારી સંસ્થાઓ પાસેથી "રસ્તે સ્વચ્છતા યોજના" માટે હિતની અભિવ્યક્તિ (EOI) મંગાવવામાં આવી રહી છે જેઓ R/સેન્ટ્રલ વોર્ડના અધિકારક્ષેત્રમાં નોંધાયેલા છે. સંસ્થાઓ દ્વારા સ્વયંસેવકોની જોગવાઈ માટે, લોટરી દ્વારા કામ ફાળવવા માટે પાત્રતા યાદી તૈયાર કરવા માટે અરજીઓ મંગાવે છે.

રસ ધરાવતા અરજદારોએ કોઈપણ CFC કેન્દ્રો ખાતે રોકડમાં ૧૬.૦૨.૨૦૨૬થી ૨૩.૦૨.૨૦૨૬ દરમિયાન સ. ૧૦.૦૦ ક.થી બ. ૦૩.૦૦ ક. સુધીમાં રૂ. ૩૬૩૦ + ૧૮% GST ચૂકવ્યા પછી આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) R/સેન્ટ્રલ વોર્ડની ઓફિસમાંથી અરજી ફોર્મ એકત્રિત કરવાનું રહેશે. પાત્રતા યાદીમાંથી લાયક સંસ્થાઓ/કંપનીઓને EOIના નિયમો અને શરતો અનુસાર આસિસ્ટન્ટ કમિશનર દ્વારા કામ ફાળવવામાં આવશે.

રસ ધરાવતા સંસ્થાઓ વધુ વિગતો માટે R/સેન્ટ્રલ વોર્ડ ઓફિસનો સંપર્ક કરી શકે છે, અરજી ફોર્મ અને સોગંદનામાનો નમૂનો અથવા http://portal.mcgm.gov.in પર મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબપેજની મુલાકાત લઈ શકે છે. R/સેન્ટ્રલ વોર્ડ ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખઃ ૨૩.૦૨.૨૦૨૬ બ. ૦૩.૦૦ ક. સુધી છે.

ઉલ્લેખેલ પાકતી તારીખ અને સમય પછી પ્રાપ્ત થયેલી કોઈપણ અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

સહી/-
PRO/3012/ADV./2025-26 આસિસ્ટન્ટ એન્જિનિયર (SWM) R/સેન્ટ્રલ

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**



PUBLIC NOTICE **પબ્લિક નોટીસ**

**પબ્લિક નોટીસ**

**આથી ખબર આપવામાં આવે છે કે** રામબાગ લેન નં. ૨, ભુજબળ વાડી, કલ્યાણ (પશ્ચિમ) ખાતે વ્યવસાય કરતી એક નોંધાયેલ ભાગીદારી પેઢી અમારા અસીલો **મેસર્સ. આરોહી ડેવલપમેન્ટ કોર્પોરેશન**ની સૂચનાઓ હેઠળ અમે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ પ્રથમ મિલકત ("સદર મિલકત")નું ટાઈટલ તપાસી રહ્યા છીએ.

અમારા અસીલોએ રજૂઆત કરી છે કે **રાણોજી મોહનજી ભુજબળ અને અન્ય** ("**માલિકો**") અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ દ્વિતિય અને નોંધણી જિલ્લા અને પેટા જિલ્લામાં ગામ ચિખણઘર, તાલુકા થાણાના કલ્યાણ ખાતે આવેલ, પડેલ અને રહેલ જમીનો અથવા મેદાનના વિશાળ ટુકડા અને કકડા ("**સદર વિશાળ મિલકત**")ના હકદાર હતા.

અમારા અસીલોએ વધુમાં રજૂઆત કરી છે કે તા. ૩૧મી માર્ચ, ૧૯૮૨ના એક ભાગના સદર માલિકો અને અન્ય ભાગના અમારા અસીલો વચ્ચે થયેલા વિકાસ કરાર દ્વારા, સદર માલિકોએ અમારા અસીલોને કન્સીડરેશન માટે અને તેમાં દર્શાવેલ નિયમો અને શરતો પર સદર વિશાળ મિલકત વિકસાવવાની પરવાનગી આપી હતી.

અમારા અસીલોએ વધુમાં રજૂઆત કરી છે કે સદર માલિકોને તા. ૪થી ઑક્ટોબર ૧૯૮૨નો નં. ULC/ULN/૬ (i) SR - VIII ચિખનઘર ધરાવતી અર્બન લેન્ડ (સિલિંગ એન્ડ રેગ્યૂલેશન) એક્ટ, ૧૯૭૬ની કલમ ૮ (iv) હેઠળ પસાર કરાયેલ આદેશ હેઠળ સદર વિશાળ મિલકતનો ભાગ રચતો અને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ તૃતીય જમીનનો હોલ્ડ કરવા (ધરાવવા) અને તેના ૨૧,૬૪૫.૩૮ ચો.મી.નો વિકાસ કરવા મંજૂરી અને પરવાનગી આપેલ છે.

અમારા અસીલોએ વધુમાં રજૂઆત કરી છે કે તેઓ અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ પ્રથમ અને અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ તૃતીય સદર મિલકતનો ભાગ વિકાસ કરી રહ્યા છે.

**મિલકતનું વર્ણન**

**પ્રથમઃ** અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ અને સીલીંગ મર્યાદા એટલે કે ૨૧,૬૪૫.૩૮ ચો.મી.માં માલિકો દ્વારા ધરાવવામાં આવનાર મંજૂરી અપાયેલ જમીનનો ભાગ રચતો સર્વે નં. ૯૫/૧/A/૧/૪, સર્વે નં. ૯૬/૧/C/૧ (અગાઉનો સર્વે નં. ૯૬C/૧A), સર્વે નં. ૯૯/A/૨ અને ૯૯/A/૨/B (અગાઉનો સર્વે નં. ૯૯/A/૧/૨), સર્વે નં. ૯૫/૧/૧/૧/A અને સર્વે નં. ૯૯-B ભરતમાં ૨૪૧.૪૨ ચો.મી. ભોંયતળિયે વિસ્તાર ધરાવતા થાણેના નોંધણી જિલ્લા અને પેટા જિલ્લામાં ગામ ચિખનઘર, તાલુકા કલ્યાણ ખાતે આવેલ, પડેલ અને રહેલ જમીન અને મેદાનનો **તે તમામ** ટુકડો અથવા કકડો.

**દ્વિતિયઃ** ભરતમાં ૪૨,૧૭૭ ચો.મી. કે તે સૂમારે અને સર્વે નં. ૯૫ (૧) ૯૫-A, ૯૬, ૯૯, ૯૯-A અને ૯૯-B ધરાવતા થાણેના નોંધણી જિલ્લા અને પેટા જિલ્લામાં ગામ ચિખનઘર, તાલુકા કલ્યાણ ખાતે આવેલ, પડેલ અને રહેલ જમીન અથવા મેદાનના **તે તમામ** ટુકડા અથવા કકડા.

**તૃતીયઃ** ભરતમાં ૨૧, ૬૪૫.૩૮ ચો.મી. કે તે સૂમારે, સર્વે નઃ ૯૫/૧/A/૧/૪, સર્વે નં. ૯૬/૧/C/૧ (અગાઉનો સર્વે નં. ૯૬C/૧A), સર્વે નં. ૯૯/A/૨ અને ૯૯/A/૨/B (અગાઉનો સર્વે નં. ૯૯/A/૧/૨), સર્વે નં. ૯૫/૧/૧/૧/A અને સર્વે નં. ૯૯-B ધરાવતા થાણેના નોંધણી જિલ્લા અને પેટા જિલ્લામાં ગામ ચિખનઘર, તાલુકા કલ્યાણ ખાતે આવેલ, પડેલ અને રહેલ જમીન અથવા મેદાનનો **તે તમામ** ટુકડો અથવા કકડો.

તમામ શખ્સો જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગ પર કે તેમાં કે તેની સામે વારસો, કરાર, કોન્ટ્રાક્ટ, વેચાણ, ગીરો, કબજો, ભેટ, લીઝ, લીઅન, ચાર્જ, ટ્રસ્ટ, જાળવણી, ઈઝમેન્ટ અથવા બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને રૂસ્તમ બિલ્ડિંગ, ૧લો માળ, ૨૯, વીર નરીમન રોડ, ફોર્ટ, મુંબઈ-૨૩ ખાતે તેમની ઓફિસ ધરાવનારને આ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા દાવાને ત્યજી દિધેલ તરીકે ગણાશે.

આજ તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૬.

સહી/-
**મે. પરિમલ કે. શ્રોફ & કું. માટે, પ્રોપરાઈટર**
એડવોકેટ્સ, સોલીસિટર્સ & નોટરી
રૂસ્તમ બિલ્ડિંગ, ૧લો માળ,
૨૯, વીર નરીમન રોડ,
ફોર્ટ, મુંબઈ-૪૦૦ ૦૨૩.

## મોદી-મેક્રોન સમિટ

# દક્ષિણ મુંબઈમાં રસ્તા બંધ કરાતાં ભારે ટ્રાફિક જૅમ

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન વચ્ચે મુંબઈમાં મંત્રણા યોજાવાની હોવાથી દક્ષિણ મુંબઈમાં મંગળવારે કેટલાક માર્ગો બંધ કરવામાં આવ્યા હતા, જેને કારણે અમુક સ્થળે ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાઈ હતી.

ગેટવે ઓફ ઇન્ડિયા ખાતે યોજાયેલા ઇન્ડિયા-ફ્રાન્સ યર ઓફ ઇનોવેશન (આઇએફવાયઆઇ), ૨૦૨૬ હેઠળના કાર્યક્રમ માટે ટ્રાફિક પોલીસ દ્વારા મંગળવારે બપોરના બે વાગ્યાથી રાતે નવ વાગ્યા સુધી ડાયવર્ઝન તથા અન્ય વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્યામા પ્રસાદ મુખર્જી ચોકના જંકશનથી સીએસએમટી માર્ગનો વિસ્તાર બંને દિશામાં જતા ઇમર્જન્સી વાહનો સિવાય તમામ પ્રકારના વાહનો માટે બંધ કરી દેવામાં આવ્યો હતો. આને કારણે અમુક સ્થળે થોડા સમય માટે ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાતાં વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી.■

## મેક્રોનનું મરીન ડ્રાઈવ પર જોગિંગઃ ૨૬/૧૧ હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી

મુંબઈઃ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન મંગળવારે વહેલી સવારે મુંબઈ આવી પહોંચ્યા હતા. મેક્રોને દિવસની શરૂઆત મરીન ડ્રાઇવ પ્રોમેનેડ પર જોગિંગ કર્યું હતું. તેમની સાથે તેમના સુરક્ષા કર્મચારીઓ પણ હતા. મુંબઈ પોલીસે પણ આસપાસના વિસ્તારમાં કડક સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખી હતી.

તેમણે અને ફર્સ્ટ લેડી બ્રિજિટ મેક્રોને બાદમાં દક્ષિણ મુંબઈમાં તાજમહેલ પેલેસ હોટેલમાં નવેમ્બર ૨૦૦૮માં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

ફ્રાન્સના રાષ્ટ્રપતિ દક્ષિણ મુંબઈના લોકભવન ખાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા, જ્યાં બંને નેતાઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરી. મુંબઈ મુલાકાત દરમિયાન મોદી અને મેક્રોનની ચર્ચાઓ વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા અને તેમને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વધુ વૈવિધ્યસભર બનાવવા પર કેન્દ્રિત રહેશે. બંને નેતાઓ મહત્વના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે. તેઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક

(જુઓ પાનું ૪) ▸▸

# ભારત ગ્લોબલ સાઉથનો વિશ્વસનીય અવાજ બની રહ્યું છેઃ મોદી


મુંબઈમાં વડા પ્રધાન મોદી પધારતા ફડણવીસ-શિંદેએ તેમનું સ્વાગત કર્યું હતું.

મુંબઈઃવડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારત વૈશ્વિક વાતચીતોની દિશા નક્કી કરે છે અને વધુ સંતુલિત અને સમાવિષ્ટ વિશ્વ વ્યવસ્થામાં યોગદાન આપતો ગ્લોબલ સાઉથનો એક આત્મવિશ્વાસુ અને વિશ્વસનીય અવાજ બની ગયો છે.

વિદેશ મંત્રાલય અને મહારાષ્ટ્ર સરકારની ભાગીદારીમાં ફ્યુચર ઇકોનોમિક કોઓપરેશન કાઉન્સિલ દ્વારા આયોજિત 'ગ્લોબલ ઇકોનોમિક કોઓપરેશન ૨૦૨૬' કાર્યક્રમમાં પોતાના લેખિત સંબોધનમાં મોદીએ કહ્યું કે, અનિશ્ચિત સમયમાં વિશ્વ સ્થિર નેતૃત્વની શોધમાં છે, ત્યારે ભારત આશાના કિરણ તરીકે ઉભું છે.

તેમણે કહ્યું કે, દેશ ઉચ્ચ વૃદ્ધિ અને નીચા ફુગાવાના દુર્લભ સંતુલનને ટકાવી રાખતા વૈશ્વિક પડકારો માટે વ્યવહારુ, સ્કેલેબલ ઉકેલો આપી રહ્યો છે.

આ યુગના નિર્ણાયક પડકારોમાંનો એક છે કોઈને પાછળ ન છોડીને લાભોને મહત્તમ લોકો સુધી પહોંચાડવું. ભારતે વિશ્વ કક્ષાના ડિજિટલ જાહેર માળખા દ્વારા આ પડકારને વાસ્તવિકતામાં પરિવર્તિત કર્યું, જે સુનિશ્ચિત કરે છે કે કલ્યાણકારી લાભો નાગરિકો સુધી એક જ ક્લિક, પારદર્શિતા અને જવાબદારી સાથે પહોંચે, એમ મોદીએ

(જુઓ પાનું ૪) ▸▸

## ભારત મજબૂતીથી વૈશ્વિક ભાગીદારો સાથે જોડાઈ રહ્યું છેઃ જયશંકર

મુંબઈઃ વિદેશ પ્રધાન એસ. જયશંકરે મંગળવારે તાજેતરના વેપાર સોદાઓને ટાંકીને જણાવ્યું હતું કે ભારત આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે મજબૂત રીતે જોડાઈ રહ્યું છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે 'સુધારણા એક્સપ્રેસ' આગળ વધશે.

અહીં ગ્લોબલ ઇકોનોમિક કોઓપરેશન કોન્ફરન્સમાં બોલતા જયશંકરે એમ પણ કહ્યું કે વિશ્વ ઉત્પાદન, નાણાકીય સહાય, બજાર હિસ્સાના ઉપયોગ અને નિકાસ નિયંત્રણોને કડક બનાવવાનું સાક્ષી બની રહ્યું છે. આ બધા ઉપરાંત દ્વિપક્ષીય ટેરિફ લાગુ થવાને કારણે માગ પર અનિશ્ચિતતાઓ છે, એમ તેમણે નોંધ્યું.

(જુઓ પાનું ૪) ▸▸

# અંધેરીમાં બિલ્ડિંગના ચોથા માળેથી પટકાયેલા મ્યુચ્યુઅલ ફંડ કંપનીના વરિષ્ઠ અધિકારીનું મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એક અગ્રણી મ્યુચ્યુઅલ ફંડ કંપનીના વરિષ્ઠ અધિકારીનું બિલ્ડિંગના ચોથા માળેથી નીચે પટકાવાથી મૃત્યુ થયું હોવાની ઘટના અંધેરી પૂર્વમાં બની હતી. ત્રીજા માળના છજા પર પડેલું એટીએમ કાર્ડ કાઢવાના પ્રયાસમાં સંતુલન ગુમાવવાથી અધિકારી પડી ગયો હોવાનું પોલીસને પ્રથમદર્શી જણાય છે.

અંધેરી પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર ઉમેશ મચ્છિન્દરે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મૃતકની ઓળખ

(જુઓ પાનું ૪) ▸▸

## રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર

# થોડી ક્ષણ માટે માસ્ક કાઢ્યું એમાં શૂટરનો ચહેરો સીસીટીવીમાં સ્પષ્ટ ઝડપાઈ ગયો

## યુપી-હરિયાણાથી પકડાયેલા અને પુણેથી ધરપકડ કરાયેલા આરોપીઓની પોલીસ સાથે પૂછપરછ કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર કરનારા શૂટર દીપક રમેશચંદ્ર શર્માએ પોતાની ઓળખ છુપાવવા ઘણી સાવચેતી રાખી હતી, પરંતુ એક સ્થળે થોડી ક્ષણ માટે માસ્ક કાઢ્યું એમાં તેનો ચહેરો સીસીટીવી કૅમેરામાં સ્પષ્ટ ઝડપાઈ ગયો હતો. એ ફૂટેજની મદદથી જ પોલીસ શૂટર સુધી પહોંચી શકી હતી. બીજી બાજુ, પુરાવા સબળ બનાવવા પોલીસ આ કેસમાં અગાઉ પુણેથી ધરપકડ કરાયેલા પાંચ આરોપી અને રવિવારે ઉત્તર પ્રદેશ-હરિયાણાથી પકડાયેલા સાત આરોપીની સાથે પૂછપરછ કરવા માગે છે.

પોલીસના જણાવ્યા મુજબ શેટ્ટી ટાવર પર ગોળીબાર કરનારા આરોપી દીપક શર્માએ તેના ચહેરા પર સતત માસ્ક પહેરી રાખ્યું હતું, જેથી તેની ઓળખ છતી ન થાય. સીસીટીવી કૅમેરામાં પણ તેનો ચહેરો કેદ ન થાય તેની તકેદારી તેણે રાખી હતી. ગોળીબારની ઘટના બાદ આરોપી જે માર્ગે ફરાર થયો હતો તે દરેક સંભવિત દરેક માર્ગો

(જુઓ પાનું ૪) ▸▸




# ૨,૦૦૦ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સમાંથી બાંધકામનો કાટમાળ 'ગાયબ'!!!

મુંબઈઃ મહાનગરપાલિકાની તપાસમાં જાણવા મળ્યું છે કે લગભગ ૨,૦૦૦ પુનર્વિકાસ પ્રોજેક્ટ્સમાંથી ટનબંધ બાંધકામનો કાટમાળ, જે નિયુક્ત નિકાલ સ્થળોએ પહોંચાડવાનો હતો, તે ક્યારેય ત્યાં પહોંચ્યો નથી.

પર્યાવરણવિદોએ જણાવ્યું હતું કે તેમને શંકા છે કે મુંબઈના મેન્ગ્રોવ અને વેટલેન્ડ બેલ્ટ પર અતિક્રમણ કરવા માટે કચરો કથિત રીતે જમીન માફિયાઓને વેચવામાં આવ્યો છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી ત્યારે જાણવા મળ્યું કે શહેરના બિલ્ડરોએ ૨,૦૦૦ થી વધુ પુનર્વિકાસ પ્રોજેક્ટ્સ માટે નિયુક્ત નિકાલ સ્થળો તરીકે સમાન સાત સ્થળોની યાદી આપી હતી. એ સાત જગ્યાઓમાં આટલો બધો કાટમાળ જમા થવાની કોઈ શક્યતા નહોતી, એમ એક જાણકાર અધિકારીએ જણાવ્યું. ત્યારબાદ અમે ડિસેમ્બરમાં તપાસ

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

વઢવાણ શહેર નીવાસી હાલ મુંબઈ ઝાલાવાડી વીસા શ્રીમાળી મૂર્તી પૂજક

**પ્રાર્થના સભા**



જન્મ
૦૬-૦૨-૧૯૪૪

સ્વર્ગવાસ
૧૩-૦૨-૨૦૨૬

**શ્રીમતી રંજનબેન મહાસુખલાલ શાહ**

*જીવન એવું જીવી ગયા, કદી ભુલાય નહીં. વિદાય એવી લીધી કે કદી વિસરાય નહીં.*
*હતું ભર્યું ભર્યું ઘર તમારા સહવાસ થકી, હવે તમારા વિના ખાલીપો સહેવાય નહીં....*

**પ્રાર્થના સભા**

તારીખ: ૧૯-૦૨-૨૦૨૬ ને ગુરુવાર સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
શ્રી માનવ સેવા સંઘ, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૧૯

શોકાતુર પરિવારજનો
**મહાસુખલાલ મણીલાલ શાહ**

પુત્ર - પુત્રવધુ
ધર્મેશ - નીશા, જતીન - શીતલ

દિકરી - જમાઇ
મનીષા વિપુલકુમાર સંઘવી

પૌત્ર-પૌત્રી
પ્રેક્ષા અભિનવકુમાર ગર્ગ, નિહાર અને માહિર જતીન શાહ
વત્સલ - ધ્વની સંઘવી

પર પુત્રો
ક્રિથિવ અને ક્રિદય ગર્ગ

વેવાઈ
જશવંતલાલ નાનાલાલ સંઘવી
શશીકાન્ત તારાચંદ શાહ
પ્રફુલચંદ્ર ચીમનલાલ શાહ

COMFORT VOYAGES · ruby builders

**મણીલાલ હરખચંદ શાહ પરિવાર • હિંમતલાલ તારાચંદ દોશી પરિવાર**

સી પર્લ, (ખીરા ભવન), ૫૦૧, ૫મો માળ, ૫૩૪ એસ. વી. રોડ, ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૦૭
Dharmesh Shah - 98200 80103 | Jatin Shah - 98200 75789
Valet Parking Available

## મોતને મની ગેમ બનાવવાની ધૃષ્ટતા

# અજિત પવારના મૃત્યુ પછી મંજૂર થયેલી ફાઈલનો રેટ ₹ ૪૦ લાખ

મુંબઈઃ લઘુમતી મંત્રાલયની પણ જવાબદારી સંભાળનારા નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું અકસ્માતમાં મૃત્યુ થયું એ જ દિવસે મંત્રાલયમાં લઘુમતી વિભાગને લગતી અનેક ફાઇલોને મંજૂરી આપવામાં આવી હોવાની એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. અજિત પવારના મૃત્યુને કારણે રાજ્ય સરકારે જાહેર કરેલા શોક દરમિયાન લઘુમતી વિભાગે ૭૫ શાળા અને સંસ્થાઓને લઘુમતીનો દરજ્જો આપ્યો હતો. લઘુમતી વિભાગના વરિષ્ઠ અધિકારીઓએ એક વરિષ્ઠ નેતાના કહેવાથી આ પ્રમાણે કરવામાં આવ્યું હોવાનો આરોપ

(જુઓ પાનું ૪) ▸▸

## બારમાના વિદ્યાર્થીનું મૃત્યુ

# કલ્યાણ-ડોંબિવલી પાલિકા થાણે માટે બસ સર્વિસ શરૂ કરશે

થાણેઃ ૧૮ વર્ષના બારમા ધોરણના વિદ્યાર્થી સોહમ કથારે બોર્ડની પરીક્ષા આપવા સવારે ખીચોખીચ ટ્રેનમાં જઈ રહ્યો હતો ત્યારે મુંબ્રા અને કલવા સ્ટેશન વચ્ચે લોકલ ટ્રેનમાંથી પડી જતા મૃત્યુ પામ્યો હતો. આ દુર્ઘટનાના એક અઠવાડિયા પછી કલ્યાણ ડોમ્બિવલી મહાનગરપાલિકા (કેડીએમસી) અને થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન (ટીએમસી)એ રેલવે સ્ટેશનો પર વધતી ભીડ ઓછી કરવા થાણે ,ડોમ્બિવલી અને કલ્યાણ

(જુઓ પાનું ૪) ▸▸






PACKAGE INCLUSIONS :- Economy Class Group Airfare • Luxurious Hotels • શુદ્ધ શાકાહારી / જૈન જમણ. • ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા. • એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રુસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.